

સૂરજમુખી
લીનોકટ · કુ. સુશીલાબેન બધેકા

કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક · સપ્ટેમ્બર · ૧૯૪૦ · અંક ૨૦૧

તંત્રી · રવિશંકર રાવળ
સંપાદક · બચુભાઈ રાવત

કુમાર

સપ્ટેમ્બર ૧૯૪૦

અંક ૨૦૧

અનુક્રમ

ચિત્રો

ચિત્રો પાન ૪૦૪ પછી

કાવ્ય


વાર્તા

લેખો

વિભાગો

કુમાર પ્રત્યેક મહિનાની પંદરમી તારીખે બહાર પડે છે

મુદ્રક - બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક - રવિશંકર રાવળ; કુમારે પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક રૂા. ૬, બ્રહ્મદેશના રૂા. ૬॥, પરદેશના ૧૨ શિ. છૂટક દસ આના; મુંબાઇના ખાસ કૅન્વાસિંગ એજન્ટ અને લહેરપુરના એજન્ટ શિષ્ટ સાહિત્ય ભંડાર પ્રિન્સેસ સ્ટ્રીટ; બીજા એજન્ટો; આર. આર. શેઠની કું. અને રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ



એક કિલ્લાને તોડી પડાતો જોઈને

[અમદાવાદના કિલ્લાનો થોડો ભાગ તોડી પડાતો રસ્તે ચાલતાં રોજ નજરે પડતો એ સામાન્ય લાગતા દૃશ્ય પર રચેલી પાંચ સૉનેટની આ માળામાં મૂકેલા ભાવ અને વિચાર હૃદયસ્પર્શી અને ચિંતનભર્યા છે. લાંબું કાવ્ય, થોડા અજાણ્યા શબ્દો અને કવિતાનું પ્રવાહિત્વ જો કોઈ વાચકને એનો રસ લેતાં વારે તેમ લાગતું હોય તો છેડે આપેલા સહાયક અન્વયની મદદ લીધા પછી તો કાવ્યનો રસાસ્વાદ એ મહેનત એળે નહિ જવા દે. વળી, આ સૉનેટમાળાની રચનામાંના એક કસબ તરફ પણ ધ્યાન ખેંચાએ. દરેક સૉનેટની છેલ્લી લીટી જે શબ્દથી પૂરી કરી છે તે જ શબ્દ વડે નવા સૉનેટની પહેલી લીટી શરૂ કરીને કથનના પ્રવાહને ઝીલી લીધો છે; અને એ વલણ આગળથી દરેક સૉનેટમાં એ શબ્દ વડે નવો વિચાર શરૂ કરીને કાવ્ય આગળ લીધું છે. આમ આખી માળામાં એક સળંગ દોરો પરોવાઈ રહે છે. —બ.]

૧

અહીં નથી મુહૂર્ત, મંગલપ્રદીપ ના, ધૂપ ના,
ન કુંકુમ, ન પુષ્પ, સ્વસ્તિક નથી, નથી અર્ચના,
પુરોહિત ન મૌલવી, ન અહીં મંગલપ્રાર્થી કો,
ન શિલ્પગુરુ કો. નથી અગણ્ય સંઘ તજ્જ્ઞોતણો,
નહીં બૃહદ યોજના, ઢગ નહીં સરંજામના;
અહો બદનસીબ કોટ! તુજ આજ ઉત્ખાતને
સમે અહીં નથી જ કોઈ કશું જે હતું ત્યાં તદા
યદા પ્રથમ તારી ઈંટ અહિંયાં મુકાઈ મુદા.

મજૂર અહીં પાંચસાત ત્રણકોશકોદાળી લૈ
મથે, પરમ જીર્ણ તો ય હજી વક્ષ તારે દૃઢે
ઝીલે સતત ઘા ઉસાસભર ખિન્ન અંગાંગમાં.
જરા ખણણ, ધૂળગોટ, ગબડે તુટેલી ઈંટો,
અને ઢગ બની ઢળે યુગયુગો ઉભેલી કથા;
પસાર સહુ થાય ત્યાંથી, નહિ આજ કોને વ્યથા.

૨

વ્યથા અહીં નથી, તથા તવ નથી હવાં કોઈને:
પુરાતન સમે ભલે તવ પ્રશસ્ત કાયા પરે
હર્યાં અયુત નેણ ને અયુત અંતરોની દુવા,
નિહાળી તુજ દુર્ગ રૂપ જન શ્વસ્ત સૌ પોઢતાં;
પુરાતન સમે ભલે અચળ દીર્ઘ દુર્ધર્ષ તું
ખડો અરિદળોની સંમુખ અભેદ્ય ઉત્તુંગ તું,
બની કમઠ ઢાલ વજ્ર વિદારી પાછાં કર્યાં,
પ્રરક્ષક તું ચંડ આ નગરશ્રીતણો દિગ્ગજ!

હવાં નથી તું, દુર્ગ! દુર્ગમ, અભેદ્ય, ઉત્તુંગ ના;
તને ટપી જતાં અહીં ત્રણ બદામનાં મ્હેલડાં,
ઝટોઝટ ઉંચાંઉંચાં શિર કરી વિહાસે તને,
ખણે શુકર શ્વાન ગર્દભ લલાટ તારું ખરે.

શી ચંચલ દશા! કશી ન'તી કરામતોની કમી,
કૃતાંતતણી કુચને પણ શકી ન એકે કમી.

૩

અતિક્રમી શક્યું નહીં કદમ કાળનાં કોઇ, સૌ
અનુક્રમી રહ્યું કૃતાંતપગલી, પૃથુ પંથ પે
ધરારથ ધસે, હવાં બૃહદ ઉચ્ચ અભ્રંકષ
બને ક્ષણ પછી લઘુ અવચ ને ધરાશાયી તે.
અહો સફર શી અપૂર્વ, અતિકાય હે દુર્ગ, તેં
નિહાળી નજરે મનુષ્ય લઘુકાયની, વામણો
ધરા ઉપર શું ટગૂમગુ પળંત જંતુ સમો
ધસે ગગન આંબતો ગરુડ, માતરિશ્વા શું વા!

હવે અચળ દુર્ગના દિન ગયા, ગયા તે દિનો
ચઢી બુરજગોખ ધૂમ ધમસાણના ખેલના,
ગયા ભુજબળોતણા, પ્રખર દ્વંદ્વના, ટેકના.
હવે અસિ ન, અશ્વ, ચાપ, નહિ તોપ બંદૂક, ના
કશું ય અહીં કામયાબ, તહીં જીર્ણ ને વૃદ્ધ હે,
તને નહિ નભાવશે જગ જિગીષણાક્ષુબ્ધ આ!

૪

જિગીષુ જગ ક્ષુબ્ધ આજ, નહિ પાજ એકે કયહીં,
અફાટ મદક્ષોભસાગર વિષે ન નૌકા કયહીં,
યુગોયુગ ટકી તું અંતર ટકાવી રાખ્યે ગયો,
હવે તું ય તુટે, પછી કશું જ એવું જે ના તુટે?

મથી મથી મનુષ્યજાત રચી દુર્ગ તું શા શકી,
ખરે પણ ત્યહીં ન આશ ટકવાની ના ના ટકી.
થતા સુગમ દુર્ગ, દુર્ગરચના હવે ક્યાં હવી?
જળો મહીં, હવા મહીં, ગગન માંહિ, અંત્રિક્ષમાં?

અહો ધસમસે મનુષ્યઉરની જિગીષા-ક્ષુધા,
રચે અશનિશસ્ત્રઅસ્ત્ર દુરજેય અન્યોન્યથી.
પ્રચંડ પણ હાથ હેઠ પડતા, ઉરો થંભતાં,
અજેય કંઇ આજ તે અતિ સુજેય કાલે થતું.

જયાજય તણાં અહા વિકૃત ઘોર આ દંગલો,
બધા જય પરાજયો, સકળ મંગલો જંગલો.

૫

બધા જય પરાજયો? સકળ મંગલો જંગલ?
નહીં. જહીં લગી હજી પરમ સત્ય ના જીતશે
તહીં લગ અહીં અઘોર ધમસાણ રૂહેશે મચી,
અને ધરતી હા સદા રુધિર-પંક રૂહેશે પચી.

તું યે અડગ દુર્ગ આજ ડગતો, ડગાવે તને
કયું પરમ સત્ય? શું, અચળ દુર્ગ તો તે જ જે
રચાય મનુઅંતરે વિમલ સત્યસંધાનનો
સમસ્ત જગને અમોઘ પ્રણયેથી સંરક્ષતો?

સુદૂર અહ સ્વપ્ન! રમ્ય અભિરામ માંગલ્ય શું!
ઉડે ઉડતી ધૂળમાં મધુર ઝાંય એ ભાવિની.
તું આ ખરતી કાંકરી મહીં ખરે નિરાશા બધી,
અને ચડતી આશ ઊર્ધ્વ ગગને સુદુર્ગા બની.

ભલે અહીં ન ધૂપ દીપ ફુલમાળ ના અર્ચના,
છતાં અહીં ધુળેટીમાં નવવસંત–આરાધના.

સુન્દરમ્

તારી પહેલી ઈંટ અહીં મુકાઇ ત્યારે ધૂપદીપ વગેરે તથા પુરોહિત શિલ્પી આદિ જે કાંઇ હતું તે આજ આ ખોદાણ વેળા નથી; છે માત્ર તારા હૈયા પર ઘા ઝીકયે જતા મજૂરો; યુગોથી ઊભેલી કથા અહીં ઢળીને ઢગલો થતી જાય છે તેની કોઈ પસાર થનારને વ્યથા પણ નથી.

વ્યથા નથી, પરવા પણ નથી; શાં તારાં પ્રાચીન કાળનાં રૂપ-શક્તિ! નગરશ્રીના પ્રચંડ દુર્ગમ દિગ્ગજ જેવો તું, તેણે એક કાળે દુશ્મનદળો સામે જે અભેદ્ય ખડા રહીને તેમને પાછા વાળેલાં, તેવો અભેદ્ય ઉત્તુંગ તું આજ નથી. આજ ત્રણ બદામનાં મકાનો તને ટપીને ઊંચાં ગયાં છે, ને કૂતરાં-ગધેડાં તારૂં શિર ખણે છે' શી ચંચળ દશા છે! કરામતની કાંઇ કમી નહોતી, છતાં કાળની કૂચને કોઈ અટકાવી ન શક્યું.

ખરેખર, કાળનાં કદમ કોઈ રોકી નથી શક્યું. તેં જ આ વામન માનવીની કેવી સફર જોઈ છે! એક વખતે જે જમીન પર જંતુ જેવો ટગુ-મગુ કરતો તે આજ આકાશ આંબતો થઇ ગયો છે. અચળ દુર્ગોના એ દિવસો ગયા, લડાઇની એ પદ્ધતિઓ ગઇ; જીત–જીતની ઝંખના કરતું આજનું જગત એ કાંઈ નભાવવાનું નથી.

જીતની એ ઝંખનાને કોઈ જ રૂકાવટ નથી. કિલ્લાને હવે શું કરે? પાણી, હવા, ગગનમાં માણસ પહોંચ્યો. ત્યાં કયાં કિલ્લા રચવા? એ ઝંખના તો આજે એકએકથી દુર્જેય શસ્ત્રાસ્ત્ર યોજી રહી છે; આજ મંગલ ત્યાં કાલ જંગલ થાય છે; આજ જય તે કાલ પરાજય બને છે. આ જયના પરાજય અને મંગલનાં જંગલ શું સદા ચાલ્યા જ કરશે? તારા જેવો-અડગ દુર્ગ પણ આજ શાથી ડગે છે? શું જગતને પ્રેમના બળથી રક્ષતો વિમલ સત્યસંધાનનો દુર્ગ જ્યાં સુધી માણસના હૃદયે નહિ રચાય ત્યાં સુધી આ ધમસાણ ચાલ્યા જ કરવાનું? એ રમ્ય સ્વપ્ન દૂર છે; છતાં આ ઊડતી ધૂળમાં એ મધુર ભાવિની ઝાંખી થાય છે. આ ખરતી કાંકરીઓ સાથે તું નિરાશા ખેરવી નાખે છે. ને આશા સુદુર્ગા બનીને ગગનમાં ઊંચે ચડે છે. ભલે આજ અહીં ધૂપદીપની સામગ્રી નથી; પણ આ ધુળેટીમાં જ એ નવવસંતની આરાધના છે.

ए झूंपडीना वांदरा

गांधीजीनी कुटिरनो परिचय

પૂ. બાપુજીની ઓરડીમાં કોઈ કાળે સાજશૃંગાર મળે નહિ. (ગામડાનો ગરીબ માણસ જે ઢબે રહી શકે છે એ ઢબે જ તેઓ રહે છે.) દક્ષિણ આફ્રિકામાં હતા અને બૅરિસ્ટરી ચલાવતા હતા ત્યારે એમનો ઓરડો કેવો હશે એ આપણે જાણતા નથી. પણ રેવરંડ ડૉકે 'An Indian Patriot in South Africa' નામની ચોપડીમાં એનો કંઈક ખ્યાલ આપ્યો છે. એ વાંચતાં એમ જ થાય છે કે સંસ્કારસંપન્ન જ નહિ પણ સંસ્કારસમૃદ્ધ અને સૌજન્યરસિક બાપુજીના જીવનમાં સાજ-શૃંગારને સ્થાન નથી.

વિલાયતમાં એકવાર કોઈ સલૂની હજામે બાપુજીને છેતર્યા હશે; અને માલિશના દ્રવ્યની એક બાટલીના દસવીસ રૂપિયા પડાવ્યા હશે! પોતાની આ ભૂલના સ્મારક તરીકે બાપુજીએ એ શીશી લાંબા વખત સુધી પોતાના ટેબલ ઉપર મૂકી રાખી હતી. એમને મળવા આવનાર લોકોને શી રીતે ખબર પડે કે, અર્થવિહીન એ શીશીમાં બાપુજી માટે કેટલો અર્થ સમાયો હતો!?

આજકાલ સેવાગ્રામમાં બાપુજી રહે છે, એ માટીની ઝૂંપડી શ્રી મીરાંબહેને પોતાને માટે બનાવી હતી. મીરાંબહેન એટલે જાણે યુરપની પ્રખ્યાત રખડુ જિપ્સી જાતિના પ્રતિનિધિ. મીરાંબહેને એ માટીની દીવાલ પર માટીના ગારાથી એક ઠેકાણે મોર બનાવ્યો છે. બીજે ઠેકાણે સેવાગ્રામમાં ચારે કોર જડતાં ખજૂરીનાં ઝાડ ઊભાં કર્યાં છે. ધ્યાન માટે ૐકાર અને કર્મ માટે રેંટિયો તો હોય જ. એવી એ ઓરડીમાં એક ખંડ બેસવા માટે. એની આગળપાછળની વાંસની પડદી પાછળ એમના મંત્રીઓ માંડ બેસી શકે છે. એક ખૂણો પેશાબ-પાણીની સગવડ ખાતર અને ઉત્તર તરફ એક ખુલ્લો ઓટલો, એવી એ ઝૂંપડી છે. જ્યાં બાપુજી બેસે છે ત્યાં ઘાસની ચટાઈવાળો એક પંખો ટિંગાડેલો છે. એ એટલો સાદો અને અગવડભર્યો છે કે એ નાનકડી ઝૂંપડીમાં પણ એ વૈભવ જેવો લાગતો નથી. પાસે જ ચોપડીઓ ખડકવાની એક બે નાની નાની ઘોડીઓ છે. અંદરની ચોપડીઓ એવી દેખાય છે કે જાણે કહેતી હોય કે આવડા મોટા મહાત્મા જો આવી ગરીબડી ઝૂંપડીમાં રહી શકતા હોય તો અમે અમારો જ્ઞાનભંડાર લઈને આવી દેવદારી ધર્મશાળામાં કેમ ન રહીએ.


દીવાલ ઉપર આજકાલ એક નવી વાત દેખાઆ આવે છે. કોઈ સારું વચન જડે એટલે એ સારે હાથે લખાવી બાપુજી દીવાલ ઉપર ઊંચે ટિંગાડી રાખે છે. એક વખતે એક અંગ્રેજી વચન મેં જોયું જેનો ભાવ એ હતો કે મિજાજ કાબૂમાં રાખો. જો તમારી વાત સાચી હોય તો મિજાજ ખોવાનું કારણ નથી. ધીરજ રાખે પોસાય. અને જો તમારી વાત શંકાસ્પદ હોય તો મિજાજ ખોયે શી રીતે પોસાય? ધીરજ ધરવામાં જ ડહાપણ છે.

હમણાંહમણાં એ ઠેકાણે એક બીજું વચન વિરાજમાન છે, જેમાં સાચું બોલતાં પણ જીવનમાં અસત્ય કેટલી સૂક્ષ્મ રીતે પેસી શકે છે એ તરફ વાંચનારનું ધ્યાન ખેંચ્યું છે. કોકવાર મૌનથી પણ જૂઠ બોલી શકાય છે. વાક્ય ઉચ્ચારતી વખતે આંખના પલકારા દ્વારા તથા અવાજની ખૂબીઓ દ્વારા, પણ જૂઠ બોલી શકાય છે. અસત્યથી બચવું હોય તો કેટલી જાગૃતિ જોઈએ છે એ એ વાક્યમાં સ્પષ્ટ કર્યું છે.'

એકવાર પૂ. બાપુજી મુંબઈમાં 'મણિભુવન'-માં રહ્યા હતા. આસપાસ અનેક પ્રકારના કાગળ



કોઈનું બૂરૂં સાંભળો નહિ, કોઇનું બૂરૂં જુઓ નહિ, કોઈનું બૂરૂં બોલો નહિ, એ બોધ આપતા વાંદરાઓનું આ ચીની રમકડું સદા ગાંધીજીની સાથે રહે છે.



સેવાગ્રામમાં ગાંધીજીની ઝૂંપડી (પ્રજાબંધુના સૌજન્યથી)

પથરાયા હતા. અને એમાં જ અસંખ્ય પ્રકારના લોકો બાપુજીની મુલાકાતે આવી પ્રેરણા અને સૂચનાઓ લઈ જતા હતા. ત્યાં મુંબઈના એક નાગર (Polished) બહેન આવીને બાપુજીને કહે, 'બાપુજી આપની ઓરડીમાં આ કેટલી બધી અવ્યવસ્થા છે? આપના સેક્રેટરીઓ આ બધું વ્યવસ્થિત કેમ નહિ ગોઠવતા હોય?' બાપુજીએ કહ્યું, 'કોઈ લશ્કરના સેનાપતિનો તંબૂ તમે જોયો હોત તો તમને આમ ન લાગત. કામગરા માણસનું આમ જ હોય છે.' આવો જ કંઈક જવાબ આપી બાપુજીએ પતાવી દીધું.

આજે પણ બાપુજીની ઓરડીની એ જ દશા છે. બપોરે થોડો વખત પેટ અુપર ભીની માટીનો પાટો રાખી સૂઈ જાય છે ત્યારે પણ એમ જ દેખાય છે કે અક્ષૌહિણી સેનાનો આ સેનાપતિ કામ વચ્ચે એક ક્ષણની નીંદર લઈ રહ્યો છે. એ અહીં એકલો છે. કોઈ વિરક્ત કુટીચક સંન્યાસીની પેઠે વખત વિતાડે છે, પણ એની ફોજ તો આખા વિશ્વમાં અસંસ્કૃતિ સામે લડી રહી છે.

બાપુજીની આસપાસ જે કાગળિયાં પથરાએલાં હોય છે તે કોઈ રમતિયાળ પવન અુડાવીને રમવા ન લઈ જાય એટલા માટે કેટલાક પ્રાકૃતિક વાંકાચૂકા પણ આકર્ષક પથરાઓ ત્યાં મૂકેલા હોય છે. એમની વચ્ચે હમણાં હમણાં ત્રણ વાંદરાનું એક ચીની માટીનું રમકડું પણ વિરાજમાન થયું છે. એ એટલું નાનું છે કે કોઈનું ખાસ ધ્યાન ખેંચતું નથી. એમાં કોઈ ખાસ એવી કળા પણ નથી જે કોઈ ચમત્કૃતિ અુપજાવે. ત્રણ વાંદરાનું રમકડું અનેક ઠેકાણે જોવાને મળે છે. એક વાંદરૂં પોતાના હાથ વતી પોતાની આંખો બંધ કરે છે. બીજું પોતાના કાન પર હાથ મૂકી દે છે અને ત્રીજું બન્ને હાથ વડે હોઠ દબાવી મોઢું બંધ રાખે છે. આવાં રમકડાં અને એમનો પ્રખ્યાત બોધ બધાંને પરિચિત છે.

મને થયું કે કોઈ બાળકે પોતાના બાળહેતથી બાપુજીને આ રમકડું ભેટ આપ્યું હશે અને બાપુજીએ એને રાજી રાખવા ખાતર એ પોતાના ભુકશેલ્ફ પર રહેવા દીધું હશે.

પણ બાપુજી કહે કે એવું નથી. આ તો મેં મને જાગૃત રાખવા માટે નજર આગળ રાખ્યું છે. ભૂંડું કશું જુઓ નહિ, ભૂંડું સાંભળો નહિ અને ભૂંડું બોલો નહિ એ બોધ હમેશ યાદ રાખવા માટે જ આ અહીં રાખ્યું છે. બે દિવસની મુસાફરીએ જાઉં તોયે આ ત્રણ વાંદરાઓને સાથે લઈ જાઉં છું; અને તેઓ એ કીમતી અુપદેશ આપતા રહે છે.

જ્યારે જ્યારે હું બાપુજીને મળવા જાઉં છું ત્યારે ત્યારે ચીની માટીના એ ત્રણ ધોળા વાંદરાઓને જોઉં છું, પણ તેમણે મને અુપરના જેવો બોધ આપ્યાનું સ્મરણ નથી. મારે મન એ મામૂલી રમકડાંના વાંદરા હતા. તેઓ તો મહાત્માઓ સાથે જ બોલે. મારી અુપર એમની નજર પડતાં જ એક વાંદરાએ વિચાર્યું હશે કે આ પામરને જોઈને લાભ શો? અને એણે આંખો બંધ કરી હશે. બીજા વાંદરાએ સંકલ્પ કર્યો હશે કે આ બેવકૂફની લવરી સાંભળવી નથી. ત્રીજા વાંદરાએ ડહાપણ વાપરી નિશ્ચય કર્યો હશે કે આ પ્રમાદીને કોઈ પણ અુપદેશ કરવામાં સાર નથી.

(અનુસંધાન આગળ પાન ૪૧૬ના છેડે)



પ્રકરણ બીજું · ખાનગી વર્ગ

મગન માસ્તરને આ નવા આવેલા વિદ્યાર્થીને લીધે મગજ પર કાંઇક ભાર લાગ્યા કરતો હતો. એક તો એણે એ દિવસે વર્ગનું કામ છિન્નભિન્ન કરી નાખેલું એ એમને યાદ આવ્યા કરતું. ઉપરાંત એણે દોડતા જઇને આંદામાન બતાવી દીધું એ એમને એક રીતે કહીએ તો ગમ્યું ન હતું. પોતે ભણાવતાં પહેલાં જ આ તો હોશિયાર થઈ બેઠો હતો! પોતાની ભણાવવાની શક્તિનો લાભ લીધા વગર, બીજા વિષયો-નું તો ઠીક પણ ભૂગોળ તો આ ભૂમિ પર કોઇને આવડે જ નહિ એવા એમના ફાંકાનું પછી શું? પણ સૌથી મોટી વાત તો એમને એ લાગતી હતી કે આ અઠ-વાડિયા પછી અઠવાડિયાં જવા માંડ્યાં, છતાં ગોપાલનો મોટો ભાઇ તો એ દિવસે નામ લખાવીને ગયો તે ગયો, પાછો મોઢું બતાવવા પણ આવ્યો નહિ. 'નામધલામણ'-નું પોતાને કાંઇ જ નહિ મળે કે શું એ દહેશત એમની વધતી ગઇ.

ગામડાના વાણિયાઓ થોડુંક લેણું વસૂલ કરવાનું બાકી હોય તો તેની ઉઘરાણી કરવાને બદલે ઉપરથી બીજી વધારે ધીરધાર કરે છે, જેથી પાછલા કરજની સાથે આગલું પણ સહેલાઇથી વસૂલ કરી શકાય. મગન માસ્તરે પણ કાંઇક એવું જ કર્યું.

'ગામડાની નિશાળના માસ્તરો તે બગાસાં ખાય છે કે શું?' એક દિવસ એમણે રિસેસ પછી ગોપાલને પોતે સૂતા હતા ત્યાં બોલાવીને ઊઠતાં ઊઠતાં મોટું બગાસું ખાઇને કહ્યું. 'આવા કાચા ભણતરે તારૂં કેમ ચાલશે? ચોથામાં બે વરસ થશે. તારા ભાઇને કહેજે કે રોજ સવારે અહીં ખાનગીમાં ભણવા મોકલે. પછી કહેશે કે કીધું નો'તું.'

ચોથામાં બે વરસ થાય એ ખ્યાલે જ ગોપાલને કમકમાં આવી ગયાં. ત્યાં ગામડે હોત ને થાત તો તો સમજ્યા કે ઠીક હતું. પણ અહીં હવે પેલી પોણા કલાકની રિસેસ વાળી અંગ્રેજી નિશાળને ઉંબરે આવીને હજી એક આખું વરસ તપસ્યા કરવી પડે એ તે કેમ વેઠાય!

એણે બિંદુમલને વાત કરી. ચોથા ધોરણના સૌ વિદ્યાર્થીઓને આ સવારનો ખાનગી વર્ગ ભરવો પડતો અને એમનાં માબાપોને પૈસા ભરવા પડતા. એક બિંદુ-મલને આ બાબતમાં છુટ્ટી હતી, કેમકે એના પૈસા મળે એવી મગન માસ્તરને આશા ન હતી. માબાપ વગરનો બાળક હતો એટલે ક્યાંથી લાવીને કાંઇ આપે, એ કારણે જ નહિ. શિક્ષકો એ રીતે નુકશાની વેઠે એવા હોતા નથી. કાંઈ ને કાંઈ તો ક્યાંકથી એ કઢાવે જ. પણ આ બિંદુની તો બાબત જ જુદી હતી. કેળવણી ખાતાના 'ડિપોટી' સાહેબ ગામડાંમાં પરીક્ષાઓ લેવા ગએલા ને ત્યાં માબાપ વગરના આ ગોરમટા મોઢાના ચાલાક છોકરાને જોઇ ભણવા માટે અહીં લઈ આવેલા. બોર્ડિંગ-માં માફીની વ્યવસ્થા કરી આપી હતી ને વરસે દહાડે ચોપડીકપડાંનો વેત પણ કરી આપતા. ઉપરી અમલ-દારે મૂકેલો વિદ્યાર્થી, એટલે ઊલટું સામેથી મગન માસ્તરને બે ગળ્યા શબ્દ ખોટાખોટા પણ વાપરવા પડતા: 'તે, બિંદુ, તું યે સવારે સવારે આવતો જાને. પાકું થશે.' અને બિંદુ કશો વિચાર કરે ન કરે ત્યાં તો તમાકુ થૂંકી નીચલા હોઠ હેઠળ કૂચો જીભે દબાવતા દબાવતા કહેશે, 'તારે શી જરૂર છે, ભાઈ? વર્ગમાં હું બોલું એટલા શબ્દેશબ્દ વીણી લે પછી વધારેની શી જરૂર રહે? અમસ્થા ડેપ્યુટી સાહેબ હાથ ઝાલીને લઈ આવ્યા હશે!'

મગન માસ્તર જુએ છે તો સવારના ખાનગી વર્ગમાં ગોપાલ તો આવ્યો જ છે, પણ બિંદુમલે આવીને બધાની ભેગો બેઠો છે. પોતે કંઈ પૂછે એ પહેલાં જ બિંદુએ ધીમે રહીને કહી દીધું: 'સાહેબ, તમે કહ્યા કરો છો ત્યારે મને થયું કે પરીક્ષાના થોડા મહિના જ રહ્યા છે તો લાવ હું પણ જાઉં. રખેને આ ગોપાલ મારાથી આગળ વધી જાય.'

ગોપાલને ગિંદુના શબ્દોથી ખોટું લાગે એમ હતું જ નહિ, કેમકે ગિંદુના મોઢામાંથી શાં ફૂલ ખરવાનાં છે એ તો અગાઉથી જ જાણતો હતો. ગિંદુમલે પૂછપરછ કરી જોઇને જાણી લીધું હતું કે પૈસા આપી શકાય એવી સ્થિતિ છે કે નહિ. એણે જોયું કે ગોપાલ માટે એના કાકા એટલા પૈસા ફાજલ પાડે એમ હતું નહિ. ઉપરાંત, ધારો કે કાકા પૈસા આપે, તો યે નારાયણના હાથમાંથી પાઇ પણ ઝટ છૂટી ન શકે એની ગિંદુને કયાં જાણ ન હતી? જોકે ખરી વાત તો એ હતી કે નારાયણ પાસેથી રૂપિયોરડો મગન માસ્તરને પ્રસન્ન કરવા માટે મેળવી શકાય તોપણ તેનો સદુપયોગ કરનારા પોતે શા ખોટા હતા તે માસ્તરને આપી દઇએ, એવો પણ ગિંદુમલનો વિચાર ખરો! નારાયણ પાસેથી રૂપિયો પડાવી શકાશે કે કેમ તેની તેણે તપાસ કરી જોઇ. ગાડાના પૈડા જેવડો મોટોમસ રૂપિયો મળે તો તો ચોથી ચોપડી ભણી ઊતર્યાનાં હનુમાન આગળ એકએક નારીએળ મજાનાં વધેરી શકાય અને જબરજસ્તખાં, દયાળસિંહ વગેરેને એક વખત તો યાદ રહી જાય એવી ઉજાણી પણ આપી શકાય. પણ ગિંદુનાં ને ગોપાલનાં એ સ્વપ્નાં મનનાં ને મનમાં જ રહી ગયાં, કેમકે મોટાભાઇએ ટૂંકમાં એટલું જ કહ્યું કે 'હું કયાં ભણાવું એવો બેઠો નથી તે માસ્તર પાસે મોકલું?'

છતાં ખાનગી વર્ગમાં ગયા વગર તો છૂટકો જ ન હતો. ગોપાલ હજુ નહોતો જાણતો, પણ ગિંદુને તો મગન માસ્તરના નેતરના સોટાની પૂરી જાણ હતી. 'થઇ રહેશે પછીથી, પૈસાનું તો. પાસ થયે એમનું મન રાજી કરજો, કરવું હોય તો. અને બોર્ડિંગના છોકરાઓ પાસેથી કયાં એ કશી આશા પણ રાખે છે?' કહી ગિંદુએ મોટાભાઇ પાસેથી રજા મેળવી હતી. પછી પોતે પણ ગોપાલની સાથે ગયો. એને ખાતરી હતી કે મગન માસ્તર પોતાને જોઇ મનમાં ખાજવાના જ કે આ તો એકને બોલાવતાં બીજાની વેઠ વળગી. પણ એમાં કોઇ કાંઈ કસ કાઢી જાય એવું હતું કયાં જે? મગન માસ્તર કોને કેટલું ભણાવતા હતા તે તેઓ પોતે તો જાણતા જ હતા. એમને થયું કે છો ગિંદુ પણ આવીને એક ખૂણે બેસતો. પોતાનો સમય તો બધો સ્નાન વગેરે નિત્યકર્મમાં અને પાઠપૂજામાં જતો હતો. માળા કરતાં કરતાં જે બે જણને ધમકાવીને પાઠ વાંચવા કહેતા રહે એ જ.

મહિનાની આખરે નંબર કાઢવામાં આવ્યો ત્યારે ગોપાલને સહેજે પહેલો નંબર મળ્યો. મગન માસ્તર નીચલું જડબું આગળ લાવી હોઠ નીચે તમાકુ દબાવી રાખવા પ્રયત્ન કરતા કરતા બોલ્યા: 'જોયું? ગામડાના ભણતરનો ને અહીંના ભણતરનો આ ફેર છે!' છતાં એમને કંઈ પ્રાપ્તિ તો ન જ થઇ.

એવામાં એક દિવસ ગોપાલ તાવ આવવાને લીધે નિશાળે આવી શકેલો નહિ તેથી બીજે દિવસે એને છેલ્લા બેસવું પડ્યું. ડિકટેશન લખીને તપાસાવવા નીચલા નંબરને આપવાનું હતું. છેલ્લા નંબરે પહેલાને આપવાનું. આજે ગોરધન પહેલો હતો. ગોરધનનો સ્વભાવ જબરદસ્તખાં જેવો ઉદાર નહિ. એને થયું કે આજે ગોપાલ ઠીક હાથમાં આવી ગયો છે. નોટમાં માથું ઊંધું ઘાલીને જોતો ગયો ને પેન્સિલથી મીંડાં ને કાના ઉમેરતો ગયો! મગન માસ્તરે જ્યારે એક પછી એક ભૂલવાળાને નેતરના સોટાનો સ્વાદ ચાખવા બોલાવવા માંડયા ત્યારે ગોપાલ પોતાની જગ્યાએ બેઠોબેઠો અંદરથી સમસમી રહ્યો.

'કેટલી ભૂલ છે?'

'સાત, સાહેબ!'

પાંચ હતી, છતાં ગભરાટમાં ગોપાલથી સાત બોલાઇ ગઇ. મગન માસ્તરે સોટો ઉગામ્યો. તડ! તડ! તડ!

'સાત સાત ભૂલો! ભણવા આવ્યો છે કે રમત કરવા?' મગન માસ્તર બોલતા હતા ને મારતા જતા હતા. સૌ ધાક ખાઇ ગયા. બીજાઓને તો ભૂલ એટલી સોટી મળી હતી. ગોપાલને શા માટે હજી માસ્તર છોડતા ન હતા? માર સહન ન થતાં ગોપાલ ઊભો હતો ત્યાંથી ખસી ગયો.

'એમ? પાછો નાસી જાય છે કે?' કહી મગન માસ્તરે એની પાછળ ડગલાં ભર્યાં. 'જા, જા, નાસી જા! જા, તારા મોટાભાઇ પાસે, જા!' ગોપાલને આ શબ્દો સાંભળી એટલા ભયમાં પણ સમજાઇ ગયું કે આ પ્રસાદી મળે છે તે ભૂલો પડી તેની નથી મળતી, પણ ભણામણ કાંઈ આપ્યું નથી તેની જ લાગે છે. મારમાંથી બચવા એ ટેબલની આસપાસ ફરવા લાગ્યો ને લથડતા લથડતા મગન માસ્તર પણ બેચાર મંગળ એની પાછળ પાછળ ફર્યા! પોતાનો

ગામ પેલા સોનીના છોકરાએ માર પડ્યો ત્યારે નાસી જઈને માસ્તરને પાછળ પાછળ દોડાવી ચોકના હનુમાનની, જિન્દગીભર ચાલે એટલી પ્રદક્ષિણા કરાવી હતી એ દૃશ્ય ગોપાલની આંખ સામે તરવરી રહ્યું. આજે જ તો પોતાને એના અનુભવનો લાભ મળ્યો એ તો કલ્પનામાં પણ ન હતું.

ત્યાં તો 'ઊભો રહે, નહિ તો મારું છું' કહી, મગન માસ્તરે થાકીને છૂટી નેતર ફેંકવાનો ડર બતાવ્યો ત્યારે તેમાંથી બચવા માટે ગોપાલ ટેબલ નીચે ભરાઈ ગયો. પણ એની આંખો ગોરધનની આંખને મળી જતાં અને માસ્તર પણ ખુરશીમાં ગોઠવાતા ગોઠવાતા, પગથી ઠેસ મારવા માંડતાં એનો ગભરાટ વધી ગયો; અને ઊભા થવાનો પ્રયત્ન કરે છે ત્યાં ટેબલ હલમલી ઊઠયું. આંકણી એક તરફ, દફતર બીજી તરફ, તો ખડિયો જતો સીધો મગન માસ્તરના ખોળામાં જ! 'નીકળ, નીકળ, વાંદરા,' કરતા મગન માસ્તર જ ધોતિયું શાહીવાળું થઈ જવાથી બદલવા માટે છેડો ઊંચો પકડી વર્ગ બહાર નીકળી ગયા.


તે દિવસે શાહીવાળું ધોતિયું ધોઇને સાફ કરી લાવવાની સજા ગોપાલને થઇ હતી, ત્યારથી કાંઇક જાતઅક્કલથી ને કાંઇક ગિંદુમલની પ્રેરણાથી એણે મગન માસ્તરનું અંગત ઘરકામ કરવામાં મદદ આપવાનું શરૂ કરી દીધું હતું. ઘરમાં કંઈ ટાંપાંટૈયાં કરવાં અને રસોડામાં માસ્તરાણી બતાવે તે કામ કરવું, એ જ એક મગન માસ્તરનું મન સંપાદન કરવાનો રસ્તો રહ્યો હતો. ભીડ વખતે રસોઈમાં પણ ગોપાલ તો બ્રાહ્મણ હોઈ ઘડીક કામ આવી શકે. પણ કપડાં ધોવાનું કામ જ વિશેષ તો કરવાનું રહેતું. ને ગિંદુમલ એમાં હમેશ સાથે હોય જ. આદમીના કાંડા જેવું જાડું કાથીનું દોરડું ને કપડાં ભરેલી ડોલ લઇને બંને જણા મહોબતખાંની વાડીને કૂવે જઈ નિરાંતે ધોવા મંડી પડતા. સવારનો વખત આ રીતે બંનેનો મજામાં જતો. બોર્ડિંગમાં તો મોટાભાઇની ને પેલા તીખા સુપરિન્ટેન્ડેન્ટની નજર ચુકાવીને એ જણને અરધી ઘડી પણ વાત કરવા ન મળત.

એવામાં મગન માસ્તરને ત્યાં એમનાં દીકરીજમાઇ આવીને થોડા દિવસ રહ્યાં. ગિંદુ અને ગોપાલને હવે શિયાળાની ઠંડીમાં હાથ ઠરીને ઠીંગરું થઇ જાય ત્યાં સુધી ધોવાનું કામ ચાલતું. જે પહેલાં શોખની વસ્તુ હતી તે હવે વેઠ થઈ પડી. ગિંદુમલ અને ગોપાલ ધોતા જાય ને એમાંથી છૂટવાની યુક્તિઓ ગોતતા જાય.

'અમારે ત્યાં તો છોટાલાલ માસ્તર બહુ ધોતિયાં ધોવરાવતા તે એમાં એકવાર અમે કુવેચ જ મૂકી દીધેલી.' ગોપાલે પોતાની શાળાનો એક કિસ્સો રજુ કર્યો.

ગિંદુમલને એ યુક્તિ ઘણી આકર્ષક લાગી. પણ એક તો કુવેચ શોધવા જવી કયાં? અને બીજું, કુવેચ મગન માસ્તરને તો લાગવાની હોય ત્યારે લાગે પણ પહેલાં થોડીક પોતાને તો જ લાગે. એણે બીજો રસ્તો શોધવા માંડયો.

એક દિવસ સવારે મગન માસ્તર પૂજાના ગોખલા આગળ પાટલા પર બેસીને પ્રાણાયામ માટે નાક દબાવી મોટેથી હોઠ ફફડાવી ગાયત્રી મંત્ર ભણી રહ્યા હતા ત્યાં રડતોબરાડતો ગિંદુમલ દાખલ થયો. 'સાહેબ, સાહેબ, ગોપાલ કુવામાં પડતો પડતો...'



અરધી ગાયત્રીએ મગન માસ્તર ઊભા થઈ ગયા. ને બેબાકળા બની કૂવા તરફ દોડયા: 'હેં પડી ગયો તો નથી ને?' હાંફતાહાંફતા એ પૂછતા હતા.

'ના, સાહેબ; જમાઇશાનું ધોતિયું કૂવામાં પડી ગયું. ગોપાલ પડતાં પડતાં રહી ગયો.' ગિંદુમલે રડવાનું ચાલુ રાખીને જ ગાતાં ગાતાં ઇતિહાસ કહેવા માંડયો. આ રીપોર્ટરનું કામ પોતાથી જ થઇ શકશે એમ જાણી એણે ગોપાલને બીજું સહેલું કામ સોંપ્યું હતું. ગોપાલે વીલું મોઢું કરીને ડોલની આંકડીવાળો

હૈયું

હૈયાની જાણો છો જાત?
કહેવી હોયે કંઇ યે વાત
તો યે કહેવી ને ના કહેવી
બન્ને કરવાં એકી સાથ.

વજ્જર જેવા એને થાવું
ફૂલ સમા યે બનવું સાથ,
ક્યાં વજ્જર! ક્યાં ફુલડું! તેને
બન્નેનો કરવો મેળાપ.

બિન્દુનું ગાવું છે ગાન
સિંધુની યે લેવી તાન,
દોસ્તી સૌ સંગાથે કરવી
નાના વા એ હોય મહાન.

દુભાઇને ગાવું પરદુઃખે
ધવાઈને પોતે ગાવું,
દેવું છે પોતાનું સઘળું
ને સાથે માગણ થાવું.

સૌની સાથે એક થવું છે
ચિરસાથી ના કોઈ તણા,
વિરોધમાં દાખવવી સંધિ
એવા એના કોડ ઘણા.

પ્રહ્લાદ પારેખ

દોરડાનો છેડો કૂવામાં લટકતો રાખી બીજે હાથમાં પકડી રાખીને કિનાર પર ઊભા રહેવાનું હતું.

'અરે, ડોલ પણ અંદર પડી ગઇ છે ને!' મગન માસ્તર કૂવા પરના ઢંગ જોઈ બોલ્યા.

ગોપાલ પણ રડવા જેવા અવાજે બોલ્યો, 'કૂવામાં ધોતિયું તારવવા મૂકયું હતું ને ડોલ અંદર આંકડીમાંથી નીકળી પડી ગઈ ને આ આંકડી એકલી ઉપર આવી. ને હું અંદર પડી જતાં જતાં રહી ગયો!'

ગભરાઇને મગન માસ્તર બોલ્યા: 'પણ તું ડોલને અડયો જ શા માટે? બિંદુ, તું ડોલ તો ખેંચતો હતો ને! ગોપાલને તો ડોલને અડકવાની પણ મેં ના પાડેલી નથી? એનો ભાઇ પૂછે તો તું કહેજે, સમજયો બિંદુ?'

બિંદુ તો બધું જ સમજતો હતો ને!

પછી તો બિલાડી લાવ્યા ને કૂવામાં પૂરો કલાકેક આમથી તેમ ફેરવી ત્યારે જમાઈનું ધોતિયું માંડ બહાર આવ્યું.

ડોલ માટે તો મગન માસ્તરને, 'તને રાજી કરીશું' કહી મહોબતખાંના નોકરની દાઢીમાં હાથ નાખવો પડયો. એણે પણ અંદર ચાર છ ડૂબકીઓ ખાધી ત્યારે પાતાળિયા કૂવાને તળિયેથી એ ડોલ બહાર લાવી શકયો.

'જો બિંદુ, મેં પાણી ખેંચવાની તો ગોપાલને સાવ મનાઇ જ કરેલી ને? એને તો કપડાં ધોવા નીચોવવાનું જ સોંપેલું ને? એનો ભાઇ પાછો અહીં સુપરિન્ટેન્ડેન્ટને લઇને દોડી આવશે તો જવાબ દેજે, સમજયો?'

'આજકાલમાં આવવાની વાત તો કરતા હતા. ફી માટે હશે.' બિંદુએ ધીમેથી ટમકો મૂકયો.

'જોયો નથી અહીં એને?' ખરેખર નારાયણ આવીને પોતાના નાના ભાઇની વાતમાંથી રજનું ગજ કરે એનો મગન માસ્તરને મનમાં ડર લાગ્યો.

તે દિવસના પ્રસંગ પછી ગોપાલ અને બિંદુમલ્લે ખાનગી વર્ગમાં જવાનું ધીમેધીમે બંધ કરી દીધું. પણ મગન માસ્તર તે પછી કદી બોલ્યા નથી કે 'કેમ અલ્યા, આવતો નથી?' એક દિવસ ઊલટું ગોપાલ બે ભારે દાખલા ઘેરથી કરી લાવેલો ત્યારે બોલેલા, 'તારો મોટા ભાઈ કને શીખતો લાગે છે.'

મગન માસ્તરને મનમાં થતું કે આ છોકરો ખરે જ કૂવામાં પડી જાત તો જિંદગીભરની મોઢાપર કાળી મેંશ ઢોળાઈ જાત ને આવડો છોકરો લાવીને એના સગાંવહાલાંને પોતે આપત કયાંથી?

પણ તે પછી બોર્ડિંગમાં એક વખત ખરે જ ગોપાલ કૂવામાં પડતાંપડતાં રહી ગયો.

(ચાલુ) ઉમાશંકર જોશી

એ ઝૂંપડીના વાંદરા (અનુસંધાન પાછળ પાન ૪૧૨થી)

પૂ. બાપુજીએ મારા પ્રત્યે એ જ વૃત્તિ ધારણ કરી હોત તો? હું કયાં જાત? હું તો ગમે ત્યારે એમને મળવા જાઉં છું. તેઓ મારી વાત ધીરજથી સાંભળે છે અને એક જ વસ્તુ અનેક રીતે મને સમજાવતાં થાકતા નથી. બાપુજી તો વાંદરા પાસેથી પણ બોધ લે છે અને નરવરની (Superman) પેઠે વર્તે છે.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

અંબાજીને આડમારગે

—કરેલો એક પ્રવાસ—

ખેડબ્રહ્મામાં જ્યારે પહેલવહેલું સાંભળ્યું કે આરાસુરવાળાં અંબાજી માતા તરફ જવાનો એક રસ્તો દાંતા ઉપર થઇને ત્યાંથી સીધો નીકળે છે ત્યારે જ મનમાં ગાંઠ વાળી લીધેલી કે એક વખત અંબાજી પગરસ્તે જવું ખરું. ત્યાર બાદ અવારનવાર સાબરમતી-કાંઠાના બેરોજ, લાંબડિયા, ચાંપલપુર વગેરે ગામોએ જવાનું થયું તે વેળા અંબાજીની સમીપતા જાણીને એ વિચાર લગભગ નિશ્ચયના રૂપમાં ફેરવાઇ ગયો. છતાં નિશ્ચય અને કાર્યની વચ્ચે સમયનું બળવાન અંતર ઘણીવાર પડી જાય છે, તેમ આ બાબતમાં યે થયું.

આખરે ૧૯૩૫ના જૂનની એક વહેલી સવારે તારંગાથી દાંતા થઇ અંબાજી જવાનો નિશ્ચય કરી અમે મોટરમાં ઊપડ્યા. મારા મુસાફરીના કાર્યક્રમો તો હમેશાં આડફેટે રસ્તે ગીચ જંગલઝાડીમાંથી પેદલ જવાના જ હોય, પણ શ્રી પંઢરીનાથ ઈનામદારને યે અંબાજી જવાનું મનમાં વસી ગએલું એટલે એમની અનુકૂળતા મુજબ અમે રવાના થયા. ઊંડણી પાસે સાબરમતી નદી ઓળંગીને લગભગ નવ વાગતાં અમે તારંગા પહોંચ્યા. તારંગા ત્રીજીવાર જોતા હતા એટલે ખાસ નવીનતા જેવું ન હતું; છતાં તાપમાં યે અમે ખૂબ હર્યાફર્યા. પૂર્ણિમાનો દિવસ હતો, એટલે વિચાર કર્યો કે સાંજે છેક મોડા નીકળીશું તો યે અજવાળી રાતમાં ખુશીથી ૧૦-૧૧ વાગતાં દાંતા પહોંચી જવાશું. દાંતાથી તો અંબાજી જનારી સડક મળી જશે, એટલે મોડી રાતે યે અંબાજી પહોંચવામાં અડચણ નહિ પડે. માત્ર રસ્તામાં આંબાઘાટ નામના વિકટ આંટીઘૂંટીવાળા માર્ગે એક ડુંગર ઓળંગવાનો હતો, એટલે સંધ્યાકાળ સુધીમાં આંબાઘાટ ઓળંગી જવાય તેવો વેંત કરીને અમે સાંજે લગભગ છ વાગ્યે તારંગાથી નીકળ્યા. સતલાસણાથી આગળ જતાં સહેજ ભૂલા પડ્યા, એટલે આંબાઘાટ નજદીક પહોંચતાં સંધ્યાકાળ લગભગ પૂરો થવા આવેલો, છતાં હિંમતથી એ ઓળંગી ગયા.

આંબાઘાટ એક સામાન્ય ચડાવ માત્ર નથી, પણ ડુંગર કોરી કાઢીને બનાવેલો વાંકોચૂંકો વિશાળ રસ્તો છે. શરૂઆતમાં એ રીતે ખૂબ ઊંચે ચડવું પડે છે. મોટર ઉપરથી સહેજ કાબૂ ખસી જાય તો ડાબા હાથ પરની ઊંડી ખાણ તમને ગડપ કરવાને જાણે મુખ ફાડીને તૈયાર જ છે. ઉતરાણ વખતે તો ચડાવ કરતાં યે વધુ ખ્યાલ રાખવો પડે. ઘાટ ઓળંગી સપાટ રસ્તા ઉપર આવ્યા ત્યારે ચાંદની શરૂઆતની ઝાંખપ છોડીને શુભ્રતા ધરવા મથતી હતી. નવાવાસ ગામે પહોંચ્યા ત્યારે રાત ઠીક ઠીક જામેલી, ને દાંતા પહોંચતાં પહોંચતાંમાં તો પૂર્ણિમા સોળે કળાએ ખીલી રહી હતી. સદ્‌ભાગ્યે આજે વાયુ-વંટોળ ન હતા, નહિતર ધૂળનો એક વિશાળ ચંદરવો જાણે માઇલોના માઇલ સુધી પથરાઇ ગયા જેવું થઇ જાત. માત્ર ગઇકાલના વંટોળની નિશાની રૂપ એક આછી લાંબી રેખા અંતરિક્ષમાં લટકી રહી હતી. અને પૂર ઊતરી ગયા પછી ઓવાળની લીટી નદીના બળની ખાતરી આપી રહે તેમ વંટોળના જોસની તે યાદ આપતી હતી.

ગ્રીષ્મની પૂર્ણિમાની મનોહર શીતળતા, જમણા હાથ પર ઝઝૂમી રહેલા ડુંગરોની હાર અને સફેદ આછી રેતીવાળા પટમાં સડસડાટ ચાલી જતી અમારી મોટર એ ત્રણેનો એવો સુમેળ સધાયો હતો કે કુંવારકા નદી ઓળંગી અમે દાંતા પહોંચ્યા ત્યારે સૌન્દર્ય ઝીલી ઝીલી અમારાં મગજ ઉપર સહેજ માદકતાની છાંટ છવાઈ ગઇ હશે. એથી જ જ્યારે દાંતાના જકાતખાતા તરફથી અમારી પાસે કરની ઉઘરાણી થઈ અને અમારી ઓળખ આપવા છતાં એ બાબતમાં દુરાગ્રહ થતો જણાયો ત્યારે શ્રી ઇનામદારે વિરોધ તરીકે આગળ નહિ વધતાં રાતના બાર વાગ્યે દાંતાથી પાછા ફરી જવાનું ડ્રાઇવરને ફરમાન કર્યું. અંબાજી જવાની ઉત્કંઠા તો અનહદ હતી, છતાં સૌન્દર્યપૂજા કરતાં સ્વમાનને ચડિયાતું ગણવાનું અમને સૌને એ વખતે મુનાસિબ લાગ્યું. આમ, અરધી રાતે જ્યારે અમે પાછા ફર્યા ત્યારે કુંવારકા નદીના પટે કુમારિકાના હૃદય જેટલી નિર્મળ શુભ્રતા ધારણ કરી હતી, અને રેતીના કણેકણમાંથી વિશદતા નીતરતી હતી. મેં તો ત્યાં રેતમાં જ રાતભર પડાવ નાખવા સૂચવ્યું અને શ્રી ઇનામદાર થોડા પલળ્યા યે ખરા, પણ આખરે તેમણે કોઇ નજીકના ગામે જઈ રાત ગાળવાનું ઠરાવ્યું. આમ, અમે રાતે કલાકેક રખડપટ્ટી કરી અડણ ગામે આવ્યા ને લોકોએ કાંઇક ભાવ અને કાંઇક ખુશામતથી આપેલા ખાટલા પર ભૂખ્યે પેટે પડી રહી રાત વિતાવી કાઢી.



આમ અંબાજી જવાનું અધવચ જ લટકી પડયું એનો વસવસો દિલમાં રહી ગએલો એટલે જ્યારે નવેમ્બર માસમાં મારે ખેડબ્રહ્માથી ઉપરવાસનાં સાબરમતી-કાંઠાનાં ગામોમાં જવાનું થાય ત્યારે તો ચોક્કસ અંબાજી જવુંજ એવો નિરધાર મેં મનોમન કરી લીધો. ચાંપલપુરથી તરસંગ થઈ દાંતા ઉપર જવાનો ધોરી રસ્તો સુગમ છે એટલે ત્યાંથી જવાનું દિલ થયું; પણ બરાબર ઘાટ ન બેઠો, એટલે પ્રખ્યાત બાવા માણેકનાથની ગુફા જોઈ પાછો ફરી સાબરમતીકાંઠાનાં બીજાં ગામો તરફ આગળ વધ્યો. ખેરોજ આવ્યો ત્યારે કોઈ સોબત શોધી કાઢવા તજવીજ કરી, કારણ ખેરોજથી હડાદ થઇ સીધા અંબાજી જતાં લગભગ ૧૫ માઇલ થાય છે. અહીંથી અંબાજી જવાનું અંતર ટૂંકામાં ટૂંકું છે. ખેરોજમાં ચોકઠું ન બેઠું, પણ લાંબડિયામાં સુંદર મેળ સધાઇ ગયો. ત્યાંના મુખ્ય શિક્ષકને અંબાજીની માનતા પૂરી કરવાની હતી. બીજે જ દિવસે સવારમાં નીકળવાની તૈયારી કરી લીધી. અહીંથી અંબાજીનું અંતર વીસેક માઇલ હતું, એટલે એકાદ ટંક પૂરતી દશમી બાંધી લઈ અજવાળું થતાં પહેલાં જ કૂચ શરૂ કરી.

અમે જ્યારે સાબરમતી ઓળંગી ત્યારે ચોમેર સુમસામ હતું. માત્ર અહીં નદીનો ઢોળાવ સહેજ વધુ છે, તેથી છીપરી ઉપર પાણીનો ખળખળ અવાજ થતો હતો. હડાદ સુધીનો રસ્તો અમારે ખેતરની કેડીઓમાં જ કાઢવાનો હતો. અહીંના ભીલો છુટાંછુટાં ખેતરોમાં ઝૂંપડીઓ બાંધી વસે છે. દોથડ ગામની નજીક આવતાં સૂરજ ઊગવાની તૈયારી થઇ. દોથડ પાસે સેઈ નદીનું સ્વરૂપ અત્યંત આકર્ષક છે. ડુંગરમાંથી બહાર આવી એક લટ-કાજો વળાંક કરીને એ પાછી ડુંગરમાં પેસી જાય છે. જ્યાં એ વળાંક ખાય છે ત્યાં કઠણ જમીનમાંથી કોરી કાઢેલા એક મજબૂત બાંધેલા ઘાટ જેવું જમીનનું સ્વરૂપ થઇ ગયું છે. સેઇ નદી સાબરમતીની એક અગત્યની સહ-ચરી છે. વાકળની જેમ એનો પણ સાબરના ઘડતરમાં મહત્ત્વનો ફાળો છે. અને વાકળ જેમ મિલન પહેલાં સાબરના કરતાં મોટી અને વધારે લાંબી નદી છે તેમ જ સેઇ નદીનું પણ છે. લાંબડિયાથી પોશીના જતાં રસ્તામાં એને ઓળંગતાં ઘણા લોકો એ સાબર છે એમ જ માની લે છે એટલો વિશાળ એનો પટ છે. સેઇ, સાબર અને વાકળ એ ત્રિશળના ત્રણ ફળાંની માફક આવી રહેલી છે. ત્રિશળનું વચલું ફળું જેમ બાજુનાં બે ફળાં કરતાં નાનું હોય છે તેવુંજ સાબરનું પણ છે. વચલું ફળું તે સાબર, ડાબું ફળું તે વાકળ અને જમણું ફળું તે સેઈ એમ લઇએ એટલે એક વિશાળ ત્રિશળની કલ્પના બરાબર બંધબેસતી આવે. વાકળની જેમ સેઇનાં મૂળ પણ સાબરનાં મૂળ કરતાં અરવલ્લીની પહાડીઓમાં ઘણાં વધારે દૂર છે.

સેઇ ઓળંગ્યા બાદ અમા ડુંગર ઓળંગીને હડાદ જવાનું હતું; પણ અમારામાંથી રસ્તાનો વાકેફગાર કોઈ નહિ એટલે સહેજ ચકરાવામાં ચડી ગયા. પણ એમ ભૂલા પડયા ત્યારે જ ડુંગરને કાપીને સેઈ નદી કેવી રીતે માર્ગ કરે છે એ એક સ્થળે જોવા પામ્યા. કઠણ જમીન-માંથી માર્ગ કરતી નદીની ખીણ ખૂબ ઊંડી થઈ ગઇ હતી અને એમાંથી લપકતી નદી સાપની માફક સરી જતી હતી. ઊંડી ખીણોમાંથી માર્ગ કરતી અમે-રિકાની કોલોરાડો નદીનાં મનમોહક ચિત્ર મેં જોએલાં, પણ એથી પ્રાકૃતિક ભૂગોળનું જે મુગ્ધ સ્વરૂપ આછું સમજાએલું તે સેઇએ બરાબર સ્પષ્ટ કરી આપ્યું. આખરે રસ્તો મળી ગયો અને અમે હડાદ પહોંચી ગયા.

હડાદથી થોડે દૂર એક વાંધાં જેવી નાની નદી વહે છે. લોક એને કીડી નદી કહે છે. પણ એને નદી ગણવી કે કેમ તે સવાલ જેવું છે. સરવેના નકશામાં એનું નામ જણાતું નથી. અને એ કોઇ મોટી નદીને મળતી નથી. માત્ર મોટા અજગરોની પાસે એક નાનો

સાપનો કણો છુટ્ટો રમતો હોય તેવું એનું સ્વરૂપ છે. મને વિચાર આવ્યો કે આ ફીડી નામ શા ઉપરથી પડયું હશે? શું એ સૂક્ષ્મતા સૂચવવા માટે હશે? આ વડેળામાં પાણી સુંદર હતું અને સવારની ઠંડીમાં લીધેલા શ્રમથી ભૂખ પણ બરાબર લાગી હતી, એટલે ઢેબરાં ખાવાનો વિચાર કરી અમે કાંઠે બેઠા. એક જ ઢેબરું ખાવાનો વિચાર હતો તેને બદલે ચાર તો ચવાઇ ગયાં અને હજી એથી દોઢાં-બમણાં માટે પેટ તૈયાર જ હતું, પણ આગળ ચાલવાનું હતું તેથી અમે સહેજ ટેકો જ આપવા ધારેલ, એટલે પાણી પી પંથે પળ્યા.

રસ્તે ચાલતાં ખેતીનો એક અત્યંત પ્રાથમિક અને કઢંગો પ્રકાર જોવા મળ્યો. કેટલાક ભીલ લોકો ખેતીમાં બળદનો ઉપયોગ નહિ કરતાં હાથથી હળ, રાંપ વગેરે ચલાવતા હતા. પાણીના કેટલાક રેંટની રચના પણ એવી જ પ્રાથમિક હતી અને તે પર યુવાન ભીલો પગથી કામ કરતા હતા. મને વિચાર આવ્યો કે આ ગરીબાઈ છે કે અજ્ઞાન? ટ્રૅક્ટરોના જમાનામાં માણસોને આવી મજૂરી કરતા જોઈ મને અનેક વિચાર આવી ગયા.

આમ વિચારમાં ને વિચારમાં એક ડુંગરી ઓળંગી અમે રાયણઘાટ નજદિક આવી પહોંચ્યા. આંબાઘાટથી ઘણો નાનો હોવા છતાં રાયણઘાટ પણ ડુંગરનો એક મજાનો ચડાવ છે અને વનશ્રીથી સુશોભિત છે. આ ઘાટ ઓળંગીને ઝઝૂમી રહેલા ડુંગરોને નજરે ભરતા અમે કુંભારીઆનાં દહેરાં પાસે આવ્યા ત્યારે ઘડીઆળમાં આશરે એક થયો હતો. રસ્તામાં અમને એક ભીલ સામો મળ્યો. તેના હાથમાં માટીનું એક નાનું વાસણ હતું જેમાં ઘી ભરેલું હતું. કયાં જાય છે એમ પૂછતાં તેણે જવાબ આપ્યો: 'વેપાર કરવા.' આ વેપાર શબ્દનો અર્થ બહુ ભયંકર છે. આ લોકો પાસે પૈસા ભાગ્યે જ હોય; એટલે કંઈ ખરીદી કરવી હોય ત્યારે ઘી કે એવી બીજી કોઈ વસ્તુ લઇને જાય તે વેચીને ખરીદી કરે. આમ ઘીને સાટે મીઠું, મરચું, તમાકુ વગેરે નજીવી કિંમતની વસ્તુઓ વેપારીઓ તેમને વળગાડે છે અને ખૂબ ચૂસે છે.

દેલવાડાનાં દહેરાંની માફક કુંભારીઆનાં દહેરાં પણ કળાનો એક ઉત્કૃષ્ટ નમૂનો છે. આરસપહાણની સાથે ટાંકણાની અદ્દભુત રમત કરવાની જે મોંઘી કળા ગુજરાતી કળાકારોએ મેળવી છે તેનો પુરાવો અહીં મળે છે. શિલ્પસ્થાપત્યના ઘણા નમૂનાઓ જોયા પછી પ્રતીતિ થાય છે કે પ્રાચીન યુગમાં નહિ તો છેવટ મધ્ય યુગમાં પણ શિલ્પકળાની એક અત્યંત સમૃદ્ધ ગુર્જરી શાખા હોવી જોઇએ. ગુજરાતના પાટણવાડામાં અને ખાસ કરીને કાઠીઆવાડના વઢવાણ, ધાંગધ્રા સોમનાથપાટણ, પ્રાચી વગેરે સ્થળોએ હજી સોમપુરા સલાટની આખી જ્ઞાતિઓ છે અને તેઓ શિલ્પશાસ્ત્રની પ્રણાલિ મુજબ ઘડતરનું કામ કરે છે. વંશપરંપરાગત આ વિદ્યા હજી આછી પાતળી સચવાઈ રહી છે; જોકે આશ્રયના અભાવે એ ખીલી શકતી નથી. જૈન મંદિરોના જીર્ણોદ્ધારમાં કયાંક કયાંક આ ભાઇઓનો ભેટો થઈ જાય છે. એવા જ એક ભાઇનો ભેટો મને ઈડરના ડુંગર પરના જૈન મંદિરમાં થએલો. સને ૧૯૩૯ના મે માસની શરૂઆતમાં સ્કાઉટિંગને અંગે અમે દસ દિવસનો ડુંગર પર પડાવ નાખેલો ત્યારે નૃત્યની ઢબવાળી એક મૂર્તિ તે ઘડતા હતા. એ વઢવાણના રહીશ હતા અને હું પણ ત્યાંનો વતની, એટલે અમારો ખૂબ મેળ જામ્યો. હું રોજ બેત્રણ વખત એ મૂર્તિ ઘડતા હતા તે જગ્યાએ જઇને બેસું અને જોઉં. આવી આખી મૂર્તિ ઘડતાં એને માત્ર પંદર જ દિવસ લાગે છે એમ મેં જ્યારે જાણ્યું ત્યારે મને તાજૂબી થએલી. એને દોઢ રૂપિયાનું રોજ મળતું હતું, એ જોતાં એક કડિયાની રોજી બદલ આવું સુંદર કામ કરનારને માટે મારા હૃદયમાં ખૂબ આદર થયો. આજે એ મૂર્તિ શ્વેતાંબર જૈન મંદિરના બહારના ભાગને શોભાવી રહી છે.

એક પ્રશ્ન આપોઆપ ઊઠે છે કે જૂના જમાનામાં શિલ્પકળાની આટલી બધી છોળ શાથી ઊડતી હશે? આજે જે મંદિરો અને વાવો સમરાવવાનું કે ટકાવી રાખવાનું ખર્ચ પણ ભારે પડી જાય તેવાં જબ્બર ચણતરો ઠેર ઠેર નવાં બંધાયાં હશે ત્યારે કેવડી મોટી પૂંજી ખરચાઇ હશે? વસ્તુઓ સસ્તી હતી અથવા કયાંક કયાંક ફરજીઆત મજૂરોનો એમાં ઉપયોગ થએલો એ જવાબ અપૂરતો છે. શિલાલેખો તો ખાતરી આપે છે કે આવાં ચણતરો પાછળ ઉચ્ચ કોમોનાં મનુષ્યોથી માંડી નીચલી કોમ સુધીનાં માણસોએ નાણાં ખરચેલાં છે. શું એ વખતે ધનની વહેંચણી વધારે સમતુલાવાળી હતી તેથી આમ બનવા પામ્યું, કે પછી લોકોમાં ધાર્મિક શ્રદ્ધાનું પ્રમાણ વધુ હતું?

કદાચ ધાર્મિક ભાવના જોરદાર હોય તોપણ તેમાં

આટલો બધો શણગાર શા માટે? વાવો તળાવો કુંડો મંદિરોની આટલી શોભા શા માટે? મને લાગે છે કે બીજાં કારણોની સાથે માનવહૃદયની પ્રદર્શનની મૂળગત ભાવનાએ આમાં મોટો ભાગ ભજવ્યો હોય. દરેક વ્યક્તિ કોઈ પણ રીતે વ્યક્ત થવાને નિરંતર ઝંખ્યા કરે છે. જેની પાસે જે શક્તિ હોય તેને તે પ્રદર્શિત કરવા ચાહે છે. જમાને જમાને આ પ્રદર્શનના પ્રકારો પલટાયા કરે છે, તેમતેમ આ ભાવના નવાંનવાં સ્વરૂપો ધારણ કરે છે. જૂના જમાનામાં લોકોપયોગી કળાકૃતિઓનાં ઘડતર મારફત ધનિકો પોતાની ખર્ચ કરવાની શક્તિ પ્રદર્શિત કરી શકતા. વળી આજના જેટલી જીવનધોરણની વિષમતા પણ સાધનોના અભાવે એ વખતે નહિ. આજે એક માણસ પગે ચાલે છે ત્યારે બીજો આકાશમાં ઝપાટાબંધ ઊડે છે; એ વખતે એક માણસ ચાલતો હોય તો બીજો ઘોડાની અથવા ઊંટની સવારી કરીને જતો હોય. ઉપભોગોના પ્રકારોમાં પણ એટલી બધી વિષમતા ન હતી. વિષમતા હતી માત્ર એકની બીજા ઉપરની અસાધારણ સત્તામાં. આજે સત્તાની વિષમતા ઘટી છે, પણ સાધનોની વિષમતા ખૂબ વધી પડી છે. એથી આજના ધનપ્રદર્શનના પ્રકારો આપણને વધારે સ્વાર્થી લાગે છે, જ્યારે ભૂતકાળના પ્રકારો મુકાબલે વધુ લોકહિતકારી રહેતા. જો રહસ્ય સમજી જવાય તો ધનપ્રદર્શનની આજની ભાવનાને વધુ હિતકારક વલણ આપી શકાય.

પણ આ તો અંબાજીના આડમારગેથી આપણે વિચારના આડમાર્ગે ચડી ગયા. ખરે! આડ માર્ગનું આકર્ષણ જ અમોઘ છે. જો એનું આકર્ષણ ન હોત તો જૂની પ્રણાલિકાઓના ચીલા શી રીતે છોડી શકાત? જૂના ચીલા છોડીને નવી કેડીઓ પાડવામાં જ હમેશાં પ્રગતિનું રહસ્ય સમાએલું છે. પણ આડમાર્ગે ધ્યેયરહિત આડાઅવળા આથડવું એનો અર્થ રખે કોઇ મૌલિકતા કરી બેસે. નવી દૃષ્ટિ નજર સમક્ષ રાખીને જૂના મુદ્દાઓને છણવા અથવા ચોક્કસ ધ્યેયને લક્ષમાં રાખી નવા માર્ગોની ખોળ કરવી એનું નામ નવીનતા છે. મારે માટે યે અંબાજીનો આડમારગ એ કોઈ જૂના મુદ્દાની નવી છણાવટ જેવો થઇ પડે તો કેવું સારૂં એવા વિચારો કરતો હું કુંભારીઆનાં દેરાં છોડીને અંબાજી જતી સડક પર આવ્યો ત્યારે ઘડિયાળમાં ત્રણ વાગવાની તૈયારી હતી.

રામપ્રસાદ શુક્લ

ગુણસમીક્ષા

(ગયા અંકમાં આપવી રહી ગએલી)

'કુમારે' મને શું આપ્યું ?

બાલ્યકાળમાં ગમે ત્યાંથી 'કુમાર' મેળવી લાવી તે વાંચવા બેસી જઇએ. તેના મનનીય લેખો, જીવનચરિત્રો, પ્રવાસનોંધો ને કાવ્યો, મિજલસ ને માધુકરી, ધરાઈ-ધરાઇને વાંચીએ. તેનાં ચિત્રો જોતાં તો શાના જ થાકીએ? . . . આ લત ઠેઠ સમજણા થયા ને 'કુમાર'ની કોણ જાણે શરૂઆત થઈ ત્યારથી જ લાગી તે અત્યાર સુધી એકધારી ચાલુ છે. જીવનના અટપટા પ્રસંગોમાં પણ 'કુમાર'ની સૌરભ ભૂલી ભૂલાતી નથી. આવા આવા લેખકો અને 'કુમાર'ના ઘડવૈયા ને સૂત્રસંચાલકના જીવનપરિચયમાં આવું તો? એ વિચારે રવિભાઈ સાથે પત્રપરિચય પાડચો. તેમણે પ્રાણ અને પ્રેરણા આપી મારૂં જીવન કૃતકૃત્ય કર્યું. તે પછી કવિઓ અને વિજ્ઞાનલેખકોના સંદેશા મેળવી મેં 'સાધના' નામનું હસ્તલિખિત માસિક શરૂ કર્યું. વધુ અભ્યાસાર્થે જીવન શું છે એ જોવા 'કુમાર'માં જોડાયો. ત્યાં શ્રી રવિભાઇએ અને બચુભાઇએ મને નવું જીવન અને પ્રેરણા આપી. પત્રકારત્વનો નાદ લાગ્યો અને મુંબાઈના વિશાળ જીવનમાં પડચો. કેટલાંક પત્રોએ મને સારો સાથ અને આદર આપ્યાં. આ સ્વપ્નાં, સિદ્ધિ, મનોબળ અને નવા રાહના ગુરુવર્યમાં 'કુમાર'ને ગણું તો અસ્થાને નથી જ.

કૃષ્ણપ્રસાદ અચાર્યા

૬૦ વર્ષનાં પણ 'કુમાર' વાંચે છે

'કુમાર' એ મારૂં પ્રિય માસિક છે. જોકે હું તેનો ગ્રાહક નથી. 'કુમાર' એ કુમારોનું જ માસિક છે, એટલું જ નહિ, પણ ૫૦ કે ૬૦ વર્ષના ડોસાને પણ અનિમેષ નેત્રે 'કુમાર' વાંચવામાં તલ્લીન થએલા મેં જોયા છે. 'કુમાર'ની ફોટોગ્રાફી હરીફાઈનાં ચિત્રો શાળાનાં કેટલાં ય બાળકોને નિહાળતાં મેં જોયાં છે અને ગણિત ગમ્મતનું છેવટ કેટલુંક જાણવા જેવું વાંચતા અને નકલ કરી લેતાં કેટલાક શિક્ષકોને મેં નિહાળ્યા છે. 'એક બેકાર યુવક'

આ સંસારનો ભોમિયો

'કુમાર'ને આ સંસારનો ભોમિયો ગણી શકાય. પોતાની સાથેનાને શિખર પર પહોંચવાનો સરસ રસ્તો બતાવતો, કોઈક જગ્યાએ પડી જવાના ભયની ચેતવણી આપતો, કોઈક વખત હસાવતો, નિરાશ થએલાને આશા અને હિંમત આપતો, તે કેટલાયને શિખરે પહોંચાડે છે ને પહોંચાડતો રહેશે. એવા ભોમિયાનો સાથ હું તળેટીથી જ શોધું છું અને બને ત્યાં સુધી એ સાથ નહિં છોડું.

ઈશ્વરલાલ વ્રજલાલ (ફ્યૂન)

કચ્છનું રણ

—ગતાંકને અનુસંધાને પૂરું—

કાળાશ પડતા જળમળ અને કાંપથી બંધાએલું રણનું લીસું સપાટ પૃષ્ઠ માઇલોના વિસ્તારમાં એકસરખું દેખાય છે. રણની સપાટી તથા અંતરતરમાં રેતી અને માટીનાં વ્યવસ્થિત પડો જામેલાં હોય છે; અને કોઇ સ્થળે રેતીમિશ્રિત બારીક કાંકરા પણ તેમાં ભળેલા રહે છે. એ પડોમાં ભળેલું મીઠું, વાતાવરણ માંહેના ભેજને આકર્ષી એ સપાટીને ભેજવાળી બનાવે છે, એટલે લવણાચ્છાદિત એ ભૂમિ પ્રખર ઉનાળામાં પણ એક-તાનતા સાધી રહે છે; અને એટલી સખ્ત હોય છે કે દોડતા ઘોડાની ખરી પણ તેમાં ન ખૂંપે! મીઠા અને કાંચડની સુકાઇને બનેલી એ સપાટીમાં પોપડા ઉપડી આવ્યા હોય, તો કોઇ સ્થળે વળી આછાં, છીછરાં કે જામી ગએલાં લવણજલનો ઝગઝગાટ એ સમાનતામાં ઇરકત કરી આંખને ખૂંચે છે. એ રણના જેવું ભયંકર કુદરતનું કોઇ અંગ નહિ લાગતું હોય. એ પ્રદેશનો જીવન સાથે કેટલો ઉગ્ર અને દુર્ધર્ષ સંબંધ છે તે દર્શાવતા કોઇ પ્રાણીના સુકાઇને સાફ થએલાં માળખાં કે પૂરમાં ખેંચાઇ આવી મીઠામાં સુકાઇને સંગ્રહાએલા જીવજંતુ અને માછલાંના અવશેષો રડચાખડચા આમ-તેમ પડેલા ક્વચિત જોવા મળે છે. છતાં યે અતિ ઉજ્જ્વલ અને શુભ્ર લવણથી છવાએલા રણના મોટા વિસ્તારો ઘડીભર ધવલ હિમશિખરોને પણ ભુલાવી તદ્રુપ કરી રમણે ચડાવે છે. અને જ્યારે ઝાંઝવાંનાં જળ રણમાં હિલ્લોળે ચડે છે ત્યારે કલ્પનાને પણ થંભાવી દે એવાં ચિત્રવિચિત્ર દૃશ્યો જોવા મળે છે.

મનોહર મૃગજળ-ચિત્રો

સૂર્ય પ્રકાશે છે, જરા ઊંચે ચડે છે અને તપે છે એટલામાં તો રણમાં જલજલાકાર દેખાય છે. બપોરે ધોમ ધખે છે અને રણ ધૂમ બને છે; ત્યાંની હવા આંદોલિત બની થથરે છે. પછી તો એ સમુદ્રના જેવાં લાગતાં પાણી હેલે ચડે છે. એવા દૃષ્ટિભ્રમના દેખાવોથી ટેવાએલા અનુભવીઓ પણ એ ઝાંઝવાંનાં જળને પિછાણતાં કયારેક ગોથું ખાઇ જાય છે. બરફ જેવા ઉજળા, આંખને આંજી નાખતા મીઠાના પડ પર સૂર્યબિમ્બની જે પ્રક્રિયા થાય છે તેથી ઝાંઝવાંનાં અપૂર્વ અને અદ્ભુત દૃશ્યો ખડાં થાય છે. દૂરસુદૂરના કિનારા પરના ભુટડા, ડુંગરો અને રણમાં પડેલાં હાડકાં વગેરે ઝાંઝવાંનાં જળમાં પ્રતિબિમ્બિત થઇ વિકૃત દેખાઈ કોઇ અનેરૂં પ્રકૃતિચિત્ર સર્જે છે. કુદરતી કરામતનો એ અજબ દેખાવ અવનવી લાગણી ઉત્પન્ન કરે છે. હવાનાં ગરમ અને ઠંડાં પડોમાં પ્રકાશ પરાવર્તિત થઇને, ઝાંઝવાંની અસરમાં દેખાતી વસ્તુઓ, હોય તેથી ઘણી મોટી લાગે છે. રણમાંથી સીમપાર દેખાતા કચ્છના ડુંગરો આકાશને અડતા અને ધુમ્મસની આછી કોર જેવા દેખાય છે અને કયારેક તેમની તળેટી વરાળથી અસ્પષ્ટ બની તેઓ જાણે હવામાં અધર લટકતા હોય તેમ તળિયેથી સમરેખ ઊંચકાએલા લાગે છે.

રણની સપાટી

આંખને તદ્દન સપાટ લાગતું રણ સાવ સપાટ તો ન જ કહી શકાય; પણ તેની સૂકી સપાટીનો ઢોળાવ એટલો તો અગમ્ય છે કે એ કઠણ અને લીસી સપાટી પર વરસાદનું ઝાપટું આવતાં પાણીનો જે જમાવ થાય છે તે ત્યાંથી રડી જવાને બદલે જ્યાં સુધી વરાળ થઈ ઉડી ન જાય ત્યાં સુધી એમ ને એમ ઠરી રહી બહુ જ ધીમે જમીનમાં ઊતરે છે અને પવનની લહરી સાથે આમ તેમ લહેરાય છે. અહીંતહીંના થોડા ઘણા ફેરફારોને અપવાદ તરીકે રાખી જોઇએ તો રણમાં જમા થઈ વહેતા પાણીનો પશ્ચિમાભિમુખ પ્રવાહ સૂચવે છે કે રણનો સાધારણ ઢાળ પૂર્વથી પશ્ચિમ તરફનો છે. કચ્છ અને રણ નૈઋત્યના વર્ષાપ્રવાહ (S. W. monsoon) ની હદ બહાર રહી જાય છે. છતાં યે અહીં વર્ષભરમાં સરેરાશ બારેક ઇંચ જેટલું પાણી પડી જાય છે. ચોમાસામાં રણમાં બધે પાણી ફરી વળે છે. ઘણુંખરૂં વર્ષા ઋતુ પૂરતાં જ રણમાં ઠલવાતાં લૂણી, બનાસ, રૂપેણ, કુંવારકા વગેરે અને ખારી, સારણ, ભૂખી, ધુદ્દુડ આદિ કચ્છની નદીઓ તથા બીજી કેટલીક નાની નદીઓ તેમજ વહેળાંના પાણીથી રણ જળજળાકાર બને છે. આખું રણ એટલી તો નીચી સપાટીનું છે અનેસમુદ્ર તરફનો ઢોળાવ એટલો તો અલ્પ છે કે એનેરૉઇડ બૅરોમીટરનો ઉપયોગ કરી રણ અને સમુદ્રની સપાટી જોતાં તેમાં કાંઇ મહત્ત્વનો ફરક દેખાતો નથી; એટલે વર્ષાઋતુમાં અહીં સતત



ગુજરાતના વાયવ્ય કોણ પર આવેલો, તેના જ એક અંગ સમો કચ્છના રણનો લગભગ દસ હજાર માઇલનો વેરાન વિસ્તાર આજે એક રહસ્ય જેવો બની ઊભો છે. એની પુરાણકાલીન, ઐતિહાસિક, ભૌગોલિક, ભૂસ્તરશાસ્ત્રીય—એમ અનેક દૃષ્ટિબિંદુથી આલોચના કરીને તલસ્પર્શી પરિચય કરાવતા સાથેના લેખમાં આવતી વિગતોનો નિર્દેશ કરતો કચ્છ અને તેના રણનો નકશો તેમજ આ સાથેના બીજા નકશા લેખકે જાતે જ કાળજીપૂર્વક તૈયાર કર્યા છે.

ફૂંકાતા નૈઋત્યના પવનના જોરે, કે તે વખતે સમુદ્રના પાણીની સપાટી સહજ ઊંચી ચડે છે ત્યારે, કચ્છના અખાત અને કોરીનાળમાંથી અરબી સમુદ્રનું પાણી રણમાં છલી આવી તેના નીચાણવાળા કેટલાક ભાગોમાં લાંબે સુધી ફેલાય છે અને રણમાં આવતા વરસાદનાં અને નદીઓનાં પાણી સાથે ભળે છે. કચ્છના અખાતમાંથી આવતું ભરતીનું પાણી અને નૈઋત્યનો પવન જમીન પરથી રણમાં આવતા સંરુદ્ધ પાણીને અટકાવે છે અને એ પાણીની સપાટી ઊંચી ચડી રણમાં ફેલાય છે. એ દબાણ ઘટતાં કે વધતાં રણમાં પાણીના જોરદાર સપાટીના તેમજ આંતરપ્રવાહો શરૂ થાય છે. આ પ્રવાહો કિનારે અને અખાતને મથાળે જમીન ધોવામાં અસરકારક નીવડે છે અને પ્રવાહના માર્ગને ક્યારેક ઊંડા કોરે છે. રણમાં પાણી ક્યાં સુધી અને કેટલું ઊંડું રહે છે તેનો આધાર કંઈક અંશે હવામાનની સ્થિતિ ઉપર છે, તો મુખ્યત્વે રણના પૃષ્ઠ પર આવેલા આછા છીછરા ખાડાખડિયા અને કોઈ સ્થળે સાધારણ સપાટીથી સહજ નીચી જમીનના પટમાં તેથી થતા અલ્પ અને આંદોલિત ઢોળાવ પર છે. પૂર ઓસરી ગયા પછી તેના ઘણાખરા ભાગ પર આ ઊંડાઈ માત્ર પાંચ છ ઇંચની હોય છે તો ક્યાંક વળી પાંચેક ફૂટ પણ રહે છે. રણની સપાટીના પૃષ્ઠમાં ફેરફાર છે એમ પાણીની આ ભિન્ન ભિન્ન ઊંડાઈ પરથી પણ પ્રમાણી શકાય. ખડીર અને પચ્છમ વચ્ચે પાણીની ઊંડાઈ સાતેક ફૂટ રહે છે. ઊંડામાં ઊંડો ભાગ તો આડેસર અને ચોરાડ વચ્ચેનો વોકળો છે. ચોમાસાની શરુઆતથી રણમાં પાણી ભરાય છે અને એ ભરાવો નીચાણવાળા ભાગોમાં તો ઑક્ટોબર નવેંબર સુધી રહે છે. ઉત્તર કંઠારે અને કોરી નજીક સિંધડીના પટ પાસે તથા કેટલીક નીચાણવાળી જમીનમાં અને કોઈ સ્થળે જ્યાં ઢંઢ હોય છે ત્યાં બારે માસ છિલ્લર રહે છે.

રણનો ખાર

રણમાં આવેલા છચ્છ, નીચાણવાળા ભાગોમાં અને ક્યાંક સપાટી પર જમા થએલું લવણજલમાંનું પાણી જેમજેમ વરાળ થઇ ઊડતું જાય છે તેમતેમ તેની નીચે મીઠાના કેલાસ બાઝતા જાય છે. પાણી જેટલું વધારે ઊંડું હોય છે, પ્રમાણમાં તેટલું જાડું એ પડ જામે છે. નરદમ ખારથી ભર્યાં રણની સપાટી પર અહીંતહીં વેરાએલાં પડેલાં મીઠાનાં એ છુટાંછવાયાં અસ્તર ક્યાંક એકાદ ઇંચથી ત્રણેક ઇંચ જાડાં તો વળી કોઇ છિલ્લરમાં બેત્રણ ફૂટની ઊંડાઇના થરવાળાં પણ જોવા મળી આવે છે. જ્યાં મીઠાના થર બાઝેલા નથી હોતા ત્યાં પણ કોરી ઋતુમાં માકની સાધર વડે કે વાતાવરણ માંહેના ભેજથી ખારનો સાર પલળી ઉપર આવી તળી બાઝે છે કે છારી વળેલી દેખાય છે. રણનો ખાર, ઘણુંખરૂં ક્ષારવાળા પ્રદેશોમાંથી વહી તેને મળતી ખારી નદીઓ, વોકળા વગેરેના પ્રવાહમાં ખેંચાઇ આવે છે; તો ક્યાંક વળી ચોમાસાની શરૂઆતથી મ્હેરામણ માઝા મૂકી રણમાં પોતાનાં પાણીને વિસ્તારે છે અને એ સમુદ્રજળ જ્યાં ભરાઇ રહે ત્યાં વર્ષો વહી ગયે તે સૂકાતાં મીઠું બાઝે છે. એ રીતે પ્રતિવર્ષ ખારના ભંડોળમાં થોડોઘણો ઉમેરો થતો જ રહે છે. રણમાં થએલો મીઠાનો એ વિપુલ જમાવ તો બહુ પુરાણો છે. એ ખારમાં શુદ્ધ મીઠા ઉપરાંત બીજા ક્ષારોનું પણ થોડુંઘણું પ્રમાણ હોય છે. રણનું આ લૂણ સ્વાદમાં બહુ કડવું હોઈ તે વધારે ઉપયોગી નથી લેખાતું. પાટડી પાસે ખારાઘોડાના અગરોમાં અને બીજે જ્યાં કૃત્રિમ રીતે રણમાં મીઠું પકાવવામાં આવે છે ત્યાં તે ઠીક બને છે. ખારાઘોડાના અગરો સુધી તો બી. બી. ઍન્ડ સી. આઇ. રેલવેની શાખા પણ લઈ જવામાં આવેલી છે. કચ્છના રણનું મીઠું કચ્છ પૂરતું તો ક્વચિત્ વપરાય પણ છે; છતાં હવે દરિયાકાંઠે તૈયાર થતા ઉચ્ચ પ્રકારના મીઠાના વપરાશે તેની ખપત ઘટી જવા સંભવ ખરો.

રણની મુસાફરી

કચ્છનો ખુશ્કીમાર્ગે ચાલતો વ્યાપારવ્યવહાર રણરસ્તે ઘણુંખરું સિંધ અને થરપારકર સાથે છે. એમાં ઉપયોગી વાહન તરીકે તો ઊંટ જ વપરાય છે; ક્યારેક જ ગાડાં કે ઘોડાંનો ઉપયોગ થાય છે. એ માર્ગે જો વચ્ચે લવણાચ્છાદિત પૃષ્ઠ પરથી ક્યારેક પસાર થવું પડે તો ગમે તેવા ઊંટને પણ ત્યાંથી ચાલવું બહુ કપરૂં જણાય છે અને ઘણી વખત તેના પગ પણ તરડાઇને ચીરાઈ જાય છે. પરંતુ સતત અવરજવરને લીધે મરડ પડી જઇને એ માર્ગ પણ જામેલો અને સારો બની રહે છે. બાકી રણના સપાટ ખારપાટ પર તો ઊંટ સહેલાઇથી પોતાનો પંથ કાપી શકે છે. ચોમાસામાં દિવસે કે મિયામી રાત્રે જ્યારે રણમાં પાણી ફરી

વળે છે ત્યારે તેમાંથી માર્ગ કાઢવો બહુ મુશ્કેલ અને ભયાવહ લાગે છે. જ્યારે રણમાંનું પાણી ઘટી જઈ સુકાવા માંડે છે ત્યારે અતિ છીછરાં પાણી નીચેનો કે ખુલ્લો કાદવ ચીકણો અને ઘટ્ટ બને છે અને તે વખતે ત્યાંથી પસાર થતા ઊંટને હરપળે સરકવાની ભીતિ રહે જ છે. રણમાં પાણી ભર્યાં હોય ત્યારે પણ જો તેની તળેથી કોઈ આંતર પ્રવાહ ચાલતો હોય ત્યારે પણ ઊંટને ત્યાંથી ચાલવું વિકટ થઇ પડે છે. આ સ્થિતિમાં એવે માર્ગે જો જરૂરી પ્રસંગે ભારીઆ ઊંટોને પસાર થવું પડે છે તો જરૂર જણાયે તેમને આગલે પગે ક્યારેક લાંબું દામણ બાંધવામાં આવે છે, જેનો ટેકો મળતાં તેમનો લપસીને પડવાનો સંભવ ઓછો રહે છે. ઊંટની થોડા કલાકની મુસાફરી પણ એવા સંજોગોમાં એકબે દિવસ લંબાય છે.

રણની સફરઃ રમણીય—

સૂર્યપ્રકાશમાં આંખને આંજી નાખતા મીઠાનાં ઝળહળાટથી બચવા દુર્ગમ રણની કપરી મુસાફરી રાત્રે કરવામાં આવે છે. ઊનાળામાં તો રખરખતી લૂની ઝડીઓ વરસાવી અંગેઅંગને દઝાડી મૂકતા એ પ્રદેશ તરફ નજર કરતાં પણ ભયની કંપારી છૂટે. ત્યાંથી હરહમેશ પસાર થતા પ્રવાસીઓને એ કષ્ટ-દાયક અને એકધારી મુસાફરી જેટલી કંટાળાભરેલી લાગે છે તેટલી જ, ઘોર અંધારી રાત્રિએ આકાશના તારાજડિત ચંદરવા નીચેથી વિશ્વરસ પીતાં કે ભેદી અગમ્યતામાં ગમગીન સૌંદર્ય નિહાળતાં આગળ વધતાં, અથવા તો ચાંદનીના ઝલઝલામાં જ્યારે રણ મુલાયમ અને ઘેરૂં સફેદ ભાસે છે ત્યારે વિશ્વમહેલની આકા-શિકાના સંગેમરમરનો ભાસ આપતા તેના લવણાચ્છાદિત પટ પરથી માર્ગ કાપતા કોઈ કલ્પક કે ચિંતકને (જો ભોગજોગે એ ત્યાં ફસાઇ પડે તો) અવિરત આયાસ આપતી એ મુસાફરી જરૂર રસપ્રદ થઈ પડે. વહેલી સાંજે રવાના થઈ ઊંટની કાંતાર આશરે સૂર્યોદય સમયે સામે કાંઠે પહોંચી જાય છે. માર્ગમાં જ્યારે રસ્તાની ગરડ કે તે પરની નિશાનીઓ અદશ્ય બને છે કે તેની સ્થિતિ પારખી ન શકાય તેવી થઇ જાય છે ત્યારે સમુદ્રમાં તારાઓની મદદથી માર્ગ કાપતા વહાણુની માફક જ ઘણુંખરૂં રણના મુસાફરો પોતાનો માર્ગ હૈયા-ઉકલતથી કાઢે છે. હોકાંટા જેવાં અર્વાચીન સાધનોની રણના મુસાફરોને જરા યે પડી નથી હોતી અને એવાં બિનજરૂરી સાધનોનો ઉપયોગ કેમ કરવો તે પણ અજ્ઞાનમાં સબડતા એ લોકોને શીખવું પરવડતું નથી. એક રાતમાં રણ ઉકરી જવા સિવાયના સમયની પણ તેમને પરવા નથી હોતી. ત્યાંના પક્કા અનુભવી અને રણપ્રવાસમાં પારંગત પ્રવાસીઓને તો ત્યાંથી પ્રસ્થાન કરી સાચે માર્ગે વળવું અંતઃપ્રેરણા જેવું થઈ રહે છે. રસ્તાની ગમે તે સ્થિતિ હોય અને તેની નિશા-નીઓ હો યા નહિ, પણ એવા માહિતગાર મુસાફરો રણ ઓળંગી સામે કાંઠે જવા ધારેલા સ્થળથી એકએક માઈલ આમ કે તેમ આડા નીકળે અને ત્યાં જરા ફેરો ખાઇ નિશ્ચિત ઠેકાણે વખતસર પહોંચી જાય.

—અને ભયાનક

જ્યાં નજર નાખો ત્યાં એકસરખા દેખાતા રણમાં માર્ગ ભૂલી અટવાઇ પડવાનો કે રણમાં જ્યારે પાણી ભર્યું હોય ત્યારે પગલે પગલે ડરાવતા અકસ્માત થવાનો ભય તો રહ્યા જ કરે. પ્રસંગોપાત્ત રણમાં મુસાફરી કરતાં વચ્ચે જો ઓચિંતો વરસાદ ચડી આવે કે પડવા માંડે ત્યારે એ અંધારામાં કઇ દિશાએ જવું તે કળવું પણ મુશ્કેલ થઇ પડે છે; જ્યાં સુધી વાતાવરણ ચોક્ખું ન થાય ત્યાં સુધી એટલામાં જ રવડવું પડે. પછી પણ અનુભવી માણસ સિવાય આગળ વધવું સલામત નથી. એવે વખતે બેત્રણ ફૂટ ઊંડું પાણી બધે છવ-રાયું પડયું હોય છે. મુસાફરી પણ ધાર્યા કરતાં વધારે લંબાય છે અને એ કષ્ટદાયી મુસાફરીમાં એક કે દોઢ દિવસ કે તેથી વધુ સમય લાગી જાય તોપણ વાહન કે વટેમાર્ગુ માટે આરામનો તો વિચાર સરખો પણ ન લાવી શકાય. એ રીતે વિશ્રામ વગર ખુલ્લામાં રહેવાથી શરદી અને થાકથી પીડાઇ માણસો મોતના ડાચામાં પણ ફસડાઇ પડે છે. શિયાળા કે ઊનાળામાં પણ માર્ગભૂલ્યા રણના મુસાફરોને પાણીની તંગી કે સાધનોની અછત અને અભાવથી મોતનો સામનો કરવો પડે છે. રણનો પ્રવાસી ક્યારે પણ પોતાની અંધારીમાં પાણીનો પૂરતો જથ્થો સાથે લીધા વિના રણમાં એક પગલું યે આગળ નહિ માંડે: ગમે તેવો અનુભવી અને સાહસિક પણ એકાકી માણસ ક્યારે યે કોઈ મહત્ત્વના કારણ વગર રણ ઓળંગવાની હામ નહિ ભીડે.

વ્યવહારમાર્ગો

મોટા રણમાંથી સિંધ અને થરપારકર આવવા જવાના ત્રણ મુખ્ય માર્ગો છે. સિંધમાંથી કચ્છ આવતી વણઝારો અલીબંદર પાસે રહીમકી બજારથી રવાના થઇને બન્નીના લુણા ગામનો સીધો રસ્તો લઈ કચ્છમાં ઊતરે છે. એન. ડબ્લ્યુ. રેલવેના બદિન ટર્મિનસેથી પણ આ માર્ગે કચ્છમાં જવાય છે. કચ્છમાંથી સુમરાસર થઈ ભીંરડિયારા, અને પછી બન્ની વચ્ચેથી આગળ વધતાં પચ્છમબેટની પશ્ચિમેથી પસાર થઇ સોળસેરડા નામે જાણીતો બીજો માર્ગ થરમાં બલિયારી પહોંચે છે. ત્રીજો રસ્તો બેલા દ્વીપમાંથી સીધો નગરપારકર પહોંચાડે છે. નાના અને મોટા રણમાં થઇ કચ્છથી કાઠિયાવાડ, ગુજરાત, રાજપૂતાના અને સિંધ તરફ જવાના બધા મળીને આવા આશરે તેરચૌદ રણમાર્ગે અવરજવર થાય છે. એ પ્રત્યેક રસ્તે અને ક્યાંક વચ્ચે સરહદ પર સગવડ પડતાં ગામોએ પોલીસ થાણાં અને લાઇનદોરીની કસ્ટમ ચોકીઓ આવેલી છે. ગુજરાત તરફ જતાં નાના રણમાં બાંભણાસર સરહદ આગળ રણ માત્ર બે માઇલમાં જ હોતાં તે રસ્તો વધારે ઉપયોગમાં લેવાય છે. એ રસ્તે આડેસર અને પીપરાલા વચ્ચે માત્ર દસેક માઈલનું છેટું છે અને નેસ, પિયાવા વગેરેની સગવડને લીધે એ માર્ગ વધારે વ્યવહારૂ ગણાય છે. નાના રણમાંથી કચ્છમાં જમીન માર્ગે આવતાં મોટરો, ગાડાં વગેરે અહીંથી જ પસાર થાય છે. કચ્છમાંથી ગુજરાત તરફ અને બીજે જતા માલધારીઓ અને નારાયણસરોવર તથા કોટેશ્વરના મારવાડી યાત્રીઓ નાના રણમાંથી જ કચ્છ આવે જાય છે. રણમાં છીદરાં પાણી હોય છે ત્યારે પણ બધા રણમાર્ગો ઉપયોગમાં લેવાય છે, પણ ઘણુંખરૂં સપ્ટેંબર અને માર્ચ કે એપ્રિલ–મે વચ્ચેની સાનુકુળ ઋતુઓમાં જ આ રણરસ્તાઓ વપરાય છે.

રણમાં વિસ્તરતી નદીઓ, વહેળા અને વોકળાઓના પાણી સાથે ઘસડાઇ આવતો અમિત જળમળ પરંપરાથી રણમાં ફેલાય છે. જોકે અફાટ રીતે વિસ્તરેલાં રણમાં તેની કાંઇ અસર થતી દેખાતી નથી, પરંતુ અગમ્ય એવી એ કુદરતી ક્રિયા વણઅટકી ધીર ગતિએ ચાલ્યા જ કરે છે. એ રીતે જળમળથી પુરાતો અને બંધાતો રણનો ભાગ સમુદ્રની સપાટીથી ઊંચો ચડતો જ જાય છે. કાળબળે ક્રમેક્રમે સમુદ્રસપાટીથી એ ભાગ આઠદસ ફૂટ ઊંચો ચડી જશે; ત્યાંથી જે કોઇ નદી કે વોંકળા વહેતા હશે તેમનો કિનારો બંધાઇ જઈ તેમનું વહન નિશ્ચિત માર્ગે થઇ જશે અને રણના જે ભાગમાં આજે સમુદ્રની ભરતીનાં પાણી સંચરે છે ત્યાં તે અટકશે. સેંકડો વર્ષ પછી એ નવી બંધાતી જમીન, સંભવ છે કે, 'ખારીસરી,' 'લાણાસરી,' દૂઇ અને છેવટે બન્ની જેવા પ્રદેશમાં રફતે રફતે ફેરવાઇ જાય.

એક આશા

રણમાં ગમે તેમ જ્યાંત્યાં વિસ્તૃત પટમાં ફેલાઇને જળમળનું જે પાતળું અસ્તર બાઝે છે તે મર્યાદામાં લેવાઇને થોડા પટમાં તે જામે એવી રચના થઇ શકે તો કટકે કટકે સુગમતાથી એ જમીન સુધરતી જાય. મોટા રણના પશ્ચિમ તરફના ભાગમાં આ ક્રિયા અત્યંત મંદ છે. પૂર્વમાં નાના રણ તરફ લૂણી, બનાસ ને બીજી નદીઓ કાંપનો વિપુલ જથ્થો પ્રતિ વર્ષ ઘસડી લાવે છે. એ ઠરતાં એ તરફ ભવિષ્યમાં વર્ષો પછી ઉપજાઉ જમીન બંધાવા સંભવ છે. બન્નીનો કેટલોક પટ પહેલાં રણનો જ ભાગ હતો. જેમ ત્યાં જળમળ ઠરી ઉપજાઉ જમીન બંધાએલી છે એ રીતે પચ્છમ, ખડીર અને બેલા રણદ્વીપોની ઉત્તરે પણ અમુક અંશે રેતી, કાંપ અને કાંકરા વગેરે જળમળ એકઠો થઈ જામે છે અને એ પટ પણ વખત જતાં બન્ની જેવો જ થઇ જવા સંભવ છે.

રણમાં ઉમટતી લગભગ બધી નદીઓ અને વહેળાંનાં પાણી ખારાં કે કવચિત ભાંભળાં હોય છે. તેમના જળમળમાં ક્ષાર પણ પુષ્કળ ઘસડાઈ આવે છે. પરિણામે તેનાથી બંધાતો નવો પ્રદેશ પણ ખારપાટ જ બને. વસ્તુતઃ હેઠાણ, ઝોળવા કે ખાબરાંમાં ઘણીખરી કલર એકઠી થઇ જામે છે. પણ રણકંધીના મોટાં ભાગના અંતસ્તર અને ભૂસ્તરમાં પહેલેથી જ ક્ષારોની સ્થાનિક થાપણ હોઇ કુદરતી રીતે જમીન અને તેની નીચેના પદાર્થોના પૃથક્કરણથી કલરનું નિષ્પન્ન થાય છે. ઉપરાંત જ્યાં લખપત તરફના અને કચ્છના અખાત તરફના રણના ભાગમાં દરિયાની ભરતીનું પાણી ફરી વળે છે ત્યાં તેથી પણ જમીન ખારી બને છે. છતાં આ ઉસ જમીનની વચ્ચે પણ ક્યાંક ક્યાંક, નેસ જેવા રસાળ કસવાળી જમીનના ટુકડા આવી રહેલા હોય છે. તેનું

કારણ તો સ્પષ્ટ છે કે એ જમીન નીચે કુદરતી કલરનો સંગ્રહ નથી હોતો અને બહુધા એ પ્રદેશ રેતાળ હોય છે.

કુદરતની નવરચના

પરંતુ આપણે એ ખારી જમીનને સુધારવાનો વિચાર કરી શકીએ તે પહેલાં જ વિકાસવાંછુ કુદરતે પોતાની નિશ્ચિત કારી વડે ધીરી ગભીરી ગતિએ એ ખારી પ્રદેશની નવરચનાનું કાર્ય ઉપાડી લીધું છે. ખારપાટમાં કુદરતી રીતે લાણા અને એવી જ જમીનના ક્ષાર ચૂસી લેતી બીજી વનસ્પતિ ઊગે છે. ઉત્તરોત્તર જમીન સુધરતી જતાં તેમાં તે જમીનને અનુરૂપ ભિન્ન ભિન્ન સારી વનસ્પતિ પરંપરાથી પરિવર્તન (succession) લેતી આવતી જાય છે. આદ્ય સ્થિતિ (initial stage)માં થતા લાણા અને ખારી ઘાસમાંથી થતા ફેરફારોમાં અહીં જાર અને પછી બાવળકંડામાં તો વનસ્પતિની પરાકાષ્ઠા આવી જાય છે. સમુદ્ર નજીકના રણના ભાગમાં પણ કીચડને દબાવીને જમીન બાંધતી આવી ક્રિયા સતત ચાલ્યા કરે છે. દરિયાના કીચડમાં ઊગતાં તવરનાં વૃક્ષોથી સમુદ્રમાં ઘસડાઈ જતો જળમળ બીજાં કારણો સાથે એને લઇને પણ કિનારે જ અટકે છે અને જમીન તથા કિનારા બંધાઈ જતાં તે તેથી પુનઃ ધોવાતાં બચે છે. કીચડની ગલિત દુર્ગંધ પણ તવરથી સ્વચ્છ બને છે. જમીન સુધરતી જતાં, અહીં થતી વનસ્પતિની પરંપરામાં તવર જાર કે ડાંઢારા અને સારી જાતનાં ઘાસ અનુક્રમે આવી અત્યારે તો બાવળ થતાં એ શ્રેણી પણ તેની પરાકાષ્ઠાએ પહોંચે છે. કુદરતના આ કાર્યને વેગ આપવાને બદલે એ વનસ્પતિના અતિ ઉપયોગથી આપણે તેને અટકાવી રહ્યા છીએ. જળમળ કે કીચડ જમાવતી, રેતીને ઊડતી અટકાવતી અને ખારી જમીનને સુધારતી એ વનસ્પતિને તો પૂરતું રક્ષણ આપી નિયમિત રીતે તેનો ઉપયોગ કરવો જોઇએ. ભવિષ્યમાં રણની નવી બંધાતી વિસ્તૃત જમીન પર સારું ઘાસ ઊગતાં બન્ની પેઠે ચરિયાણ ભૂમિ તરીકે તેનો લાભ લઇ શકાશે. રેતાળ પટ પર તો વરસાદનું પાણી પડતાં કલર નીચે અને નીચે ઊતરતી જાય છે; માટીવાળી જમીન પર પણ વરસાદનું પાણી પડતાં પડતાં કલરની અસર ઘટે છે. વરસાદનો અને બીજા મીઠા પાણીનો લાભ લઇ શકાય તો ત્વરાએ આ ખારપાટને સુધારવાની પૂરતી સંભાવના છે.

રણકંઠારની અને તળ રણની આવી નવી બંધાતી ભૂમિને કસવાળી બનાવવા નહેરો વાટે મીઠું પાણી પૂરું પાડવાની અત્યંત અગત્ય રહે. પણ સિંધુમાંથી હવે આ પ્રદેશને માટે પાણી લાવવાનું બને તેમ નથી. સિંધુનું વધારે ઓછું પાણી લેવા માટે જ્યાં પંજાબ અને સિંધનાં નહેર ખાતાંઓ વચ્ચે પણ રસાકસી ચાલતી હોય અને ત્યાં પણ પાણી પૂરું પડતું ન હોય એવા સંજોગોમાં ત્યાંના સત્તાવાળાઓ કચ્છના રણ અને રણકંઠારના પ્રદેશ માટે એ પાણી આપવા કબૂલ ન થાય. ધારો કે એ પાણી લઇ આવી શકાય તોપણ કચ્છનો ઉત્તરનો પ્રદેશ દક્ષિણથી ઉત્તર તરફ ઢળતો હોય ત્યાં ગુરુત્વાકર્ષણની મદદ વિના પાણી ફેરવવાનો પ્રશ્ન જટિલ થઈ પડે. વળી એ પાણી લાવવા માટે કોરીની નેળ વગેરે ઓળંગવાના એટલા વિકટ અંતરાયો નડે છે કે એ યોજના આર્થિક રીતે તો ન પોષાય. એટલે એક સૈકા પહેલાં પ્રચંડ ભૂકંપના કુદરતી પ્રકોપનો ભોગ બની 'અલ્લાબંધ'થી અવરોધાએલી અને પહેલાં કચ્છના લખપત તરફના પ્રદેશને રસાળ બનાવતી સિંધુની કોરી શાખાને કચ્છમાંથી પુનઃ વહેતી કરવાની ધારણા અત્યારે તો અસંભવિત લાગે છે.

અને કુદરતનો કોપ

રણની સંભાવ્ય ભાવિ ઉન્નતિના આવા ખ્યાલે મોહવશ રહેવામાં, રણકંઠારે 'નવા બંધાએલા તેમજ પુરાણા ભૂતલનો જે અપકર્ષ આજે થઇ રહ્યો છે અને તેને લીધે પ્રતિદિન રણનો વિસ્તાર વધતો જાય છે તે પ્રતિ આપણું લક્ષ ખેંચાતું રહી જાય છે. ધરાતલના અવસાદ (land erosion)ની ગતિ અને તેની અસર ભલે ધીરી કે અગમ્ય હોય, પણ તેથી લાંબે ગાળે થતી ખુવારી ભયંકર હોય છે. પૃથ્વીનો ઇતિહાસ જોઇએ તો રસકસભર્યા સમૃદ્ધ પ્રદેશોના વિનાશનું કારણ બહુધા મહાયુદ્ધો નહિ પણ ભૂતલની અવદશા અને તેનાં પરિણામો હશે. સહારાની મધ્યમાં આવેલા દહાના સામ્રાજ્યનાં પ્રાચીન સ્મૃતિચિહ્નો, ઇરાનના વેરાનમાં સુસિયાનામાં મળી આવતા સમ્રાટ દરાયસની રાજધાનીના અવશેષો, હિંદમાં સંયુક્ત પ્રાંતમાં એક વખતે જ્યાં મુઘલ બાદશાહ બાબર જમનાકિનારાનાં ગાઢ જંગલોમાં મૃગયા ખેલતો તે આજના ઇટાવાહનું વેરાન, પંજાબના હોશિયારપુરનો ઉજ્જડ પ્રદેશ અને એવાં અન્ય પ્રમાણો એ કથનનું સમર્થન કરે છે. દુનિયાના બધા ભાગોમાં સર્વસાધારણ એવા પૃથ્વીના એ દૂષણને

અટકાવવા ચાંપતા ઈલાજો લેવાવા જોઈએ.

બન્નીના કેટલાક ભાગોમાં, ગએડા અને વાગડ તરફની રણકંઠારે, રણની પડોશના ઉત્તર ગુજરાતના પશ્ચિમ ભાગમાં અને રણકંઠારે સળંગ, લગભગ સર્વત્ર એ જ પરિસ્થિતિ છે. સૂર્યનો તાપ, લૂ અને અનિયંત્રિતપણે વિહરતાં ઢોરોના ચરિયાણ તથા પગઘસારાથી ઈતરેતરની અસર તળે આજે ધરાતલ પીસાઈને ચૂર્ણ બની જાય છે; અને પછી સતત વીંઝાતા આખરના અને બીજા ઋતુ પરત્વેના સખત છીકિયારા વાવડા (પવન) થી એ અટાર બનેલી જમીન કાં તો ઊડી જાય છે કે વરસાદનું ઝાપટું આવતાં ધોવાઈ જાય છે. એ પ્રક્રિયાથી ક્યાંક ભૂતલનો અંતસ્તર ખુલ્લો થતો જાય છે તો ક્યાંક વળી જમીન રણના પૃષ્ઠ જેવી ખારી અને જરઠ બની જાય છે. એ રીતે ક્રમશઃ કંઠારપટનો જે અવસાદ આજે થઈ રહ્યો છે તેથી જમીનનો કસ ચાલ્યો જાય છે અને ત્યાંની ગૌચરભૂમિ પર સારી જાતનું ઘાસ થતું હોય છે ત્યાં પણ હલકા પ્રકારનું બરછટ અને રુક્ષ ઘાસ ઊગે છે. તે ખાઈને ઉછરતાં ઢોરો પણ હલકી કોટિનાં થતાં જાય છે. ભર ઉનાળે તો ત્યાં સૂકું રૂખડું મળવું પણ મુસ્કેલ. ક્યાંક જ બારે માસ ચરિયાણ મુસ્કેલીથી પૂરૂં પડતું હશે.

એવી સ્થિતિમાં રણકંઠારના નિવાસીઓ ઉનાળે પોતાની આથ અને વાંઢને દૂરદૂર ગુજરાત અને સિંધ વગેરે તરફ લઈ જાય છે. ક્યાંક વળી રણકંઠારની ઊંચી અને સારી જમીનમાં થતા બાવળ, જાર વગેરેનાં બીજાં ઝાડ અને ઝુટડાઓનાં ફળપાન પર પણ કેટલાંક પશુઓને ઉછેરવામાં આવે છે. આમ, ત્યાંનાં ઝાડને વિચ્છિન્ન કરી નાખવામાં આવે છે અને એ અવદશામાં સૂકાઈ ગએલાં કે લીલાં ઝાડ અને બીજાં જમીન બાંધનારાં જાર, ડાંઢારા થેર વગેરેને કાપી બળતણ બનાવાય છે. વરસાદની અછત, સખ્ત ગરમી અને ભૂમાં અતિ ઉપયોગને કારણે વનસ્પતિનો જીવનવિગ્રહ વિકટ બને છે. ભૂતલના જીવન જેવાં પાણી અહીં જમીનમાં ઊંડાં ઊતરતાં જાય છે અને ઋતુ તથા ધરાતલ પર થતી ઝાડોની સ્થાનિક સુઅસરનો લાભ ગુમ થાય છે.

કચ્છના રણપ્રદેશનું પૃથ્વી પર જે નિયુક્ત સ્થાન છે તેને લઈને થતી સૌર (સૂર્યની) અને પાર્થિવ ભૌગોલિક પરિસ્થિતિની અસરની ક્ષતિઓ તો તેણે ભોગવવી જ રહી. પણ એ અસરને વધારે ખરાબ થતી અને નુકસાન કરતી તો લોકોએ કુદરતી સહકારથી જરૂર અટકાવવી જોઈએ. રેતીને ઊડતી અટકાવવા તથા કંઠાર પ્રદેશની રસાળ જમીનને ધોવાતી અટકાવવા તેમજ ખારી જમીનને સુધારવા ત્યાંની વનસ્પતિને પૂરતું સંરક્ષણ મળવું જરૂરી છે. રણકંઠારના સંકુચિત દૃષ્ટિવાળા અજ્ઞાન નિવાસીઓએ રણના વધતા જતા વિસ્તારનો, અને તેનાં પ્રતિકર પરિણામોથી તેમની, તેમની પ્રજાની અને દેશની થતી જતી બરબાદીનો ખ્યાલ આપીને રણકંઠારે થતો જમીનનો આ દુરુપયોગ સદંતર બંધ કરવો જોઈએ; કારણ કે રણકંઠારે એક તો વરસાદ અતિશય ઓછો આવે અને વળી બેહદ ગરમી, એટલે ભૂતલના અવસાદની ત્યાં દિવસાનુદિવસ બહુ માઠી અસર થતી જાય છે. વનસ્પતિનું અસ્તિત્વ લુપ્ત થતાં અને જમીન ઘસાઈ જતાં કે કલરનો ફેલાવો થતાં રણનો વિસ્તાર વધતો જાય છે; જાણે ડાચું વકાસી ખાવા ધાતું કરાલ રણ આક્રાંત ન કરી રહ્યું હોય!

કચ્છ અને કાઠિયાવાડ, ગુજરાત અને સિંધના સાયરકાંઠાને સમૃદ્ધ કરતો આ કચ્છના રણનો પુરોગામી જલપ્રદેશ તો એક કાળે ગૌરવભેર રાચતો. આજની એની આ દયાજનક અવદશા કોઈ કુદરતી પ્રકોપથી થઈ ગઈ છે. પૃથ્વીની ખારાશ ઉદાર દિલે પોતાના પેટમાં સમાવતા, વિષાદમય લાગતા સૂકાભઠ એ રણની પ્રાચીન ગૌરવગાથા ઉકેલવી પણ બળતે હૃદયે શેં ગમે? અત્યારે તો રહસ્યભર્યાં રણનું મનોહર આકર્ષણ એક માત્ર છે: ઝાંઝવાનાં પ્રકૃતિચિત્રો. ક્ષણેક્ષણે વિવિધ અને નવું રૂપ ધારણ કરતાં એ દૃશ્યો રમણીયતાનું સાચું રૂપદર્શન કરાવે છે. એ અવર્ણનીય સૌંદર્યદર્શનના આનંદમાં લીન થતાં તો રણના કાલત્રયની સ્થિતિ આપણી મનોદૃષ્ટિ સમક્ષથી પસાર થઈ જાય છે. એ અપસરણમાંથી માત્ર રણના ભાવિનું એક અદ્‌ભુત સ્વપ્ન મનમાં રમી રહે છે. કુદરતની પુનઃ મહેર થતાં એ સ્વપ્ન સાચું થશે, રણનો ઉદ્ધાર થઈ રણ રસાળ અને ફળદ્રુપ બનશે, અને મૃગતૃષ્ણા લાગતી એ ધારણા આંખ ઠારતી જ્યારે વાસ્તવિક દુનિયામાં ખડી થશે ત્યારે સૃષ્ટિસૌંદર્યનું એ સુભગ દર્શન કેવું કમનીય હશે!

રામસિંહજી કા. રાઠોડ

ઉત્તર ગુજરાતનો પ્રાણિસમુદાય

—ગયા અંકથી ચાલુ—

વિહગ વંશ

શરીરવિકાસ વગેરેની દૃષ્ટિએ સસ્તન વંશથી બીજી કક્ષાએ આવે પંખીગણ. ભારતવર્ષનાં સમગ્ર પ્રાણીઓમાં સર્વાંગ સંશોધન કોઈ પણ વંશનું થયું હોય તો એકલાં પંખીઓનું જ. પોણોસો વરસ ઉપર પંખીઓની ૧૮૦૦ જાતો જાણીતી હતી: આજે એ સંખ્યા વધીને ૨૮૦૦ સુધી પહોંચી છે. ઉત્તર ગુજરાતમાં આશરે ૩૦૦ જેટલાં પંખી જોવામાં આવે છે. એમાંનાં અરધાં સ્થાયી અધિવાસી અને અરધાં યાયાવર; સ્વભાવભેદે એમાંનાં ૨૦૦ જેટલાં ભૂચર અને વૃક્ષેશય: બાકીનાં ૧૦૦ નીરપતત્રિ અર્થાત્ કૂલેશય, સ્વલ્પતોયચારી અને જલાન્તઃસંચારશીલ. એ તમામ-નો નિરપવાદ પરિચય અહીં શક્ય નથી એટલે એમાંનાં કેવળ નિત્ય નજરે પડનારાંનો નામોલ્લેખ કરી સંતોષ માનવો રહ્યો.

૧ પ્રસહ વર્ગ

અંગવિદારક વાંકી તીક્ષ્ણ ચાંચ, ભયંકર નહોર અને જરઠ પાદવાળાં આ શિકારી પંખીઓનાં ત્રણ વિશાળ કુલ છે. તેમાં પહેલું

(૧) ગૃધ્રકુલ. એક જ ઝાડને આશ્રયે વરસો સુધી ગામને ગોંદરે રહેતાં આપણાં આ બીભત્સદર્શન પા-ડોશામાં 'શિતિકક્ષી' આપણું વ્યાપકતમ ગીધ ગણાય. આકાશમાં એકાકી વિહરતો કૃષ્ણકાય રાજગીધ, રહે છે તો આખા ગુજરાતમાં પણ અલ્પ સંખ્યામાં. બદામી દેહવાળા ગીધની પણ બે જાત છૂટી છવાયી નજરે પડે છે. છેલ્લો ઍરો: ધોળી શમળી નામે ઓળખાતું અલ્પકાય ગીધ. આપણા ત્યાં ભંગી કર્મ કરે છે છતાં પુરાતન મીસરમાં તો એ પૂજાર્હ ગણાતો હતો.

(૨) સિંચાણક કુલ. એનાં બે ગોત્ર છે. પહેલામાં મોખરે આવે બૃહત્કાય લગ્ગડ: આપણો સાર્વભૌમ સીંચાણો. ભસ્મરજે છવાએલું શરીર અને કપિલવર્ણું શિર–એવો નાનો તુરૂંતી બાજ ખેતરપાદર અને ગામના ગોંદરે રહેતો નિત્ય નજરે પડે છે. વળી નરઝી અને બેરી પણ શીત ઋતુમાં આપણા ત્યાં છૂટા છવાયા આવી જાય છે. ચરગ કાઠીઆવાડમાં જ શિયાળે જોવામાં આવે છે.

બીજા શ્યેન ગોત્રમાં શકરાને તો ડગલે ડગલે જોઈએ છીએ પણ એના એક પીતરાઈ બાશાને યાયાવર હોવાથી કોઈક જ ઓળખતું હશે.

ત્રીજું સુપર્ણ ગોત્ર. કવિકલ્પનાનો અંશ બાદ કરીએ તો, વિષ્ણુ ભગવાનનું વાહન ગરુડ એ સાચેસાચ કોઈ સજીવ પક્ષીનું પ્રતીક છે એ કોઈ નહિ માને, પણ વાત સાચી છે. આઠ ફૂટ પહોળી વિશાળ સુવર્ણપક્ષની ભભકથી વાતાવરણ ભરી નાખતા સુપર્ણ (golden eagle)ને જોનાર આ તથ્યની ના નહિ પાડે. આ પંખી આપણા ત્યાં નથી થતું: એનો નિવાસ છે ઉત્તર ભારતમાં. આપણા ત્યાં એનું સ્થાન લે છે ધોળવો: અલ્પકાય છતાં પ'–પા' પાંખોવાળો. ખેતર પાદર સર્વ સ્થળે જ્યાં ત્યાં નજરે પડનારો. બીજો ગરુડ 'રાવળ': વીરેશ્વર જેવાં સઘન વૃક્ષરાજીવાળાં જંગલોમાં જ જડે છે. વળી કાળજંઘા અને હેંક પણ જળાશય સમીપ રહેતા કદિં કદિં દેખાય છે. આટલા સ્થાયી નિવાસી. યાયાવરમાં સંસ્કૃત સાહિત્યમાં 'કુરરી' નામે ગવાએલો મત્સ્યનાશન ગરુડ, ગોભલજ જેવાં અતલવારિ સરો-વરોમાં જ શિયાળો ગાળવા આવે છે. એનો એક પીતરાઈ શ્વેતવક્ષા ગરુડ એકાન્ત સમુદ્રતટે વસનારો છતાં રખડતો કોક વખત સરોવરોમાં પણ આવી ચડે છે.

ચુઆમાર, દસ્તમલ અને કુતર જેવાં શિયાળુ પંખી પછી, ગરુડની સુવિખ્યાત સગોત્રી ક્ષેમંકરી–શમળી આવે. એના વિના કયું સ્થળ સૂનું છે? પણ એની બહેન લાલ શમળી, ખાડાખાબોચિયાં અને નદીતળાવ-માં ભમતી કેટલાને પરિચિત હશે? કાળી પાંખવાળી અન્ય એક શમળી પણ આપણા ત્યાં જોવામાં આવે છે.

(૩) દિવાન્ધ કુલ. હવે અશુભદર્શી પંખીઓની વાત. ઘુવડ તો અંધારાના વસનારા: અવાવર કૂવા કે ભાંગેલાં મંદિર મસજીદ અને આંબા જેવાં ઝાડની ગીચ ઘટા કે રાયણનાં પોલાં થડ એમનું નિવાસસ્થાન; એટલે એમની વિવિધ જાતો–શીંગડાંવાળો, ખુરખુલી, ઘુઘુનાદ કરનારો જંગલી ઘુવડ, ઘર્ઘરક વગેરેને ઓળખ-નાર ઝાઝા નહિ નીકળે, પણ સુન્દર મુલાયમ પીંછાંથી મઢેલી નાજુક દેહલતા, અને નિશાચર ગણાતી છતાં

આખો દિવસ 'ચિરીલ્વી ચિરીલ્વી' બોલતાં આ ઝાડથી પેલે ઝાડ ભમવાના સ્વભાવવાળી ઘુવડની માશી કનકાક્ષી ચીબરી તો આપણા ઘરઘરનું જાણીતું પંખી છે.

૨ ચટક વર્ગ

અશેષ પંખીઓમાં અરધા ઉપરાંતનાં પંખી આ વર્ગનાં જ હોય છે. એમના પગ ડાળી પકડીને બેસી શકે એવી રચનાવાળા. તેમાં છ પ્રકારના ગણ છે.

અ ક્ષુદ્રપાદગણ

(૪) વાસ્તવિક રીતે આ પંખીને ચટકવર્ગમાં ન મૂકાય. એ ભીંતને વળગીને બેસી શકે પણ ડાળી જેવા બેસણા પર બેસી શકાય એવી રચનાવાળા એના પગ નથી હોતા. માત્ર વર્ણનની સગવડતા ખાતર એને અહીં મૂક્યું છે. એટલી અશાસ્ત્રીયતા.

આ કુલનું માત્ર એક જ પંખી 'સ્વીફ્ટ'. કેડ ઉપર ધોળો પટો, દાતરડા જેવી વાંકી અર્ધચંદ્રાકાર વિશાળ અણીદાર પાંખો અને શ્યામવરણી કાયાવાળું, આંધળી ચકલી અને અબાબીલ નામે ઓળખાતું, એ આપણા ત્યાં મંદિર, મસજીદ, ધર્મશાળા, ભોંયરાં, અવાવર ઘર તેમજ શાળા પાઠશાળા અને શહેરના દરવાજાની છતે માળા બાંધી ભરવસતીમાં રહેતું કોઈકથી જ અજાણ્યું હશે. પક્ષિસમાજમાં શીઘ્રતમ વેગવાળું એ એકલું જ. કલાકના ૭૦-૮૦ માઈલ તો સહેજે કાપી નાખે છે.

તાડી અબાબીલ નામનું એનું સગોત્રી ઉ. ગુજરાતમાં જોવામાં નથી આવતું.

આ વ્યાત્તાનન ગણ

મોંની વિશાળ ફાડવાળાં પંખીઓમાં પહેલું કુળ (૫) સ્વૉલોનું. એમાં સર્વસાધારણ તો 'પહાડી' જ: પહાડી કહેવાય છતાં ભરવસતીમાં રહેતી સવાર સાંજ આકાશમાં જીવાત પકડતી ઊડતી આ જાત, ૨૫-૫૦ કે ૧૦૦-૨૦૦ ભેગી મળી માળા બાંધી રહેતી નજરે પડે છે. બીજો લોહસરો: પૂછડીમાં લોઢાના તાર જેવાં ઝીણાં લાંબાં પીંછાંવાળું લોહિતવરણું આ પંખી નિતાન્ત જલાશયના આશ્રયે જ રહે છે. અન્ય એક સ્વૉલો રેલવે કે નાળાંના હેઠળ માળા બાંધી રહેતી, બીજી એક વળી તળાવકિનારે ભમતી પણ દેખાય છે.

(૬) હવે દશરથિયાં. કેવળ નિશાચર. એમનો વરણ ધૂળમાં એવો તો મળી જાય છે કે પગ પાસે પડ્યાં હોય છતાં ઊડે નહિ ત્યાં સુધી નજરે જ ન પડે. અવેડ ખેતર પાદરમાં ખૂબ.

(૭) નાના નીલકંઠની બે જાતઃ એક સર્વ સ્થળે સાધારણ; બીજી, આસમાની રંગની ચમકવાળી ઓછી વ્યાપક.

(૮) ચાષકુલ. દશેરાના દિવસે જેનું દર્શન પુણ્ય ગણાય છે, એ નીલકંઠ આપણો સ્થાયી ચાષ. એનો યુરોપીઅન સગોત્રી યાયાવર હોઇ કવચિત્ નજરે પડે છે.

(૯) મીનનાશન કુલમાં એક તો વિશાળકાય કાબરચીતરો કલકલીઓ: નદી તળાવમાં પાંખ પર અદ્ધર તરતો, પાણીમાં પથરા પેઠે પડીને જલાન્તરથી માછલાં પકડતો ભાલા જેવી ચાંચવાળો કોણે નથી જોયો? બીજો વિવર્ણકાય કલકલીઓ: લાલ ચાંચ અને શ્વેત વક્ષઃસ્થળથી અને રેલના તાર કે ઝાડની ડાળ પર ઊઘાડમાં બેસવાની ટેવને લીધે તથા પાણીથી દૂર ભરવસતિમાં ભટકવાના સ્વભાવથી સહેજે ઓળખાય છે. ત્રીજો છે અલ્પકાય, પણ ટીલડીટપકી વિભૂષિત રંગબેરંગી નીલહરિત દેહવાળો, નાજુક. એની વસતી ઝાઝી નથી.

(૧૦) ધનેશકુલ. ધનેશ એટલે ચિલોત્રો. પીકાસની અણી જેવી કઠોર સ્થૂલ ચાંચ; એ ચાંચ ઉપર વળી બીજી બુઠ્ઠી ચાંચ જેવો અસ્થિખંડ; મેલો આછો આસમાની કે ભૂખરો રંગ અને કબૂતરથી દોઢી કાયાવાળું આ પંખી ગીર તેમજ આબુ, ઈડરનાં જંગલમાં નજરે પડે છે. કેવળ ફળાહારી. ગર્ભાધાનની એની વિશિષ્ટ રીત પક્ષિસૃષ્ટિમાં અજોડ છે.

રંગબેરંગી કાયાવાળો કુકડા જેવડો મોટો ચિલોત્રો આપણા ત્યાં જોવામાં આવ્યો નથી.

ઇ આરોહક ગણ

(૧૧) શુકકુલ. એનાં બે ગોત્ર. એક સૂડો: હરિયાળી ધરો જેવી લીલી કાયા અને પીળાશ પડતી લાંબી અણીદાર પૂછડી; નરને ગળે કાળો અને લાલ તથા માદાને ગળે આછા લીલા રંગનો કાંઠલો. વનવગડાનો વાસી છતાં ભર વસતીમાં હજારો-ખરેખર હજારોની સંખ્યામાં રહેતો આપણો પરિચિત પોપટ. બીજો લાલશિરા: સૂડા કરતાં નાનો; નરનું માથું રતુમડું અને માદાનું મેલા આછા જાંબુડિયા રંગનું. એ છૂટા છવાયા નજરે પડે છે.

પાંખ પર લાલ-લાખાવાળો બૃહત્કાય પોપટ પાળવામાં તો ખૂબ આવે છે પણ વન્ય દશામાં તો આરાવળનાં જંગલોમાં કવચિત્ જ નજરે પડે છે.

(૧૨) દાર્વાઘાટકુલ. ઉ. ગુજરાતમાં લક્કડફોડા બે જ છે. એક પીળી છાતીવાળો; બીજો લાલ, સોનેરી, વગેરે વિવધ રંગની સજાવટવાળો. બંને રેતાળ રણ સિવાય બધે વ્યાપક પણ હમેશાં દ્વન્દ્વચર.

(૧૩) સુવર્ણકારકુલ. કંસારાનાં બે ગોત્ર. એક ખેતર પાદર જેવા ઊઘાડમાં વસનારૂં અને બીજું બાલારામ, આબુ જેવા પાર્વતીય પ્રદેશનું વાસી. વસંતના આરંભે "ટૅાક ટૅાક" એવી એકધારી આલાપસરણી સાંભળીએ છીએ તે આ જ પંખીની. આબુનો કંસારો 'દશરથ' નામે પણ ઓળખાય છે.

પછી આવે, જેના ઉન્મુક્ત ગાનથી આપણાં વનેવન ગાજી ઊઠે છે, જેનાં ગુણગાન કરતાં સંસ્કૃત પ્રાકૃત કવિવરો યે થાકી ગયા છે એ,

(૧૪) કોકિલકુલ. ભારતવર્ષનાં પરમ પ્રીતિભાજન પંખી: કોયલ, બપૈયો અને ચાતક; ચોથો કુમ્ભકારકુકકુટ.

પ્રલયાન્ધકાર સમી શ્યામ દેહલતાવાળો ગાનોન્મત્ત કોકિલ અને મેલી શ્યામ અને શ્વેત રેખાઓથી ચટાપટાવાળી અપ્રિયદર્શન કોકિલા; ભર ઉનાળે કે વર્ષાના આરંભકાળે એકાદ ઊંચા ઝાડની ડાળે બેસી બુલંદ કંઠે 'પીઈઈ–પીહા' 'પીઈઈ–પીહા' સ્વરથી વાતાવરણ ભરી નાખતો શ્યેનસમા રૂપવાળો બપૈયો : બંને આપણાં સામાન્ય પંખી, ઘટાનાં વસનારાં. કોયલ તો વસતિમાં યે રહે પણ બપૈયો તો કેવળ વનનો વાસી: પંખીઓમાં શરીરના પ્રમાણમાં વધુ દૂરગામી કંઠ એનો જ, એકાદ માઈલના ઘેરાવામાં સહેજે સંભળાય એટલો બુલંદ.

ત્રીજો કોકિલવંશી તે સારંગ, ચાતક. કાઠિયાવાડમાં 'મોતીડા' નામે ઓળખાતો આ રૂપાળો ગાયકવર, ચોમાસાના દિવસોમાં ઉત્તરમાંથી આવીને, એની શ્વેત વક્ષઃસ્થળ અને કલગીવાળી કૃષ્ણવર્ણી કાયા તથા આહ્લાદક ગીતથી આપણાં બાગબગીચા અને વાડીખેતર અજવાળે છે.

કોયલ અને બપૈયો સ્થાયી અને ચાતક યાયાવર પંખી. ત્રણે પરભૃતઃ પારકા પાસે બચ્ચાં ઉછેરાવનારાં.

છેલ્લું ગોત્ર કાકડીઆ કુંભારનું. લાલ પીઠવાળા આસમાની રંગના મોટા કાગડા જેવું લાગતું એ આપણું વ્યાપક પંખી છે.

ઉ. સુકોમળ ચંચુગણ

એ કુલ:

(૧૫) મધુલિહકુલ. નીલહરિત છાયાવાળો પાવઠોચિઠ્ઠ વર્ણ, સુકોમળ વાંકી ચાંચ અને નાજુક દેહલતા: ફૂલ ઉપર પતંગિયા પેઠે ઊડતો તરતો, પરાગકોષમાં ચાંચ પરોવી મધ પીતો ડાળે ડાળે ભમતો, તેજના ચમકારા જેવો શક્કરખોરો કોને અપરિચિત હશે.

ભારતવર્ષનાં રૂપાળાં પંખીમાં એની ગણના સહેજે થાય છે (એની માદા તથા અપક્વ વયના નરનો રંગ ધૂળીઓ અને પીળો). આપણું સાર્વદેશીય પંખી.

(૧૬) હુદહુદ બે જાતનાં. એક શિયાળુ, પરદેશી. બીજું, અણીદાર પાતળી લાંબી ચાંચ, માથા ઉપર ઉઘાડવાસ થઈ શકે અને બીજી ચાંચ જેવી દેખાય એવી વિચિત્ર કલગી તથા કાળા અને બદામી ચટાપટાથી વિભૂષિત કાયાવાળું, ઊભું વરસ ગુજરાતમાં રહેનારૂં ખૂબ વ્યાપક હુદહુદ.

ઋ સૂચ્યગ્રચંચુગણ

ચાંચને છેડે ઝીણા દાંતવાળાં પંખીઓમાં પ્રથમ

(૧૭) લટોરા. આંખથી કાન સુધી પહોંચતો પહોળો કાળો પટો, દૃઢ વાંકી ચાંચ તથા કાંટાળાં ઝાડની ડાળીએ એકાકી બેસવાની ટેવથી તરત ઓળખાતાં આ પંખીનાં ત્રણ–દૂધીઓ, મૃત્તિકાવરણો અને પચનક–સ્થાયી અને બેએક યાયાવર ગોત્ર આપણા ત્યાં સારી પેઠે દેખાય છે.

(૧૮) લટોરા જેવાં પણ લાલ રંગને લીધે અંગારા જેવી ઝગમગતી દેહલતાવાળાં ત્રણ રૂપાળાં બુલાલચશ્મ, આપણા ત્યાં–એક જાત મેદાનોમાં, બે જાતો આરાવળની ગિરિમાળામાં–થાય છે પણ કેવળ ઘટાનાં વસનારાં હોવાથી સહેજે નજરે નથી ચડતાં. હોય ત્યાં પણ ઓછી સંખ્યામાં.

(૧૯) ભુજંગકુલ. એક તો કાળો કોશી. નિર્બળ પંખીઓની રક્ષાનો ભાર માથે ત્રહેરી કોટવાળી કરતું આ ચપળ પંખી સૌને ચિરપરિચિત છે પણ એની ધોળી છાતીવાળી જાત કોઈક જ જોઈ હશે; આપણા ત્યાં ખૂબ ઓછાં: પણ વીરેશ્વર તો એનાથી ઊભરાય છે.

બીજો ભીમરાજ. અનુકરણમાં એક્કા જેવા આ લંબપુચ્છ પંખીથી ઉ. ગુજરાત વંચિત છે પણ દક્ષિણ ગુજરાતનાં પંચમહાલ તથા નર્મદા તટનાં જંગલો તો એનું કાયમી નિવાસસ્થાન.

(૨૦) દંશારિકુલ. શ્વેત ભ્રમર અને પૂછડીને વારંવાર વાસ ઉઘાડ કરવાની ટેવવાળા પેલા પ્રસન્ન મધુર

ગાયક ચકદીલ વિના તો આપણું કોઇક સ્થળ સૂનું હશે પણ એનો પીતરાઇ, શ્વેત અને કપિલવરણો દૂધરાજ એટલો વ્યાપક નથી. આરાવળની વનસ્થલીઓમાં ખૂબ પણ ગુજરાત કાઠિયાવાડમાં કહિં કહિં જ દેખાય છે. અમદાવાદમાં તો મારી નજરે નથી પડયો.

(૨૧) નવરંગ અને દેશી શામા સરસ ગાનારા છે, પણ યાયાવર; તે ય અત્યલ્પ સંખ્યામાં. જ્યારે કૉયલાં તો આપણા ત્યાં વિવિધ અને સર્વવ્યાપી છે. એની છ જાતોમાં, નાની તથા મોટી જાતનાં સાત ભાઇ, ચિત્રકાય તથા પિંગલાક્ષી એટલાં વ્યાપક; બાકીની તૃણવાસી અને આબુવાળી એ બે અલ્પ પ્રમાણમાં નજરે ચડે છે.

(૨૨) હસ્વપાદ ગાયકોમાં એક તો આપણું રક્તપુચ્છ બુલબુલ. ઊંચે સ્વરે બાગબગીચા ગજાવે છે પણ કંઠમાં મીઠાશ ન મળે. ધોળા કાનવાળો એનો એક પીતરાઈ કંઠની મીઠાશમાં એનાથી ચડે પણ ઓછો વ્યાપક. ત્રીજું એક લાલ થેબિયાવાળું બુલબુલ બાળારામ, તારંગા, જેવા પહાડી પ્રદેશોમાં જ જોવામાં આવે છે.

બીજો શૌબીગી. નયનાભિરામ લીલીપીળી ચિત્રવરણી કાયા અને અત્યંત મધુર કંઠને લીધે પક્ષિપાલકોનું પરમ પ્રીતિભાજન આ પંખી ઘટાનું વસનારૂં છે એટલે વાડે ઝાડે તો નહિ જ દેખાય.

એના કરતાં ય વધુ ઉજ્જવલ, સોનલવરણી દેહવાળો પીળક વસંતાગમે આંબા મહુડાની ઘટા આંતરેથી 'ટીયો ટીયો' લલકારતો વનેવન અને બાગબગીચા ગજાવી મૂકે છે. કાળા માથાવાળો પીળક એટલો વ્યાપક નથી. આ છ યે સ્થાયી.

આ બધાં જેની આગળ નિસ્તેજ બની જાય છે, એવો પેલો દૈવી ગાયક શામા તો આપણા ત્યાં થતો નથી એટલે એનું સ્થાન લે છે દૈયડ, ભારતવર્ષનો દ્વિતીય ગાયકવર. ચમકતી આસમાની દેહલતા, શ્યામ કંઠ અને શ્વેત ઉદરવાળો એ, ઘરની ટોચે, રેલવે ટેલેફોનના તાર અગર પીંપળ જેવા ઝાડની ઊંચી ડાળે બેસીને અત્યંત આહ્લાદભર્યા સુમધુર સ્વરે 'તીરતૂ તીર . . તીરતૂ' લલકારતો ગુજરાતમાં ઠેરઠેર નજરે પડે છે. આપણો એ સ્થાયી અધિવાસી છતાં એના ગાનનાં અનિર્બંધ પૂર તો માત્ર શીતઋતુ અને વસંતના આગમન કાળે જ વહે છે. એની પ્રતિકૃતિ સમી પણ ગાને અધૂરી નાજુક દેવચકલી તો આપણું ઘર ઘરનું વાસી. એ જ ગોત્રનાં અન્ય ગાનારાં ખેરપિદ્દા, વગેરે યાયાવર હોઇ ઓછાં નજરે ચડે છે. એથી ઊલટું એમનો અન્ય બાન્ધવ થરથરો યાયાવર છતાં લાલ અને કાળી કાયા તથા પૂછડી (ઊંચીનીચી નહિ પણ) ડાબી-જમણી અવિરત હલાવવાની ટેવને લીધે શિયાળાના દિવસોમાં વાડમાં ભમતો ઝટ આંખે ચડે છે.

અલ્પકાય ગાનારાંમાં પ્રથમ આવે દરજી અને બે ફુતકીઓ: પહેલાં બે, પાંદડાં સાંધીને અને ત્રીજું ખેતર વચ્ચે ઊભેલા ઘાસનાં તરણાં ગુંથી ઝૂલતા માળા બનાવતાં આપણાં ખેતર બાગબગીચામાં સર્વસ્થળે નજરે પડે છે. એમનાં બીજાં સગોત્રી બધાંય યાયાવર.

(૨૩) ખંજનકુલ. આ ગાયકવૃન્દ સાથે આનુવંશિક સંબંધ ધરાવતું એક કુળ છે ખંજન એટલે દીવાળીઘોડાનું. એક અપવાદ સિવાય, દીવાળીઘોડા બધાય યાયાવર: આપણા ત્યાં દીવાળી ઉપર આવે અને વસંત આવતાં ચાલ્યા જાય. ગુજરાતમાં સ્થાયી રહેનારી જાત તે કાબરચીતરો દીવાળીઘોડો.

(૨૪) નાની ફુતકી જેવી નાજુક પણ પીળી દેહ તથા આંખ ફરતા શ્વેત કુંડાળાને લીધે સોહામણી લાગતી શ્વેતનયના, ઝાડને પાંદડે પાંદડે ફરતી, ટી ટી કરતી જીવડાં પકડતી લીમડામાં. તેમ બાવળમાં પણ દેખાય છે. આપણું સાધારણ પંખી.

૫ જરઠચંચુગણ

(૨૫) વાયસકુલ. આછી ભૂખરી ગરદનવાળો કાગડો આપણો સામાન્ય ગ્રામવાસી છે, પરંતુ એનો પીતરાઈ કાળો કાગડો ઘણુંખરૂં બાગબગીચાવાળાં સ્થળે જ દેખાય છે. બંને સ્થાયી.

(૨૬) બદામી શરીર અને ચટ્ટાપટ્ટાવાળી ખૂબ લાંબી પૂછડીવાળો મહાલાત કે રાજાલાલ આમ તો એકલપેટું પંખી છે, પણ વીરેશ્વર જેવાં જંગલોમાં, તેમ ક્વચિત્ અમદાવાદમાં પણ ૨૫-૫૦ પંખી ભેગાં ફરતાં જોવામાં આવે છે.

(૨૭) સારિકાકુલ. 'સારિકા પીતપાદા સ્યાત્'-પીળા પગ અને શ્યામ તનુવાળી, વેદપુરાણમાં વખાણાએલી પેલી કાળી મેના તો આપણા ત્યાં નથી જડતી પણ એની ત્રણચાર બહેનો ગુજરાતમાં ઘર કરીને બેઠી છે. એક કાબર. બીજી પાવે; જેને શિરે કાળી શિખાને લીધે

ખામણી પણ કહેવાય છે અને જે નાજુક શરીર, સુન્દર આછો બદામી રંગ અને મધુર વાણી અને નિરુપદ્રવી સ્વભાવને લીધે મનગમતું પંખી થઈ પડે છે. ત્રીજી ઘોડાકાબર: નારંગી રંગની ચાંચ એને ઓળખવાની નિશાની; નદી તળાવનાં ભાઠાં અને કિનારાની રેતમાં ઘર કરી સંતાનોત્પત્તિ કરે છે, છતાં એનો નિવાસ જુઓ તો ભરવસતિમાં: રેલવે સ્ટેશનનાં છાપરાં, બાગબગીચા કે રસ્તા પરનાં ઝાડમાં શોરબકોર કરતી સેંકડો ભેગી થઇને રાત ગાળતી કોને અપરિચિત હશે? ચોથી તેલિયા મેનાં. કાળાં મેલાં પીંછાંમાં તલ જેવડાં આછાં પીળાં કે મેલાં ધોળાં ટપકાંવાળી આ મેનાં વગડામાં રહે છે, પણ કહિં કહિં જ. આ જ કુળનું અન્ય પંખી તે વૈ, વૈયાં. ગુલાબી બદન અને કાળી પાંખો પૂછડી અને શિરવાળાં, વરસમાં એકાદ બે મહિના અજ્ઞાતવાસ સેવનારાં આ પંખી, શિયાળાના આરંભે કલબલ કરતાં, પીલુડી તેમ કંથેર જેવાં ઝાડ ઝાંખરાં ભરી નાખતાં ઠેર ઠેર નજરે પડે છે.

(૨૮) ચટકકુલ. ચકલી તો સૌની ઓળખીતી, પણ પીળા પેટવાળી એની વગડાઉ બહેન જોવા જેવી છતાં કેટલા યે જોઇ હશે? એની સગોત્રી સુગરી, પીળા દેહવાળી તેમજ કાળાકંઠવાળી, આપણા ત્યાં સર્વસાધારણ પંખી છતાં ઘણાની નજરે નહિ ચડી હોય.

એમનાં અન્ય સગાંમાં, એક તો ધૂળિયું શરીર અને સફેદ પેટવાળી પિદ્દી: વગડામાં તેમ આપણા બાગબગીચામાં ય માળા બાંધી રહે છે. બીજી સીંગબાજ: રતુમડા દેહ પર કાળી ટીપકી વાળી; એ છે વગડાઉ. પછી, પક્ષિઓના નામકરણમાં અમદાવાદનું નામ દાખલ કરાવી, ગુજરાતનો યશ પૃથિવિભરમાં ચિરંજીવ કરનાર, મજીઠ જેવી રાતીચોળ ચાંચ અને દેહ પર શ્વેત ફુંદણાંવાળું, અંગ્રેજોનું 'અમદાવાત' કે 'અમાન્દાવા' અને આપણું લાલ, સુરખ.

આ બધાં ય કણભોજી, આપણાં ખેતર પાદરનાં વસનારાં, ઉ. ગુજરાતનાં ખૂબ વ્યાપક પંખી. માત્ર એક લીલી ચાંચવાળી જાત થાય છે તે ઓછી વ્યાપક; થોડાં વિશિષ્ટ સ્થળે જ.

(૨૯) ભરતકુલ. ચકલીના વર્ગનું આ છેલ્લું કુલ. સહેજે હળી જાય એવો સ્વભાવ, હલકભર્યો મીઠો કંઠ અને સંગીતના વિવિધ સ્વરો તેમજ અન્ય પંખીઓનાં ગાનના અનુકરણની અદ્ભુત શક્તિ: આ લોકોત્તર ગુણોને લીધે પક્ષિપાલનના રસિકજનોનાં ખૂબ આદરમાન પામનારાં ભરત, અગન, ચંડોળ આ જ કુલનાં પંખી છે. ભરતને આપણા ત્યાં બીડ અને આછાં રેતાળ મેદાન અને લૂખા પ્રદેશ જ ગમે છે ત્યારે અગન અને ચંડોળ તો ખેતીવાડી કે સઘન વૃક્ષરાજીવાળી વાડીઓમાં પણ આરામથી રહે છે. હાથમાં લીધા સિવાય છેટેથી ભરત અને અગનનો ભેદ કરવો સરળ નથી પરંતુ ચંડોળ તો એના માથા પરની ચોટલીથી સહેજે ઓળખાય છે. આ બધાં પંખી ધૂળિયા રંગનાં, ઝીણી પાતળી ચાંચ અને પાછલા આંગળા પર લાંબા સીધા નખવાળાં. એમની બીજી જાતો છે પણ એ બધી દૂરથી ઓળખવી શકય નથી.

૩ પારાવત વર્ગ

(૩૦) હારીતકુલ. લીલાશ પડતો વર્ણ, લાલ આંખો અને ઓગળી જતો મીઠો કંઠરવ: એટલી લીલાં કબૂતર કે હરિયાળને ઓળખવાની એંધાણી. છે તો આપણું સ્થાયી અધિવાસી પણ નિતાન્ત ઘટાનું વસનારૂં અને પાંદડાં સાથે ભળી જતો વર્ણ એટલે ઝટ નજરે નથી ચડતું.

(૩૧) કપોતકુલ. એનાં બે ગોત્ર: કબૂતર અને હોલા. પાળેલાં કબૂતરની વિવિધ જાતો બાદ કરીએ તો વગડાઉ એક જ જાત છે. પણ હોલા તો ત્રણ જાતના—આપાણ્ડુર કે ધૉળ, કંકુવરણો અને ચિત્રગ્રીવ—ઓછા વત્તા પ્રમાણમાં આપણા ત્યાં બધે દેખાય છે. ચોથી એક જાત છે. પણ કેવળ વગડામાં અને બહુ જૂજ સ્થળે રહેનારી.

(ક્રમશ:)

'મને જ્યાં કાચબાની મુદ્દલ બીક ન હોય ત્યાં નહાવા લઈ જા.'

'લ્યો સાહેબ, આ ઘાટ પર મુદ્દલ કાચબા નથી રહેતા.'

'તે કેમ ?'

'મગરની બીકથી નાસી જાય છે.'

મૅજિસ્ટ્રેટ: તમે તાર માસ્તરને શા માટે માર્યો?

આરોપી: સાહેબ, મેં એને કહ્યું કે આ ખાનગી તાર છે, છતાં તેણે એ વાંચવા માંડેલો!

બસમાં ઊભા રહેલા પ્રોફેસરને: બેસી જાઓને, સાહેબ! થાકી જશો.

પ્રોફેસર: માફ કરજો, મને બહુ ઉતાવળ છે.

નવના ૯ આંકની ૯ મહત્તા

આંકડાશાસ્ત્રની દુનિયામાં એવી કેટલી યે સંભાવ્ય ઘટનાઓ અસ્તિત્વ ધરાવે છે કે એ ઘટનાઓને જાદુ તરીકે ઓળખાવવાને બીજાઓ લલચાય પણ ખરા. તેમાં પણ બીજા બધા આંકડાઓમાંથી માત્ર નવ (૯)ના આંકને જ એવું ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કરવાનું સાંપડ્યું છે. એ સ્થાન એની કયા વિશિષ્ટ પ્રકારની શક્તિને આભારી છે તે સમજવા માટે નીચે આપેલાં થોડાંક દૃષ્ટાંતો બસ થશે.

(૧) એકથી વીસ લાખ સુધીની કોઈ પણ સંખ્યા લો અને તેને નવ વડે ગુણો એટલે જવાબમાં આવનારા આંકડાઓનો સરવાળો કાં તો નવ થશે અગર તો નવથી નિઃશેષ ભાગી શકાય એવી કોઈ સંખ્યા થશે. જેમકે: ૬×૯=૫૪ અને ૫+૪=૯. એમજ, ૪૨૭૬૪×૯=૩૮૪૮૭૬ એટલે ૩+૮+૪+૮+૭+૬=૩૬ અને ૩+૬=૯.

(૨) એકથી નવ સુધીના આંકડાઓને ઉલટા એટલે ઊંધા ક્રમ મુજબ લખો અને પછી નવ વડે તે રકમને ગુણશો એટલે પરિણામે નવમાં સમાએલી ચમત્કૃતિ આપોઆપ સમજાશે. જેમકે,

૯૮૭૬૫૪૩૨૧×૯=૮૮૮૮૮૮૮૮૮૯

આવી રીતે નવ આઠડા તથા એક નવની બનેલી રકમના બધા અંકસ્થાનોનો સરવાળો કરવામાં આવતાં જવાબ ૮૧ આવે છે અને એ ૮૧ એટલે ૮+૧=૯!

(૩) નવના આંકની અનોખી ઉપયોગિતા સમજવા માટે નીચે આપેલું એક જ ઉદાહરણ બસ થશે:

૧×૯+ ૨=૧૧
૧૨×૯+ ૩=૧૧૧
૧૨૩×૯+ ૪=૧૧૧૧
૧૨૩૪×૯+ ૫=૧૧૧૧૧
૧૨૩૪૫×૯+ ૬=૧૧૧૧૧૧
૧૨૩૪૫૬×૯+ ૭=૧૧૧૧૧૧૧
૧૨૩૪૫૬૭×૯+ ૮=૧૧૧૧૧૧૧૧
૧૨૩૪૫૬૭૮×૯+ ૯=૧૧૧૧૧૧૧૧૧
૧૨૩૪૫૬૭૮૯×૯+૧૦=૧૧૧૧૧૧૧૧૧૧

(૪) એકથી નવ સુધીના અંકસ્થાનોને અનુક્રમવાર લખ્યા પછી નવ વડે ગુણવાથી પણ નવાઈ ઉપજાવે એવું પરિણામ આવે છે. જુઓ:

૧૨૩૪૫૬૭૮૯×૯=૧૧૧૧૧૧૧૧૦૧

અને નવ એકડા તથા એક મીંડાની બનેલી એ રકમના અંકસ્થાનોનો સરવાળો ૯ જ થાય છે!

(૫) નવમા આંકની વિશિષ્ટતા દર્શાવનારૂં એક વધુ દૃષ્ટાંત આ રહ્યું:

૧૨૩૪૫૬૭૯×૫૪=૬૬૬૬૬૬૬૬૬

અને નવ છગડા એટલે પાછા ૫૪ જ.

તાત્પર્ય એટલું જ કે આ દૃષ્ટાંતમાં આપેલી અસલ રકમને નવના વર્ગની કોઈ પણ રકમથી ગુણવામાં આવે ત્યારે તેના ગુણાકારનો સરવાળો આપણે પ્રથમ દૃષ્ટાંતમાં જણાવી ગયા તેમ ૯ અથવા ૯ વડે નિઃશેષ ભાજ્ય રકમનો જ આવે.

(૬) કોઈ પણ સંખ્યાના બધા આંકડાઓને નવ વડે ભાગતાં જે શેષ વધે છે તે જ શેષ, તે આખી સંખ્યાને નવ વડે ભાગતાં વધે છે. જેમ કે ૮૩૪૫ એ સંખ્યાને નવ વડે ભાગતાં ૨ શેષ વધે છે અને એ રકમના સરવાળા રૂપે બનેલા ૨૦ (૮+૩+૪+૫) ને પણ નવ વડે ભાગતાં એજ શેષ રહે છે.

(૭) એકથી નવ સુધીની કોઈ પણ સંખ્યા પર ગમે તેટલાં મીંડાં ચઢાવી તેને નવ વડે ભાગતાં, જે અંક પર મીંડાં ચઢાવ્યાં હોય તે અંક પોતે શેષ તરીકે બાકી વધે છે. એટલે એક પર ગમે તેટલાં મીંડાં ચઢાવીને નવ વડે ભાગતાં ૧ વધે; પાંચ પર ગમે તેટલાં મીંડા ચઢાવીને નવથી ભાગતાં પાંચ શેષ રહે; અને સાત પર મરજી પડે તેટલાં મીંડાં ચઢાવીને નવ વડે ભાગતાં સાત જ શેષ રૂપે રહેવાના.

(૮) કોઈ સંખ્યાને નવ વડે ગુણીને જવાબરૂપે આવતા ગુણાકારના સઘળા અંકોના સરવાળાને નવ વડે ભાગીએ તો ભાગાકાર પૂર્ણાંક આવે, એટલે કે શેષ શૂન્ય જ રહે.

(૯) જે સંખ્યામાં બધા નવડા હોય તેને નવ વડે ગુણવામાં આવે તો ગુણાકારનો પહેલો અંક એક આવે. બીજા શબ્દોમાં કહીએ તો ગુણાકારના પહેલા

અને છેલ્લા અંકોનો સરવાળો નવ થાય ને વચ્ચે બધા નવડા જ આવે. જેમકે ૯૯૯૯૯૯ × ૯=૮૯૯૯૯૯૧.

(૧૦) કોઇ સંખ્યામાં બધા બગડા, તગડા, ચોગડા પાંચડા, છગડા, સાતડા અથવા આઠડા હોય અને તેને નવ વડે ગુણવામાં આવે તો જવાબમાં પહેલા તથા છેલ્લા અંક સિવાય બધા નવડા જ આવે; અને પહેલા તથા છેલ્લા અંકો પણ, એ અસલ રકમના છેલ્લા અંકને નવ વડે ગુણતાં જે ગુણાકાર આવે એ ગુણાકારનો ડાબી તરફનો અંક તે પહેલો અને જમણી તરફના અંક તે છેલ્લો અંક બને. જેમકે,

૪૪૪૪ × ૯=૩૯૯૯૬

વળી, અસલ રકમ (૪૪૪૪)માં જેટલા અંકો હોય તેનાથી સંખ્યામાં એક ઓછો હોય તેટલા જ નવડા જવાબની રકમમાં આવેલા આંકડાઓ તરીકે આવવાના અને એ રકમમાં અસલ જેટલા અંકો હોય તેના કરતાં એક જ અંક જવાબમાં વધારે આવવાનો.

(૧૧) કોઇ પણ બે મોટી સંખ્યા લો અને તેમનો ગુણાકાર કરો. હવે એ ગુણાકારના બધા અંકોનો સરવાળો કરી તેને નવ વડે ભાગો અને જે શેષ આવે તેને ધ્યાનમાં રાખો; બીજી બાજુએ એ અસલ બન્ને સંખ્યાઓના અંકોનો જુદોજુદો સરવાળો કરો અને તે બન્ને સરવાળાને વારા ફરતા નવ વડે ભાગો. જે બે શેષ રહે તેનો ગુણાકાર કરો અને એ ગુણાકારના સઘળા અંકોનો સરવાળો કરી નવ વડે ભાગશો તો અગાઉ રાખી મૂકેલી શેષ જેટલી જ શેષ વધશે.

(૧૨) કોઇ પણ નાની કે મોટી રકમ લો અને તેના અંકોને ઉલટાવી નાખો. એ રીતે જે બે રકમો બને તેમાંની મોટીમાંથી નાની બાદ કરો. જે જવાબ આવે તેના સઘળા અંકોનો સરવાળો કાં તો નવ થશે અગર નવ વડે ભાગી શકાય એવી કોઇ સંખ્યા થશે:

૪૯૮૫૩ રકમ
—૩૫૮૯૪ ઉલટાવેલી રકમ
૧૩૯૫૯ એટલે,
૧+૩+૯+૫+૯=૨૭=૯

(૧૩) હજુ એક વધુ ગમ્મત. છ નવડાને એવી રીતે ગોઠવવા કે જવાબમાં ૧૦૦ આવે. આ રહ્યું એ:

એક રીત: (૯×૯)+૯+૯+(૯÷૯)=૧૦૦

બીજી રીત: ૯૯ ૯૯/૯૯ =૧૦૦

સુપ્રસિદ્ધ ગ્રીક ફિલસૂફ પાઇથેગોરાસે ત્રણના આંકને સંપૂર્ણ અંક તરીકે પુરવાર કર્યો હતો, પરંતુ બૌદ્ધ ધર્મના કોઈ સાચા જાણકારે એને સ્થાને નવના આંકને સ્થાપ્યો અને પાછળથી આરબોએ, મોગલોએ તથા ચીનાઓએ પણ તેને અપનાવ્યો.

એ નવના અંકનો ઉપયોગ આપણા રોજિંદા જીવનમાં કેવો ઓતપ્રોત થઈ ગયો છે એ તો આપણી કહેવતોમાં તેનો છૂટથી થએલો ઉપયોગ બતાવી આપે છે. કોઈ મનુષ્યથી આપણે દૂર રહેવા ઇચ્છતા હોઇએ ત્યારે આપણે ઘણી વાર કહીએ છીએ કે તેનાથી તો 'નવ ગજના નમસ્કાર' જ સારા. વળી કોઇ નવા વિદ્યાર્થીને શાળામાં બેસાડવામાં આવે છે ત્યારે બહુ જ સૂચકરીતે કહેવામાં આવે છે કે 'નવો નિશાળિયો નવ દિવસ'. મૌનનો માયનો સમજાવતાં ઘણી વખત સુણાવવામાં આવે છે કે 'ભાઇ, ન બોલ્યામાં નવ ગુણ' એ ગુણ કયા તે તો કોઇ જાણકાર સમજાવે ત્યારે ખરૂં. વળી જ્યારે કોઇ માણસ 'વિવાહનું વરસી' જેવું કરી આવે છે ત્યારે કહેવામાં આવે છે કે તે તો 'નવનું સાડીતેર કરે' તેવો છે. આ ઉપરાંત, બહુ બોલકી સ્ત્રીની જીભને પણ આપણે 'નવ ગજની જીભ' તરીકે ઓળખાવતાં અચકાતા નથી. વળી એવું કહેવાય છે કે, 'મિત્રતા પણ નવના અંક જેવી રાખવી.'

નવને લગતી કહેવતોનો અંત આટલેથી જ નથી આવતો. એવી બે વધુ કહેવતો આ રહી: ૧ 'નવ કોળાં ને તેર લાગા'; ૨ 'નવકુળ નાગનું ઉચ્છેદ ગયું, ત્યારે અળશીઆનું રાજ થયું.' એમાંની પહેલી કહેવતનો અર્થ તો સ્પષ્ટ જ છે. બીજીનો માયનો એ થાય છે કે, જ્યારે રણસંગ્રામમાંથી બહાદુર લડવૈયાઓ ચાલ્યા ગયા હોય, એ સમયે માયકાંગલાઓ જોર પર આવીને તેમને ફાવે તે રીતે ડંફાસ મારવા તૈયાર થાય છે.

આવી કહેવતો સિવાય બીજી પણ અનેક રીતે આપણે એ નવના આંકનો પ્રયોગ કરીએ છીએ એવાં થોડાંક દૃષ્ટાંતોની વીણણી આ નીચે રજૂ કરેલી છે:

૧. 'નવ એકમ'ને તો આપણે સૌ ઓળખીએ છીએ. આ રહ્યા તે: ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯.

૨. 'નવકાંકરી'ની રમત ગુજરાતભરમાં રમાય છે.

૩. 'નવ કુળ' અથવા 'નવ નાગ' એ સર્પનાં નવ કુટુંબો માટે વપરાય છે. તેનાં નામ નીચે મુજબ છે:

અનંત, કાલીય, કંબલ, તક્ષક, ધૃતરાષ્ટ્ર, પદ્મનાભ, વાસુકિ, શેષ અને શંખમાલ.

૪ 'નવ ખંડ' એટલે આપણી પૃથ્વીના નવ ભાગ પાડેલા છે એમ હિંદુ ધર્મશાસ્ત્રો કહે છે તે. એનાં નામ માટે વિદ્વાનોમાં મતભેદ છે. એક પક્ષ આ પ્રમાણે એ નામો જણાવે છે: કેતુમાલ, દ્રામાળા, ભરત, મહિ, રામ, વર્ત, વિધિવસ, સુવર્ણ અને હિરે: બીજો પક્ષ માને છે તે નામ આ રહ્યાં: ઇલાવૃત, કિંપુરુષ, કેતુમાલ, કુરુ, ભદ્રાશ્વ, ભરત, રમ્યક, હરિવર્ષ અને હિરણ્યમય.

૫ 'નવ ગ્રહ'નાં નામ તો સૌ કોઈ જાણતા હોય છે. રવિ, સોમ, મંગળ, બુધ, ગુરુ, (બૃહસ્પતિ), શુક્ર, શનિ (શનૈશ્ચર), રાહુ અને કેતુ.

૬ 'નવઘરું' એટલે નવ પ્રકારનાં રત્નનાં નંગ જેમાં જડયાં હોય એવું ઘરેણું.

૭ 'નવચંદરી' શબ્દ નવ ચાંદાવાળી ભેંસ માટે વાપરવામાં આવે છે. એનો માલિક ભાગ્યશાળી લેખાય છે.

૮ નવચંડી અથવા નવદુર્ગા. કાત્યાયની, કાલરાત્રિ, કુષ્માંડા, ચંદ્રઘંટા, બ્રહ્મચારિણી, મહાગૌરી, શૈલપુત્રી, સિદ્ધિદા અને સ્કંધમાતા. આ 'નવચંડી' અથવા 'નવ-દુર્ગા'ને 'નવ કાવ્ય દેવીઓ' તરીકે પણ ઘણીવાર ઓળખાવવામાં આવે છે. પાશ્ચાત્ય દેશોનાં સાહિત્યમાં 'નવ દેવતાઓ'નો ઉલ્લેખ પણ આવે છે.

૯ 'નવછિદ્રો' એટલે જેને નવ છિદ્ર હોય છે એવો મનુષ્યદેહ. એ છિદ્રો તે મુખ, બે આંખ, બે કાન, બે નસકોરાં, મૂત્રદ્વાર અને મળદ્વાર. એ 'નવછિદ્ર' ને 'નવ-દ્વાર' તરીકે પણ ઓળખાવવામાં આવે છે. (આ નવ છિદ્રો સાથે નાભિ મળી શરીરનાં દસ દ્વારો તરીકે પણ ઓળખાય છે.)

૧૦ 'નવટાંક' એટલે નવ પૈસાભાર અથવા પાંચ રૂપિયાભાર. શેરનો આઠમો ભાગ.

૧૧. 'નવ તત્ત્વ'ની ફિલસૂફી જૈનોમાં વિશેષ કરીને પ્રચલિત છે. એ નવ તત્ત્વો આ રહ્યાં: જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ.

૧૨ 'નવધા ભક્તિ' એટલે નવ પ્રકારની ભક્તિ. એનાં નામ: શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવા, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન.

૧૩ 'નવનાગેલીઓ' એટલે ઉપરા ઉપર નવ નળિયાં મૂકીને છોકરાંઓ રમે છે તે રમત.

૧૪ 'નવનાડી' માનવદેહની અંદર રહેલી છે: એમનાં નામ: ઈડા, પિંગલા, સુષુમ્ણા, ગાંધારી, ગજજિહ્વા, પૂષા, પ્રસાદ, શનિ અને શંખિની.

૧૫. 'નવ નિધિ': કુબેરના ભંડાર નવ પ્રકારના હોય એમ મનાય છે. એનાં નામ: મહાપદ્મ, પદ્મ, શંખ, મકર, કચ્છપ, મુકુંદ, કુંદ, નીલ અને ખર્વ.

૧૬. 'નવ રત્ન': હીરો, માણેક, મોતી, પાનું, પોખ-રાજ, ગોમેદ, લસણીઓ, પરવાળું અને નીલમ. કોઇ કોઇ વિદ્વાનો એ નામ આ રીતે આપે છે: મુક્તા, માણેક, વૈદૂર્ય, ગોમેદ, વજ્ર, વિદ્રુમ, પદ્મરાગ, મરકત અને નીલ. એ ઉપરાંત એ નવ રત્ન એટલે રાજા વિક્રમા-દિત્યના દરબારમાંના નવ કવિરત્નો, જેનાં નામ આ પ્રમાણે છે: ધન્વન્તરિ, ક્ષપણ, કોમળસિંહ, શંકુ, વેતાલ-ભટ્ટ, ઘટકર્પર, કાલિદાસ, વરાહમિહિર અને વરરુચિ.

૧૭ 'નવરસ'નો ઉપયોગ કવિઓ તેમ જ સાક્ષરો કરે છે. આ રહ્યા તે નવે રસ: અદ્ભુત, કરુણા, બીભત્સ, ભયાનક, રૌદ્ર, વીર, શાંત, શૃંગાર અને હાસ્ય.

૧૮ 'નવરાત્રિ'ના પર્વનો મહિમા સૌને જ્ઞાત છે.

૧૯ 'નવલખ' એટલે નવલાખની કીમતનું, જેમકે 'નવલખો હાર'. એ જ રીતે, 'નવલખું' રાજ્ય એટલે નવ લાખની ઉપજવાળું રાજ્ય.

૨૦ 'નવલખી હવેલી'ને ઓળખો છો ? વગર ભાડાની કોટડી !

૨૧ 'નવ શક્તિ': પ્રભા, માયા, જયા, સૂક્ષ્મા, વિશુદ્ધ, નંદિની, સુપ્રભા, વિજયા અને સર્વસિદ્ધિદા. કેટલાકો એ નામ આ રીતે ગણાવે છે: વૈષ્ણવી, બ્રહ્માણી, રૌદ્રી, માહેશ્વરી, નારસિંહી, વારાહી, ઇંદ્રાણી, કાર્તિકી અને સર્વમંગલા.

૨૨ 'નવ શાયક' એટલે 'નવ નાયક'. નવ પ્રકારના પછાત વર્ગનાં મનુષ્યો. એમના પ્રકાર: કર્મકાર, કુંભાર, કોષ્ટિ, ગોવાળીઓ, તેલી, તંત્રી, માળી, વાળંદ ને હલવાઈ.

૨૩ 'નવશ્રાદ્ધ': મૃત્યુ પામેલા મનુષ્યની પાછળ ત્રીજે, પાંચમે, સાતમે, નવમે અને અગિયારમે દિવસે સરાવવામાં આવતાં શ્રાદ્ધ. એ હિંદુ પ્રથા છે.

૨૪ 'નવસરહાર' એટલે નવ સેરવાળો હાર.

૨૫ 'નવ વાડ': જૈન તત્વજ્ઞાનમાં બ્રહ્મચર્યની નવ વાડનો ઉલ્લેખ મળી આવે છે.

આ રીતે એ નવના આંકની બોલબાલા છે.

૨૬ નવઘરઃ કાઠિયાવાડમાં કન્યાવિક્રય તરફ ઈતરાજી દાખવનારા ઔદિચ્ય બ્રાહ્મણો પોતાને 'નવઘર' માંહેના તરીકે ઓળખાવે છે.

૨૭ નવનાતઃ વણિક કોમની જુદી જુદી નવ નાત હોય છે તેઃ દશા, વીશા, સોરઠિયા, કપોળ, મોઢ, ઓરવાડ, પોરવાડ, સોની.

૨૮ નવતેરી નગરીઃ જે શહેરનો વિસ્તાર ૯×૧૩ ગાઉનો હોય તે એ નામે ઓળખાય છે. અસલના વારામાં સંજાણ અને ચાંપાનેર માટે એ શબ્દ વપરાતો.

૨૯ નવવિકાર; કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ઈર્ષ્યા, અસૂયા અને અભિમાન.

૩૦ નવખંડઃ આખી પૃથ્વી, જેમ કે 'રહે કીર્તિ નવખંડ'.


પાશ્ચાત્ય દેશોમાં તો ન્યાય મંદિરમાં પણ તે ઘુસી જવા પામેલો છે. અંગ્રેજીમાં એને લગતી એક કહેવત છે, કે 'કબજો એ કાયદાના નવ મુદ્દા બરાબર છે.' **(Possession is nine points of Law).** એ નવ મુદ્દા તે ૧ પુષ્કળ પૈસો; ૨ અસીમ ધીરજ; ૩ સાચો દાવો; ૪ કાબેલ વકીલ; ૫ સાચી સલાહ; ૬ સત્યનિષ્ઠ સાક્ષીઓ; ૭ નિષ્પક્ષપાતી પંચ (Jury); ૮ કાયદાબાજ ન્યાયાધીશ; ૯ સારૂં ભાગ્ય.

વળી એ નવના અંકની મહત્તા તેમજ વિચિત્રતા તરફ કવિઓ તેમજ ફિલસૂફો પણ આકર્ષાયા વગર રહ્યા નથી. તે સિવાય કેટલાક ઐતિહાસિક પટ્ટાઓ અને સનંદોની મુદતની મર્યાદા પણ નવ્વાણુંથી નવ સો ને નવ્વાણું વરસ સુધીની અંકાએલી હોય છે!

નવના અંકને લગતી અંગ્રેજી ભાષામાં પણ એક કહેવત વિશેષ પ્રચલિત છેઃ 'એ નાઇન ડેઝ વન્ડર્' **(A nine days' wonder)**, જેનો અર્થ આપણી 'નવો નિશાળિયો નવ દિવસ'ને કંઈક મળતો હોય એમ લાગે છે. એમાં સૂચવાએલા 'નાઇન' એટલે નવ નહિ, પણ થોડાક. એ કહેવતનો સારગર્ભ એટલો જ છે કે સનસનાટી ઉપજાવે તેવો અગર તો અદ્ભુત આશ્ચર્યમાં ગરકાવ કરી દે એવો કોઈ બનાવ કે ઘટના માત્ર થોડા દિવસ સુધી જ જનસમાજને આકર્ષી શકે છે અને પછી એ આપમેળે ભૂલાઈ જાય છે.

પ્રાચીન દંતકથાઓમાં પણ નવનો ચમત્કાર બચી પડ્યો છે. ઈ.સ.ના બીજા સૈકામાં થઈ ગએલા મહાન ખગોળવેત્તા ટોલેમીએ પ્રબોધેલી ખગોળવિદ્યાની પદ્ધતિમાં પણ સૂચવાયું હતું કે પૃથ્વીને મધ્યસ્થ રાખીને નભોમંડળમાં ફરતી નવ ગોળાકૃતિઓ હતી. વળી યૂરોપખંડમાં આવેલા સ્કૅન્ડિનેવિયા નામના દ્વીપકલ્પમાં પણ એવા પ્રકારની દંતકથાઓ ચાલી રહેલી છે, જેમાં નવ પૃથ્વીઓનો સ્પષ્ટ ઉલ્લેખ આવે છે.

અસલના યહૂદી લોકોમાં એક એવા પ્રકારની પ્રથા પ્રચલિત હતી કે તાવ, દાંતનો દુઃખાવો, મરડો ઇત્યાદિના નિવારણ માટે મંત્રવિદ્યાના પ્રભાવે એક માદળિયું તૈયાર કરવામાં આવતું અને તેને નવ દિવસ સુધી પહેર્યા પછી નદીના વહેણમાં ફેંકી દેવામાં આવતું. કોઈ ચર્મપત્ર **(Parchment)** પર 'એબ્રાકેડેબ્રા' નામના ગૂઢ શબ્દો નીચે મુજબ લખીને તેમાં દોરો પરોવીને તેને ડોકમાં પહેરવામાં આવતુંઃ



આ મંત્રને **AB** (પિતા), **BEN** (પુત્ર) અને **Ruach Acadsh** (પવિત્ર આત્મા) નામના હિબ્રુ ભાષાના શબ્દોના પ્રથમાક્ષરો પરથી તૈયાર કરવામાં આવતો હતો. રોગનિવારણ માટે એ માદળિયાને અકસીર ઈલાજ તરીકે પ્રાચીન યહૂદીઓ સ્વીકારતા.

શેક્સપિયર નામનો સુપ્રસિદ્ધ આંગ્લકવિ તેના 'મૅકબેથ' નામના નાટકમાં ચુડેલો પાસે નવ વખત રાસડા લેવરાવે છે. તેના 'લવ્ઝ લેબર લૉસ્ટ' નામના બીજા એક નાટકમાં તે નવ મહાપુરુષો **(Nine Worthies)**નો ઉલ્લેખ કરે છેઃ જોશુઆ, ડૅવિડ અને જ્યુડાઝ મૅક્કેબીઅસ; હેક્ટર, અલેક્ઝાંડર અને જુલિયસ સિઝર; આર્થર, શાર્લમેન અને બુલોંનો ગોડફ્રે. પહેલા ત્રણ બાઈબલના, બીજા ત્રણ શિષ્ટ સાહિત્યના ગ્રંથોના અને ત્રીજા ત્રણ રોમાંચકથાઓના વીર પુરુષો છે.

ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

'બાપા, બંદૂક અને મશીનગનના અવાજમાં કંઈ ફેર પડતો હશે ?'

'હા, હું બોલું ને તારી બા બોલે એટલો.'



જીવનનું પરોઢ

ભાગ ત્રીજો

પ્રકરણ બારમું

તપોધન મગનકાકા

'बिसरी देह तपहि मनु लागा'



ગોસ્વામી તુલસીદાસજીએ રામાયણના બાલકાંડમાં પાર્વતીના તપનું બહુ વેધક વર્ણન આપ્યું છે. કવિની શ્રદ્ધામાં વાંચનારને ઘસડાવું જ પડે છે કે આ આખી સૃષ્ટિનો આધાર કેવળ તપ છે. લીલીકુંજાર વનસ્પતિમાંથી પાણીનો અંશ ખેંચી લેવામાં આવે તો એ જેમ ખાખ થઈ જાય તેમ સંસારમાં સર્વત્ર ફેલાએલું તપોબળ છૂટું પાડી નાખવામાં આવે તો દુનિયાના પણ ભુક્કા ઊડી જાય. આ વાત સંસારના મામૂલી વ્યવહારને માટે સાચી છે, તો લડાઈને માટે વધુ સાચી છે. સાચા તપનો સંગ્રહ જે પક્ષમાં વધતો જાય તે વિપક્ષ ઉપર એટલી સરસાઈ ભોગવતો થાય. દક્ષિણ આફ્રિકાની સત્યાગ્રહની છેલ્લી લડાઈ ઘણી જલ્દી સફળ બની એના મૂળમાં તપનો પ્રચંડ પ્રવાહ વહ્યો એ હકીકત હતી.

ગયા પ્રકરણમાં આપણે જોઈ ગયા કે યૂનિયન સરકારે જેમ જેમ દમન વધાર્યું તેમ તેમ આભ ફાટયું. જેલો ઉપરાંતનાં સરકારી મકાનો પણ સત્યાગ્રહી કેદીઓથી ઉભરાવા લાગ્યાં હતાં. કેદીને આપવાને કપડાં પણ સરકાર પાસે રહ્યાં ન હતાં. પણ જેલમાં જેટલા પૂરાયા હતા તેમના કરતાં જેલ બહાર રહેલાઓનું તપ અનેકગણું ઉગ્ર અને પ્રભાવકારી હતું. જે જેલમાં જઈને બેસે એને મન પોતાનું કર્તવ્ય કરી લીધાનો સંતોષ હોય. જેલનું આકરૂં ઉત્પીડન ખમવાની ખુમારી એ સંતોષમાંથી એને મળે. સંયમી જીવનવાળાને અક્ષરશઃ જેલ વિદ્યાપીઠની ગરજ સારે. અને ઈશ્વરની ખોળમાં નીકળી પડેલાને એ ગૌરવભરી ગુફાનું કામ આપે. કેદખાનાથી ટેવાએલા ન હોય એવા સત્યાગ્રહીઓને પણ જેલ ઓછા આશીર્વાદરૂપ નથી નીવડતી. ટૂંકમાં જેલ જવું એ જિંદગીનો અનેરો લહાવો છે. બધા જ એ લહાવો માણે અને બહાર તપનો પ્રવાહ ઓસરી જાય તો અહિંસક લડાઈનો અંત આવે. જાલિમનું હૈયું પિગળાવવા માટે તપનો ધોધ અતૂટ રહેવો જોઈએ.

જેલ બહાર અસંખ્ય ગિરિમિટિયાઓ તપે ચઢયા હતા; હિંદુસ્તાનમાં માનનીય ગોખલેજીએ અનુષ્ઠાન આરંભ્યું હતું; પણ એ બધાથી યે આકરૂં તપ તો આદર્યું હતું મગનકાકાએ. મારી નાની આંખે જોએલું એ ઉગ્ર તપ આજે પણ સાંભરી આવે છે, ત્યારે અચંબો થાય છે. જે દિશાએ તેઓ એ વેળા દોડયા જતા એ દિશાએ આજે પગલું માંડતાં પણ આખો દેહ અને મન ધ્રૂજી ઊઠે છે ત્યારે સમજાય છે, કે એ તપ કેટલું ભવ્ય હતું.

અમને બાળકોને પણ જેલ જવાનું ન મળ્યાનો ખેદ હતો, તો પછી મગનકાકા જેવા યોદ્ધાને એ ખેદ કેટલો ભારે હશે! પણ મનના આવેગ જુદીજુદી છટાથી સંભળાવતા ફરવું એ મગનકાકાને મન અક્ષમ્ય દોષ હતો.

નિસાસો નાખવામાં યે મોઢાની વરાળ વેડફી મારવા કરતાં પોતાના અંતરની બધી વરાળ સેવાના કામમાં જ સાચી રીતે ખરચી દેવામાં તેઓ જીવ્યું ધન્ય સમજતા. જેલવાસીઓને એકબીજાનાં સુખદુઃખની જાણ ભાગ્યે જ મળતી; પણ મગનકાકા પાસે તો દક્ષિણ આફ્રિકાની બધી જેલોમાંથી તેમજ લડાઈનાં ક્ષેત્રોમાંથી હિંદી સત્યાગ્રહીઓનાં અપમાન અને ઉત્પીડનની ગાથા રાત-દિવસ પહોંચતી રહેતી. એ બધાનાં દુઃખનો આઘાત ચર્ચા કરીને હળવો કરનારું મિત્રમંડળ ફીનિક્સમાં ન હતું. તેમ કોઈ જાતની સભા સમક્ષ દુઃખોની એ યાદી સંભળાવી જવાની સગવડ પણ ફીનિક્સના એ જંગલમાં ક્યાંથી મળે ? એવી પરિપાટી પણ ત્યાં ન હતી. કેટલા કાળ સુધી આ સંપીડન ચાલવાનું છે એની યે કંઈ અટકળ ન હતી. શંકા, નિરાશા, કંટાળો, કશાને દાદ દીધા વિના નિતનવા ધૈર્યથી ચોતરફની સતામણી મૂંગે મોઢે મગન-કાકાએ ઘોળીને પી જવાની હતી. આકરામાં આકરી ઉશ્કેરણીમાં યે મનને ટાઢું બોળ રાખવાનું હતું. સાથે સાથે 'ઇન્ડીઅન ઓપીનિયન' દર બુધવારે પ્રગટ કરી દક્ષિણ આફ્રિકાની હિંદી પ્રજાને માર્ગદર્શન કરવાનું હતું. આ ઉપરાંત ફીનિક્સ આશ્રમની દિનચર્યા અને અમ બાળકોની ટોળીનું સંરક્ષણ કરવાની જવાબદારી જે એમને શિર હતી, તે પાછલાં પ્રકરણોમાં જણાવી ગયો છું. દુઃખની વાત એ છે કે એ દિવસોની એમની ડાયરી લખાએલી નથી. એટલે મારી સ્મૃતિ ઉપરથી હું કહી શકું કે નિરાહારી—ઉપવાસી—જે હિસાબે રોજ સુકાય એ હિસાબે મગનકાકાની જુવાનજોધ દેહયષ્ટિ નિશદિન સુકા-તી ચાલી હતી. સત્યાગ્રહની લડાઈ માટે સોળ જણાની પહેલી ટોળી ફીનિક્સથી ઊપડી ત્યાર પહેલાંનું મગનકાકા-નું શરીર અને ત્રણ મહિના બાદ સમાધાન થયા પછીનું એમનું શરીર જાણે સાવ જુદાં જ હતાં. પહેલાં કરતાં બીજું જાણે અર્ધા પરિમાણનું હતું. શરીરની જેમ મગનકાકાના સ્વભાવમાં પણ બહુ મોટો ફેર પડયો હતો. એમનામાં શાંતિ અને પ્રસન્નતા ખબ વધ્યાં હતાં.

એમની દિનચર્યા તપસ્વીને હરાવે એવી હતી. મળસકે બે કે અઢી વાગ્યે ઊઠી છાપા માટેનું લખાણ લખવા તેઓ બેસતા. ઇન્ડિયન ઓપીનિયનનાં બધાં ગુજરાતી કૉલમો એમને એકલા હાથે ભરવાનાં રહેતાં. પ્હો ફાટ્યે અમે ઊઠીએ ત્યારે મગનકાકાની પથારી અનેક કાગળીઆંથી પથરાઈ ગયા હોય અને પોતાના છાપેલા જેવા સુંદર મરોડદાર અક્ષરે વધુ ને વધુ પાનાં તેઓ ભરતા જતા હોય. આઠ સાડા આઠે લખાણ પૂરાં કરી બધાં કાગળીઆં સાથે તેઓ છાપખાને પહોંચે. જતાં પહેલાં દાતણ સ્નાન કરી પરવારે. અમારા કરતાં ત્રણચાર કલાક વહેલા ઊઠવા છતાં મગનકાકા દાતણ અમારાથી મોડું કરતા એનું કારણ તેઓ એ બતાવતા કે દાતણ કર્યા પછી મનની એકાગ્રતા ઓછી થતી અને દિવસનાં બીજાં કામોમાં ચિત્ત દોડવા લાગતું; એટલે જ્યાં સુધી લખવાનું પૂરું થાય નહિ ત્યાં સુધી તેઓ દાતણ કરવા ન ઊઠતા.

અમારા ફીનિક્સના રિવાજ પ્રમાણે સવારનું શીરા-મણ આખા દિવસના ખોરાકનો ઉત્તમ ભાગ રહેતો. સારો પુષ્ટિકર નાસ્તો અમે લેતા. સત્યાગ્રહસંગ્રામના દિવસોમાં મગનકાકાએ આ નાસ્તાનો ત્યાગ કર્યો હતો એવો મને ખ્યાલ છે. અમે નાસ્તામાં એકલા જ બેસતા. ફીનિક્સમાં પંગતની બહાર કંઈ પણ લેવાની છૂટ નાનાં બાળકને યે ન હતી. હું ભૂલતો ન હોઉં તો સાંજનો ખોરાક પણ કામના બોજાને લીધે ઘણીખરી વાર મગનકાકા છોડી દેતા. તેઓએ પોતાના શરીરને લગભગ વિસારે પાડયું હતું. આખો વખત કામમાં જ તેઓ ડૂબેલા રહેતા. દિ ઊગ્યાથી રાતના દીવાટાણા સુધી છાપખાનામાં જાતે બીબાં ગોઠવવાં, પ્રૂફ વાંચવાં, ફરી તે સુધારવાં અને ટપાલના થોકડા ઉકેલવાનું કામ તેઓ કરતા. બપોરે અર્ધો પોણો કલાક અમારી સાથે ભોજનમાં, અને બની શકે ત્યાં સુધી શાકવાડીની સેવામાં સાંજે એક કલાક તેઓ છાપખાનામાંથી બહાર આવતા.

કેટલીકવાર બપોરે બેત્રણ વાગ્યે તેઓ પોતાના મેજ પરથી ઊઠીને ચાલ્યા જતા. અમારું કામ એવું કે વારે વારે તેમને પૂછવું પડે. એટલે થોડી વાર થાય ને તેઓ ન દેખાય કે અમે એમની શોધમાં નીકળી પડીએ. એવાં અનેકવાર મેં એમને છાપખાનાથી થોડે દૂરના લીલા ઘાસની અંદર આળોટતા ભાળ્યા છે. અમે જઈએ એટલે તેઓ આળસ મરડી ઊભા થઈ જાય અને સ્નેહભર્યે અવાજે પૂછે, 'શું કામ છે ?' અને વગર પૂછ્યે ખુલાસો આપે, 'લખતાં લખતાં ઝોલાં આવવા લાગ્યાં એટલે અહીં આવી આ ધરતી ઉપર આળોટી લીધું. પથારી કરતાં ખુલ્લી જમીનમાં ઘણા વધારે ગુણ છે. માટી શરીરનો થાક બહુ જલદી ચૂસી

છે. ખરેખર, આ ધરતી માતાનો આપણા ઉપર અગાધ ઉપકાર છે. દસ મિનિટમાં ત્રણ કલાકની ઊંઘ જેટલા તાજા થઇ જવાય છે.' મને એમાં ધરતી માતાનો કશો ગુણ ન દેખાતો, પણ મગનકાકાની મહત્તા જ દેખાતી. કારણ એવી રીતે ઘાસમાં પડી રહેવું મારે માટે નવી નવાઈ ન હતી. હું દહાડામાં દસ વાર ફીનિક્સના એ સુગંધિત ઘાસમાં પડી રહેવાની લહેર માણતો, છતાં મને તો કાંઇ ઓછી ઊંઘે ચાલતું ન હતું. મગનકાકાની એ ટેવ બાપુજી જેવી જ હતી કે પોતે જે કરે તેના અનેક ગુણો શોધતા ફરે. મીઠું ન ખાવાના પણ તેઓ અપાર ગુણો ગાતા. અને અમને અલૂણું કરવાને લલચાવતા. પણ એમનાં એ અલૂણા ઉપર શ્રદ્ધા વધવાને બદલે મગનકાકા પર જ મારી શ્રદ્ધા વધતી. ઊંઘ અને ભોજન બેયમાં મગનકાકા ઘટાડો કર્યે જતા હતા, અને તે કાર્યશક્તિ વધારતા જઇને. ગુડાકેશ અર્જુનનો આદર્શ તેમની સામે હતો એમ કહેવાય, કારણ ગુડાકેશ શબ્દનો અર્થ તેઓ ઉમળકાથી અમને સમજાવતા.

શરીર કરતાં મનનું દમન એ અરસામાં તેમણે ઘણું વધારે કર્યું. તેનો સૌથી મોટો પુરાવો મારા એક-એકથી ચડિયાતા કેટલાયે અપરાધોમાં તેમણે ગુસ્સો ન આણ્યાનો છે. વાતવાતમાં તેમની લાલ આંખો અને આકરા મારનો અનુભવ મને બહુ નાની ઉંમરથી મળેલો. તેમની ચીડનો ભય સદા મને પજવ્યા કરતો; પણ આ ત્રણ મહિનાઓ દરમ્યાન મારા ઉપર કપાળે કરચલી પાડયાનું પણ મને યાદ નથી આવતું.

સાધારણરીતે ફીનિક્સમાં માંદગી ભાગ્યે જ દેખા દેતી. પણ બીજા બધા જેલ પહોંચ્યા ત્યારે મગનકાકાની કસોટીને સારુ જ જાણે ટાઢીઆ તાવે પોત પ્રકાશ્યું. અમે દસ બાળકો હતાં, તેમાંથી એક પછી એક પાંચ છ જણાને મૅલેરિયાએ પથારીવશ કર્યાં. છેવટે મગન-કાકાનો પોતાનો વારો આવ્યો. પણ બહુ જ શાંતિ અને સાવધાનીથી તેમણે ઘરમાંથી મંદવાડને ભગાડયો. ખાવાનું બધાંનું હળવું કર્યું. ગરમ પાણી પાઇ પેટ સાફ કરાવ્યાં અને પછી બધાયે રોગીઓને બબ્બે ત્રણ ત્રણવાર બાષ્પ-સ્નાન કરાવ્યાં. ચૂલો કરી પાણી ઉકાળવું, ઊંચી બેઠક ગોઠવી તેની નીચે એ ઉકળતું તપેલું ગોઠવવું, માથા પર ધાબળા ઓઢાડી ધીમે ધીમે વરાળ આપવી અને રોગીને ખૂબ પરસેવો વળે ત્યારે તેના શરીરને લૂછી એને હવા લાગવા દીધા વિના સુવાડવો વગેરે કરતાં રોગી દીઠ સહેજે બે કલાક વીતી જતા. જેની પાસે કામની ભીડ ન હોય એવા માણસને યે આવી વેઠ કરતાં કંટાળો આવે. પણ મગનકાકા પાસે એવો કંટાળો ઢૂકી પણ શકતો નહિ. જેલમાં ગએલી માતાઓની અમને ખોટ ન જણાય એટલા વાત્સલ્યથી તેઓ અમારી ઊઠવેઠ કરતા. માંદાની માવજતમાં ઘણાને સાત્વિક સંતોષ સાંપડે છે, પણ પોતે માંદા હોય ત્યારે માવજતમાં ઊણપ આવતાં એવા શાંત લોકોનો ક્રોધ પણ ભભૂકી ઊઠે છે. આજે મને લખતાં શરમ ઉપજે છે કે મગન-કાકાની માંદગીમાં એમની ધીરજની આકરી કસોટી મેં મારી નાદાનીને લીધે કરાવી હતી. કામ કરવામાં હું અતિશય મંદ હતો. મારી એ ધીમી ગતિની અટકળ કરી, ચાર વાગ્યે પાણી જોઇતું હોય તો અઢી વાગ્યે તેઓ મને ચૂલો સળગાવવાનું કામ સોંપતા. પણ હું એવો કે ચાર વાગ્યે મગનકાકા પાણી માગે ત્યાં સુધી દોઢ કલાકમાં મારા હાથમાં હજુ માત્ર દીવાસળીની પેટી જ રમી રહી હોય અને હું બારીમાં બેઠોબેઠો બગીચાનાં મનોહર ફળઝાડોની ડાળીઓના ધીમા પવ-નથી સામસામા ચાલતા હીંચકા નિહાળતો બેઠો હોઉં! આવી સ્થિતિમાં દુર્બળ હાથે મગનકાકા ધીમેથી આવી મારા ખભા ઉપર હાથ મૂકે ત્યારે હું ચોંકી ઊઠું અને તેઓ વઢશે એ ડરને લીધે બાવરો બની જાઉં. પણ મારી બીક વધારવાને બદલે તેને ઘટાડવાનો પ્રયત્ન કરતાં મગનકાકા મારા માથા ઉપર હાથ ફેરવે અને કહે, 'હજી સુધી તેં ચૂલો નથી કર્યો? હવે વધુ મોડું ન કર; ચાલ હું શીખવું.' આ રીતે એમની પથારી ક-રવામાં કે એમની બીજી અંગત સેવાઓમાં મારાથી ઉપરા ઉપર ભૂલ થયા કરતી. છતાં મારી સુસ્તી પર મગનકાકાએ કદી ક્રોધ નથી કર્યો. એ સિદ્ધ કરે છે કે પોતાના આકરા અને ઝનૂની ગુસ્સાને પણ સાચા સત્યા-ગ્રહીને છાજે એવી રીતે પૂરો કાબૂમાં રાખવાનો કેટલો ઘોર પ્રયત્ન તેઓ એ કાળે કરી રહ્યા હતા.

લડતની જે મોટી જવાબદારી મગનકાકાએ ઉઠાવી હતી અને ક્ષણે ક્ષણે પર વિકટ દબાણ પાડનારી દિનચર્યા પરોઢિયે કૂકડું બોલ્યા પહેલાંથી માંડીને રોજરોજ એમને માથે તોળાઈ રહેતી તેને અંગે પોતાના મન સાથે મગન-કાકાને કેટલી બાંધછોડ કરવી પડતી એનો સાક્ષી આજે

મળવો મુશ્કેલ છે. મગનકાકાના અંતરના સાક્ષી પૂજ્ય બાપુજી સિવાય ભાગ્યે જ બીજું કોઈ હતું. મિત્રનો અભાવ એ મગનકાકાના તપનું ભારે લક્ષણ હતું. એ સમયના મનોવિગ્રહની ભાળ આપવાનું એમના યાદ રહી ગએલા પ્રસંગો સિવાય બીજું સાધન મારી પાસે નથી. એટલું તો ચોક્કસ કે એમની અહિંસાની ઉપાસના ઘણી ઉત્કટ હતી.

એકવાર મારે રાત્રે દસેક વાગ્યે શૌચ જવું પડયું. પાછો આવી ઘરના ઉમરામાં પગ મૂકું છું તો એક સુંદર ટપકાળી ત્રિકોણ લાકડી, ફાનસને અજવાળે દેખાઈ. મને એ નવાઈભરી લાગી. બીજી જ ક્ષણે મને ખબર પડી કે એ સાપ છે! સફાળો એને કૂદીને હું ઘરમાં પહોંચ્યો. બીજાં બધાં ઊંઘતાં હતાં. મગનકાકા પથારી પર બેઠા બેઠા લખતા હતા. એમને મેં સાપ હોવાના ખબર આપ્યા. તેઓને પગે ગૂમડું થયું હતું. બેચાર દિવસથી એમનાથી ડગલું પણ દઈ શકાયું ન હતું. પગે માટીનો જાડો પાટો હતો. તેઓ લંગડાતા ઊઠયા ને ઉમરામાં આવ્યા ત્યાં સુધીમાં સાપ અધખુલા બારણામાંથી ઘરમાં આવવા લાગ્યો હતો. મગનકાકાએ તુરત બારણું બંધ કર્યું ને સાપને પકડમાં લીધો. એ પછી મારી પાસે સાપ પકડવાની દોરીવાળી લાકડી મંગાવી. બારણું દાબવાનું મને સોંપી એમણે સાપને ગળામાંથી પકડયો. તેમણે કહ્યું આ બહુ ઝેરી સાપ છે. છોકરાંઓની પથારી પાસે પહોંચ્યો હોત તો કેર વર્તાવત. તારી નજરે પડયો એ આપણું સદ્‌ભાગ્ય. મારો ડર વધી ગયો. એવો ત્રિકોણ ને ટપકાંવાળો ને લાંબો સાપ એ પહેલાં કે એ પછી મેં કયાંયે જોયો નથી; સંગ્રહાલયમાં પણ નહિ. મગનકાકા એને મારી નાખે એ સિવાય બીજો ઉપાય મને સૂઝતો ન હતો. મારામાં એને ઉપાડી જંગલમાં છોડી આવવાની હિંમત ન હતી. મગનકાકાથી ચલાય એમ ન હતું. ત્રીજું કોઇ મદદે આવી શકે એવું હતું નહિ. મારી નાખવો એ જ એક ઉપાય હતો. પણ મગનકાકાએ સાપને મારવા કરતાં પોતે જ દુઃખ વેઠવાનું પસંદ કર્યું. લંગડે પગે એ ભાર ઉપાડી ખોડંગતા ખોડંગતા તેઓ ચાલ્યા. મને ફાનસ લઇ સાથે આવવા કહ્યું. ફીનિક્સ આશ્રમની જમીન વટાવી વેટલના ગાઢા જંગલમાં દૂર સુધી તેઓ પહોંચ્યા અને સાપને માટે ઉત્તમ તથા માણસને માટે ભયમુક્ત જગ્યા જોઇ એ સાપને છૂટો કર્યો. એને એટલું યે દુઃખ આપ્યાની જાણે માફી માગતા હોય એવી નજરે બેચાર મિનીટ સુધી સાપને ઘાસમાં અદૃશ્ય થતો તે જોઈ રહ્યા અને પછી પગના ગૂમડાનું કષ્ટ વેઠતા વેઠતા ઘેર આવી મને ઇશ્વરનો મહિમા સંભળાવી નિર્ભય બનાવીને સુવાડી દીધો. ત્યાર પછી રાતના ક્યાર સુધી પોતે જાગતા રહ્યા ને લખતા એ રામ જાણે.

આ બધી સાધના ફીનિક્સ સાવ સૂનું થઈ ગએલું ત્યારની. જ્યારે હડતાલ પૂરવેગે ફાટી નીકળી અને ગિરમિટિયાં ભાઈબ્હેનોનો પ્રવાહ ફીનિક્સને ખૂણેખૂણે ફરી વળ્યો ત્યારે મગનકાકાના પરિશ્રમની પરાકાષ્ઠા થઇ. એકએક રાતમાં છસો છસો આઠસો આઠસો માણસો આવે. દરેક ટોળું આશ્વાસન માગે, સૂવાની જગ્યા માગે અને ખોરાક-પાણી માગે. એકને શાતા આપી વીસ મિનિટ-અર્ધો કલાક ઊંઘ ન લીધી હોય ત્યાં બીજું ટોળું આવી મગનકાકાને જગાડે. દિવસ આખાના કામ બાદ રાતનું આ કામ મૂંઝવી મારનારૂં હતું. પણ મગનકાકા ચોવીસે કલાક એકસરખા શાંત ગંભીર અને સામા માણસને સંતોષ આપવાને પ્રયત્નશીલ દેખાતા. જ્યારે એ હડતાલીઆઓ પર પોલીસ ચડી આવી ત્યારે તો અમે નાનાઓ પણ ખૂબ ઉશ્કેરાઈ ગયા હતા, પણ મગનકાકા તો ત્યારે યે પૂરા શાંત હતા. એ કથા આગળ ઉપર.

બાપુજીએ જે ઉચ્ચવૃત્તિથી અહિંસાની લડત ઉપાડી હતી, એટલી જ ઉચ્ચ ભૂમિકા ઉપર પહોંચી મગનકાકાએ તે અપનાવી હતી. મગનકાકા લડતના આગેવાન ન હતા. ભારેમાં ભારે કુશળ અને બહાદુર યોદ્ધા છતાં ઇતિહાસકારની કલમથી વેગળા રહેવામાં તેઓ ફાવ્યા હતા. મૂગું તપ એ એમના જીવનનું બિરદ હતું. તુલસી રામાયણની જે ચોપાઇઓનું તેઓ રટણ કરતા તે તેમણે આચરણમાં પણ ઉતારી હતી.

अति सुकुमार न तनु तप जोगू
पतिपद सुमिरि तजेउ सब भोगु
नित नव चरन उपज अनुरागा
बिसरी देह तपहिं मनु लागा ॥—बालकांड

ભગવતી પાર્વતીએ જેમ શંકરભગવાનની પાછળ પંડ વિસાર્યું હતું તેમ મગનકાકાએ બાપુજીની અહિંસાનીતિ પાછળ પંડ સમર્પ્યું હતું.

(ચાલુ)

પ્રભુદાસ છગનલાલ ગાંધી

પંચતંત્રની વાર્તાઓ

બીજું તન્ત્ર · સુહૃદ્‌લાભ

આ તન્ત્રનો આદ્ય શ્લોક આમ છે:

અસાધન વિત્તહીન બુદ્ધિમન્ત સુહૃત્તમ।
સાધે છે કામ પોતાનાં કાકકૂર્મમૃગાખુવત્‌॥૧॥

રાજકુમારો બોલ્યા, 'એ કેમ?' વિષ્ણુશર્મા કહે છે:

ગોદાવરીતીરે શાલ્મલીનું વિશાળ ઝાડ હતું તેમાં લઘુપતનક નામે કાગડો રહેતો હતો. એક દિવસ પ્રભાતમાં એણે યમકિંકર જેવા શિકારીને દીઠો ને વિચાર્યું, 'અટાણુમાં વ્યાધનું કાળમુખ જોયું છે તે આજનો દિવસ કોણ જાણે કેવો જાય?' ત્યાં તો લુબ્ધકે ધાનના કણ વેરીને જાળ પાથરી અને થોડેક આઘે સંતાઈ ને બેઠો. હવે ચિત્રગ્રીવ નામે કબૂતરનો રાજા પરિવાર સહિત આકાશમાં ભમતો હતો તેણે ચોખાના દાણા જોયા તથા એના ઉપર તૂટી પડતાં કબૂતરોને કહ્યું, 'આ નિર્જન વનમાં અનાજ કેવું? આનું ફળ હું સારું જોતો નથી. કંકણનો લોભી પંથી બુઢ્ઢા વાઘને હાથે માર્યો ગયો એવી જ દશા કણલોભી આપણી યે ક્યાંક ન થાય.' કબૂતરો બોલ્યાં, 'પારાવત-પતિ, એ કેમ?' તે બોલ્યો:

કથા ૧*

એક ગરડો બુઢ્ઢો વાઘ ન્હાયો, હાથમાં કુશ લીધું ને સરોવરકાંઠે બોલ્યો, 'હે પથિકો, આ સોનાનું કંકણ લ્યો.' એ જોઈ ને એક વટેમાર્ગુને લોભ લાગ્યો ને વિચાર કર્યો, 'આમાં જોખમ છે ખરું, પણ જોખમ ન ખેડિએ તો પ્રાપ્તિ શેની થાય? જોઇએ તો ખરા.' પછી

* હિતોપદેશની



તાણુંને વાઘને કહ્યું, 'ક્યાં તારું કંકણ?' વાઘે હાથ પ્રસારીને દેખાડ્યું, એટલે પંથી કહે, 'તારો મારકણાનો વિશ્વાસ કેમ કરીને થાય?' વાઘ કહે, 'સાંભળ, હે મુસાફર. પહેલાં યૌવનદશામાં મારું બહુ દુષ્ટ વર્તન હતું. અનેક ગાય ને માણસને મેં માર્યાં; એને પાપે મારી વહૂ ને દીકરા મરી ગયાં અને હું નિર્વંશ થઈ ગયો. એટલે એક ભગતે મને દાનધર્મ કરવા કહ્યું. એના ઉપદેશથી હું નિત્ય સ્નાન કરું છું, ને દાન દઉં છું, તથા મારા નખ ને દાંત પડી ગયા છે, તો ય મારો વિશ્વાસ ન આવે? હું એટલો લોભરહિત છું કે આ સુવર્ણકંકણ ગમે એને મારે દઈ દેવું છે, તથાપિ વાઘ માણસને ખાય એ લોકવાક્ય કેમ ટળે? તું અત્યંત દુ:ખી છે એટલે તને કંકણ દેવા હું યત્ન કરું છું. અને કહ્યું છે:

દાન દે તું દરિદ્રીને ધનાઢ્યોને ન દે કદી ।
દવાને શું કરે સાજો એ રોગીને જ કામની ॥

એટલે આ સરોવરમાં ન્હાઈ ધોઈ ને કંકણ લે.'

હવે જેવો લોભિયો ન્હાવા સરોવરમાં પ્રવેશે છે એવો તે ગારામાં ખૂતી ગયો ને ભાગવા અશક્ત થઈ ગયો. તે જોઈને વાઘે કહ્યું, 'અહહ, ગારામાં પડ્યો! લે, તને કાઢું.' એમ કહી ધીરે ધીરે એની પાસે જઈ એને ઝાલ્યો તથા ફાડી ખાધો.

એટલે અવિચારી કામ ન કરવું.'

દેસાઇ વાલજી ગોવિન્દજી

(ચાલુ)

ગણિત ગમ્મત

૧ રૂપીઆની પાઇ ૧૯૨
૨ રૂપીઆની પાઇ ૩૮૪
૩ રૂપીઆની પાઈ ૫૭૬

આ ત્રણ રકમોને તપાસી જોવાથી તેમાં રસમય રહસ્ય જણાશે. પહેલું તો એ કે એ ત્રણે સંખ્યાના મળી કુલ નવ અંક થાય છે. અને એ નવ અંકમાં ૧ થી ૯ સુધીના બધા જ અંક આવી રહેલા છે.

વળી ૧૯૨+૩૮૪+૫૭૬=૧૧૫૨, એ ત્રણે સંખ્યાનો જે સરવાળો થયો તેના બમણા અને અરધા કરીએ તો બંને વખતે વર્ગમૂળ નીકળી શકે તેવી સંખ્યા આવે છે:

૧૧૫૨×૨=૨૩૦૪=૪૮^{2}
૧૧૫૨÷૨= ૫૭૬=૨૪^{2}

એથી પણ વધુ વિચાર કરીએ તો સમજાય કે

૧૯૨ : ૩૮૪ : ૫૭૬ એ ત્રણ સંખ્યાઓ ૧ : ૨ : ૩ પ્રમાણમાં છે. અને એ રીતના પ્રમાણની ત્રણે સંખ્યાના સરવાળાનું અર્ધ, તે ત્રણ પૈકી છેલ્લી-મોટી-સંખ્યા:

૧૯૨+૩૮૪+૫૭૬=૧૧૫૨
૧૧૫૨÷૨=૫૭૬

વળી ૧ : ૨ : ૩ના પ્રમાણની ત્રણે સંખ્યાના સરવાળાને ત્રણ વડે ભાગવાથી એ ત્રણ પૈકી વચલી સંખ્યા આવે:

૧૯૨+૩૮૪+૫૭૬=૧૧૫૨
૧૧૫૨÷૩=૩૮૪

આ પ્રમાણે બીજું પણ રહસ્ય નીકળે. વાચકો જરૂર વિચાર કરશે.

મગનલાલ નાથાલાલ ખત્રી

ચાર પ્રકારનાં માનવી

રસ્તાની વચ્ચોવચ્ચ એક મોટો પત્થર મૂક્યો હોય તો કેટલાક રાહદારી એવા નીકળે કે જે એની સાથે ઠોકરાયા વિના ન રહે. કેટલાક એવા પણ હોય કે જે પત્થરને જેમનો તેમ રહેવા દઈ પોતે તરીને ચાલે. કોઇકોઇ વળી એવા હોય કે જે પત્થરને પગ તળે ચાંપીને આગળ નીકળી જાય, અને કોઈક જ એવો હોય કે જે પત્થરને ઉચકીને એક બાજુ ફેંકી દે.

જે માણસ પત્થર સાથે ઠોકરાય છે તે ક્રોધમાં હોય છે; બીજો જે તરીને જાય છે તે બંધારણવાદી; ત્રીજો જે દાબીને જાય તે સુધારક અને જે પત્થરને ઉચકીને ફેંકી દે છે તે ક્રાંતિકારી

મુશ્કેલીઓ મૂંગે મોઢે સહી લેનાર ગુલામ છે; તરી જનાર બીરૂ છે; ઉપરથી ચાલ્યો જનાર સાવધ છે; પણ તેને ઉખેડી ફેંકી દેનાર વીર છે. સમાજ, ધર્મ, રાજકારણ આદિમાં આ ચારે કોટિનાં માણસો હોય છે

અરબી શૈલીએ પણ એવા જ ચાર જાતનાં માણસો હોય છે, ને એવાની સાથે કેમ વર્તવું તે બતાવ્યુ છે:

એક એ છે કે જે પોતે જાણે છે, અને જાણે છે કે પોતે જાણે છે. આ શાણા નર છે. તેને અનુસરવું.

બીજો એ છે કે જે જાણે છે, છતાં પોતે જાણે છે એમ નથી જાણતો. એ ભાનભૂલેલો છે. એની સાન ઠેકાણે લાવવી જોઇએ.

ત્રીજો એ કે જે જાણતો જ નથી, છતાં પોતે જાણતો નથી એમ પણ નથી જાણતો. એ મૂરખ છે. એનો વિશ્વાસ ન કરતા.

ચોથો એ કે જે જાણતો નથી, પણ પોતે નથી જાણતો એટલું તો જાણે છે જ. એ બાળક છે. એને શીખવવાની જરૂર છે. ('જૈન' માંથી ઉદ્ધૃત)

Our Friends Abroad

પ્રિય વિનુ,   તા. ૨૪-૯-૩૯

સરસ પત્ર ને ચિત્રો માટે આભાર. બહુ જ મઝા આવી. અમારા યુનાઇટેડ સ્ટેટસમાં દારૂબંધી હતી, પણ રૂઝવેલ્ટે આવીને તે કાયદો ખેંચી લીધો એટલે દારૂ ઉઘાડે છોગે વેચાય છે. પહેલાં ખાનગી કે ચોરીછુપીથી દારૂ પીવાતો કે બનાવાતો, પણ તે ગેરકાયદેસર તો ખરૂં જ. એમાં તો એક વાર એક માણસ બનાવતાં બળી ગયો અને ખલાસ જ થઇ ગયો. યુનાઇટેડ સ્ટેટ્સમાં કોઇ જાહેરમાં દારૂ પીધેલો જણાય તો તેનો દંડ થાય છે અને દારૂ પીધેલો કોઈ માણસ મોટર હાંકે તો કાયદાનો ભંગ ગણાય ને પકડાય તો તેનું લાયસન્સ જપ્ત થઇ જાય.

જો બને તો દારૂની ખુવારી સમજાવનારાં ન્યુસપેપરો અને ચિત્રો મોકલી આપજે. અમારે ત્યાં બીજો સખત કાયદો એ છે કે ખાણમાં કામ કરનારને દારૂ વેચાતો આપનાર પણ ગુનેગાર થાય છે, અને એવો પકડાય તો બે વર્ષ સુધી તેને વેચવાનું લાયસન્સ ખોવું પડે છે અને પાછું મેળવવું બહુ મુશ્કેલ થાય છે. ખાણિયો ન હોય તેવો કોઇ જન બીઅર ખરીદી શકે છે, પણ વ્હિસ્કી કે વાઈન માટે તો લાયસન્સ જોઇએ જ. જ્યારે દારૂબંધીનો કાયદો ખેંચી લેવાનો હતો ત્યારે લોકોનો મત લેવાનો હતો. સૂકું કે ભીનું —Wet or Dry એમાંથી એક બાજુ મત દેવાનો હતો. કેટલાક પ્રાંતોએ Dry–સૂકાપણા માટે મત આપ્યો છે. ત્યાં તેમની હદમાં દારૂનું વેચાણ ગેરકાયદે ગણાય છે. દુર્ભાગ્યે વૉશિંગ્ટન Wet–ભીનું બન્યું છે અને અહીં દારૂ વેચાય છે.

પેરૂને અમારા મુલકમાં ગણી ન લેવો. પેરૂ પ્રદેશ હિંદને મન જેટલો અજાણ્યો છે તેટલો જ યુનાઇટેડ સ્ટેટ્સને છે. ત્યાંની પાંચ વર્ષની છોકરી અને તેના બાળકને યુનાઇટેડ સ્ટેટ્સમાં તપાસવાને ડાકટરો લાવવાના છે, પણ તેનું જાહેર પ્રદર્શન થવાનું નથી.

હું કેટલાક દેખાવોનાં ચિત્રો મોકલું છું, તેથી આ પ્રદેશનું સૌંદર્ય કેવું છે તે સમજાશે. બદલામાં હિંદના કેટલાક દેખાવો મોકલજે.

વાલાવાલામાં, જેમ બધાં શહેરોમાં હોય તેમ, જાહેર મફત વાંચનાલય છે. તેમાં ૨૫૦૦૦ચોપડીઓ છે. ચોપાનિયાં પણ છે. ઘણું વાર્તાવાંચન છે. બીજું પણ છે. હાઈસ્કૂલમાં પહોંચેલાઓ માટે અને પ્રૌઢ થએલાઓ માટે એક વિભાગ છે અને બીજો નીચેનાં ધોરણો માટેનો છે. કેટલીક ચોપડીઓ બે અઠવાડિયાં સુધી રાખી શકાય; કેટલીક બહુ માગણી થતી ચોપડીઓ એક જ અઠવાડિયું રોકી શકાય; અને મુદતસર ચોપડી પાછી ન લાવો તો ચોપડી દીઠ રોજના બે સેંટ દંડ ભરવો પડે. વાર્તાની ત્રણ ચોપડીઓ એકીસાથે લઇ શકાય છે. કેટલીક સરસ નવી ચોપડીઓ Rental collection–ભાડા વિભાગમાં–મુકાય છે. તેના માટે પાંચ સેંટ આપી એક અઠવાડિયું રાખી શકો. આ રીતે દંડ અને ભાડાની રકમો ભેગી થાય તેનો ઉપયોગ ફાટેલી ચોપડીઓ ફરી બંધાવવામાં અને નવી ખરીદવામાં થાય છે.

તારો અમેરિકન મિત્ર Ted

ફોટોગ્રાફી

પહેલું ઇનામઃ (મોકૂફ); બીજું ઇનામઃ 'ધરતીને છેડે'–ઠાકોરભાઈ પટેલ (નૈરોબી); ત્રીજું ઈનામઃ 'શ્રમજીવીની સવાર'–જેઠાભાઇ ગજ્જર (નડિયાદ). નોંધપાત્રઃ ૧ ઈન્દુકુમાર વ્યાસ (અમદાવાદ); ૨ વામન હરિપ્રસાદ ઠાકોર (અંધેરી); ૩ ઠાકોરદાસ ટ્રેઝરર (સુરત); ૪ ફીરોઝ સરકાર (સુરત); ૫ બાબુભાઈ ભણસાળી (સાન્તાક્રુઝ).

પચાસ જેટલા ફોટો-સંગ્રહમાંથી પહેલા ઇનામને પાત્ર એકાદ ચિત્ર પણ ન મળે ત્યારે સ્વાભાવિક જ અફસોસ થાય. ઓછામાં ઓછાં દસ વર્ષથી 'કુમાર' નિયમિતરીતે ફોટોગ્રાફી હરીફાઈ ચલાવે છે. તેમાં આવતાં વિવેચન હરીફોને તેમના વિકાસમાં શું મદદરૂપ નથી થતાં? કૅમેરાની ચાંપ દાબ્યે જ કદી ફોટોગ્રાફી આવડે નહિ. કોઇ પણ ધ્યેયને પહોંચી વળવા અભ્યાસ અને મહેનત આવશ્યક છે. દરેક શોખીને ખૂબ જ કાળજીપૂર્વક ચિત્રવસ્તુને તપાસી પછી જ એક્સપોઝર કરવું ઘટે. યુરોપની લડાઈ અંગે ફોટોગ્રાફીને લગતી તમામ સાધનસામગ્રીના ભાવ વધ્યા છે. તે સમયે કરકસર સાથે, વિચારપૂર્વક એનો વપરાશ કરવો જોઇએ. આટલી સૂચના ધ્યાનમાં રાખી ફોટોગ્રાફર, ચોક્કસ હેતુ પાછળ પોતાની મહેનત, શક્તિ અને પૈસા ખર્ચે.

હવે આપણે ભાઈ પટેલના 'ધરતીને છેડે' ચિત્ર તરફ વળીએ. કોઇ ટેકરા ઉપર નરી કુદરત વચ્ચે ઊભેલી એક ઝૂંપડીના ચિત્રમાં કેટલી સાદાઇ છે! છતાં તે આકર્ષક જણાય છે. ચિત્રકાર પોતાનું કથિતવ્ય સચોટરીતે આપણને કહી શક્યા છે. અનુકૂળ સમયે યોગ્ય ચિત્રવસ્તુ, પાડનારે ઓળખી છે. પરંતુ ચિત્રસંયોજનની ત્રુટીઓ વિચારમાળાની ઊણપ બતાવે છે. વાદળ તથા ઝૂંપડીને જોડનાર કાંઇ જ નથી. ઠાકોરભાઇએ ડાબી તરફ થોડાં ડગલાં ભરીને પછી સ્નૅપ કર્યો હોત તો વાદળાંના ગોટા બરાબર ઝૂંપડીની પાછળ આવત. અત્યારે જણાય છે તેના કરતાં વધુ ભારપૂર્વક ઝૂંપડીની રજુઆત થઈ શકત. પ્રિન્ટમાં છાપેલાં વાદળાં તથા ઝૂંપડી એકબીજાનાં પ્રતિસ્પર્ધી બને છે અને ચિત્રમાં એકરાગ

દેખાતો નથી. તોપણ ભાઈ પટેલનો પ્રયાસ સ્તુત્ય છે.

ભાઈ ગજ્જરના સિલ્હાઉટ ફોટોગ્રાફમાં વહેલી સવારે ગામડાની ભાગોળે ઊડતી ધૂળ વચ્ચે ચાલી જતું ગાડું નજરે પડે છે. ક્રિયાભાગ સાધારણ કહેવાય. ચિત્ર વસ્તુને અનુરૂપ બૅકગ્રાઉન્ડ નથી. ચિત્રને જમણી તરફથી બે ઈંચ કાપવાની જરૂર છે.

નોંધપાત્ર ચિત્રોમાંથી કેટલાંકમાં ચિત્ર-તત્ત્વો સમાએલાં છે. ભાઇ ઠાકોરદાસ ટ્રેઝરરનો વિષય સારો છે; ચિત્રગૂંથણી બરાબર નથી. પાત્રોનું કાર્ય ચિત્રમાં સ્પષ્ટ જણાતું નથી. ભાઈ ફીરોઝ સરકારનાં નાળીએરનાં ઝાડનાં જાય પાડવાનો હેતુ સમજાતો નથી. વાતાવરણ ઝડપાયું નથી. ભાઈ વામન ઠાકોરનું 'રંગોળી' ચિત્ર સારૂં છે. સાધારણરીતે ગુજરાત કે મહારાષ્ટ્રમાં 'રંગોળી'ની કલ્પના કરતાં સ્ત્રીપાત્ર કલ્પનામાં આવે છે. જ્યારે ભાઇ ઠાકોરે યુવાનને 'રંગોળી' પાડતો બતાવ્યો છે. દૃષ્ટિકોણ સારો છે. ડાબી, જમણી અને નીચેની બાજુથી ચિત્રને સારી રીતે ટ્રિમ કરવાથી ચિત્રનું આકર્ષણ વધશે. ભાઈ ભણસાળીના 'પડછાયા' ચિત્રમાં ડિઝાઇનનાં તત્ત્વ છે. પરંતુ ઉપરની બાજુ વાડનો કાળો જથ્થો ક્ષતિરૂપ છે.

ભાઇ ઇન્દુકુમારના 'વ્યથિત'માં પાત્રના ભાવ જણાય છે, પરંતુ ફોટોગ્રાફીની ટૅકનીક બરાબર નથી. ચિત્ર આઉટ ઑફ ફોકસ છે. છાયા-પ્રકાશની ગોઠવણ સારી છે. **બલવન્ત ભટ્ટ**

એક પારસી તેના મિત્રને: 'કેમરે બાવા, આતલો ઉતાવરે કહાં ચાલીઓ.'

'કેમ, ખબર નથી, મારા મોટાભાઇનાં લગ્ન છે તે?'

'પન તારા મોટાભાઇના લગન તો હજી ગઈ ક્રિસ્તમસ વખતે જ હતા ને?'

પેલો જરા અચકાઇને શરમથી કહે: 'આ બીજી વખત પરણે છે.'

'તો પહેલી વખત સું રિહર્સલ હતી?'

સંસારનાં શહેરો

૧૩–બકરસ્ત

યુરોપમાં જર્મની અને ઇટલીના હસ્તક્ષેપથી આજે જે ભગ્નાંગ બનતું જાય છે તે, આપણા મુંબઈ ઇલાકા જેવડા અને ૧,૨૨,૨૯૨ ચો. માઇલનું ક્ષેત્રફળ ને ૧,૮૭,૯૭,૬૪૫ની વસતિ ધરાવતા રૂમાનિયાનું એ પાટનગર.

યુરોપમાં એ નાનકડું પારીસ ગણાય છે. એની વસતિ સાડા છ લાખની છે. દિમબોવિટા નામની નાની નદીને બંને કાંઠે તે વસેલું છે ને તેનો વિસ્તાર લગભગ ૨૦ ચોરસ માઈલ છે.


રૂમાનિયાની પ્રજા મોટે ભાગે લાટિન છે. શહેનશાહ ટ્રાજને એ મુલક પર આક્રમણ કરવા મોકલેલા રોમન સૈન્યમાંથી એ ઊતરેલ છે. જોકે એમાં તાતાર, ગ્રીક, તુર્ક અને જિપ્સી લોહીનું મિશ્રણ પણ થયું છે. મોટા ભાગની પ્રજા ખ્રિસ્તી ધર્મ પાળે છે, પણ નવ લાખ યહૂદીઓ ને બે લાખ મુસલમાનો પણ ત્યાં વસે છે. ગયા મહાયુદ્ધ પછી એણે રશિયા, હંગેરી, તુર્કી ને બલ્ગેરિયા વગેરે પડોશી રાજ્યોના પ્રદેશો લઈ લીધેલા જે હવે પાછા જાય છે.


બકરસ્ત બહુ જૂનું શહેર નથી. એક કિંવદંતી મુજબ બકર નામના એક ભરવાડે તે વસાવેલું. પહેલાં તો ટ્રાન્સીલવાનિયાના ઘાટોની ચોકી કરતા કિલ્લા તરીકે તેનું મહત્ત્વ હશે. બીજી એક દંતકથા એ છે કે વાલાકિયાના મિરસીઆએ તુર્કો પર મેળવેલા વિજયની યાદગીરીમાં એ બંધાવ્યું છે. તુર્કો, રશિયનો, ઑસ્ટ્રિયનો વગેરેના હુમલાઓનું તે વારંવાર ભોગ બનતું રહેલું. ઇ. ૧૮૬૧માં રૂમાનિયાના સ્વતંત્ર રાજ્યની તે રાજધાની બન્યું.

બકરસ્તમાં બાઈઝેન્ટાઇન પદ્ધતિનાં નાનાંમોટાં અનેક દેવળો છે, બગીચા છે, યુનિવર્સિટી તથા સંગ્રહસ્થાનો પણ છે. એક ઉત્તમ વિદ્યાધામ પણ છે. એની યુનિવર્સિટી ઈ.૧૮૬૪માં સ્થપાએલી. એના રાષ્ટ્રીય પુસ્તકાલયમાં પૂર્વના દેશોનાં કીમતી પુસ્તકો રહેલાં છે.

એનું હવામાન ખૂબ ઉગ્ર છે. જેટલી ઉનાળામાં સખત ગરમી હોય છે એટલી જ ચોમાસા અને શિયાળામાં ઠંડી સખત હોય છે. એના ઉદ્યોગોમાં પેટ્રોલિયમનું શુદ્ધીકરણ, ચામડાં કેળવવાનું, સીમેન્ટ, સાબુ, મીણબત્તી, મશીનરી, મોતીનાં બટન, ચૂંક, ખીલા, તાર દોરડાં, કાપડ ને મિઠાઇના મુખ્ય છે. વરસમાં સાત દિવસ સુધી ત્યાં જબરો મેળો ભરાય છે.

બકરસ્તથી ૫૦ માઇલ ઉત્તરે પ્લોએસ્ટી મુકામે તેલના કુવા આવેલા છે. ઘણોખરો વેપાર જર્મની સાથે ચાલે છે. કાળા સમુદ્ર પર આવેલું કૉન્સ્ટન્ટા રૂમાનિયાનું એકનું એક ખુલ્લું બંદર છે. ત્યાંથી બકરસ્ત સુધી રેલવે જાય છે.





રૂમાનિયાએ પડાવેલા પ્રદેશો સાથેનો તેનો નકશો તથા બકરસ્તનો રાજમાર્ગ

આ મહિનો (સપ્ટેમ્બર) ઈતિહાસમાં

તા. ૧ ને શુક્રવારની સવારે ૫-૪૦ વાગ્યે જર્મનીએ પોલાંડ સામે યુદ્ધ જાહેર કર્યું ને એ જાહેરાત સાથે પ્રૂશિયા, ડાન્ઝીગ, સાઇલેશિયા ને સ્લોવાકિયા એ ચાર બાજુથી જર્મન સૈન્ય આગળ ધસ્યું. લગભગ છ વાગતાં યુદ્ધ શરૂ થયું ને ત્યારપછી ૩ કલાકે વૉર્સો પર પહેલો વિમાની હલ્લો થયો.-ઇ. ૧૯૩૯

તા. ૩ જર્મનીએ પોલાંડના ઉપર આક્રમણ ન કરવાની સૂચના માન્ય ન રાખતાં ઈંગ્લંડે પાર્લામેન્ટની બેઠક ભરીને ૧૧ વાગ્યે જર્મની સામે યુદ્ધ જાહેર કર્યું. એ જ વેળા એ જ પદ્ધતિથી ફ્રાન્સે પણ યુદ્ધ જાહેર કર્યું.-ઈ. ૧૯૩૯

તા. ૫ ભારતના શ્રેષ્ઠ તત્ત્વજ્ઞાની સર રાધાકૃષ્ણનનો જન્મ.-ઇ. ૧૮૮૮

તા. ૧૪ ઇટલીના મહાકવિ દાંતી આલીઘીરીનું અવસાન-ઈ. ૧૩૨૧. એ ઈ. ૧૨૬૫ના મે માસમાં ફ્લૉરેન્સ મુકામે જન્મેલો. અઢાર વરસે એણે પૂરું કરેલું 'La Divina Commedia' એની અમર કૃતિ ગણાય છે. બીજી શ્રેષ્ઠ કૃતિ 'Vita Nuova' એની પ્રણયપાત્રી બીઆટ્રીસ પર લખાએલી છે.

તા. ૧૫ હિટલરે સ્વસ્તિકને જર્મનીના રાષ્ટ્રધ્વજ તરીકે સ્વીકાર્યો તથા યહૂદીઓને તે ફરકાવવાની મનાઇ ફરમાવી.-ઇ. ૧૯૩૫.

તા. ૧૭ રશિયાએ પોલાંડની ૫૦૦ માઈલની લંબાઈની પશ્ચિમ સરહદ પર પોતાનું લશ્કર ઉતારી એ ભાગ કબજે કર્યો.-ઈ. ૧૯૩૯.

તા. ૨૨ મહાન વિદ્યુત્શાસ્ત્રી મિશેલ ફેરાડેનો જન્મ-ઇ. ૧૭૯૧

તા. ૨૫ અકબરે કંદહાર જીતી ત્યાં મુઘલ સત્તા કાયમ કરી-ઈ. ૧૫૯૪.

તા. ૨૯ ફ્રેન્ચ પ્રમુખ દલાદિયે, ઇંગ્લંડના વડા પ્રધાન ચેમ્બરલેઇન, ઇટલીના મુસોલિની તથા જર્મનીના હિટલર વચ્ચે મ્યુનિક કરારો થયા, ને ચેકોસ્લોવાકિયામાં હિટલરને જોઇતો સઘળો પ્રદેશ આપી દેવાયો.-ઇ. ૧૯૩૮.



આ માસની વિભૂતિ
ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર

ઈ. ૧૮૨૦ના સપ્ટેંબરની ૨૬મી તારીખે મેદનીપુર જિલ્લાના વીરસિંહ ગામમાં કુલીન બ્રાહ્મણ કુટુંબમાં જન્મ. પિતાનું નામ ગુરુદાસ વંદ્યોપાધ્યાય, માતાનું નામ ભગવતીદેવી. દાદાનું અવસાન થતાં આખું કુટુંબ કલકત્તા આવી રહ્યું. ત્યાં ૧૮૨૯ના જૂનની ૧લીએ સંસ્કૃત કૉલેજમાં દાખલ થઈ, ૧૨ વરસ તથા ૫ મહિના અભ્યાસ કરીને જ્યોતિષ, અલંકાર, વેદાંત, સ્મૃતિ, સાહિત્ય આદિમાં પારંગત થઇ, 'વિદ્યાસાગર'ની ઉપાધિ મેળવી.

એમની બુદ્ધિ બહુ તીક્ષ્ણ હતી. અભ્યાસમાં સદા મોખરે રહી એ અનેક પુરસ્કારો મેળવતા. છતાં અભ્યાસ આગળ ચલાવવા એમને બીજાં ઘણાં કામ કરવાં પડતાં અને રાત્રે વાંચવાનું પણ રસ્તા પરના ફાનસ નીચે રહેતું.

કૉલેજમાંથી નીકળ્યા બાદ એ ફોર્ટ વિલિયમ કૉલેજમાં નિમાયા અને એમાંથી આગળ વધતા છેવટે પ્રિન્સિપાલ બન્યા. ઇ. ૧૮૪૬માં બંગાળી ગદ્યનું એમનું પ્રથમ પુસ્તક 'વૈતાલપચ્ચીસી' બહાર પડ્યું, ૧૮૫૫માં 'શકુંતલા', ૧૮૬૨માં 'સીતાવનવાસ'.

એવામાં ડ્રિન્કવૉટર બેથ્યૂને હિંદી સ્ત્રીઓના શિક્ષણની જે ચળવળ ઉપાડેલી તેમાં ભાગ લઇ એમણે સમાજસેવાનો પાયો નાખ્યો, અને બેથ્યૂનના નામે સ્થપાએલી કન્યાશાળાની વ્યવસ્થા એમના જ માથે નખાઈ. સંસ્કૃત શીખવાની પદ્ધતિ પણ સરળ કરી નાખી એમણે વિદ્યાર્થીજગતને ઉપકૃત કર્યું. ૧૮૫૪ની શિક્ષણની યોજના વખતે એમના હાથે અનેક નવી શાળાઓ ખુલેલી. ૧૮૫૮માં સરકારી નોકરીનું રાજીનામું આપી કલકત્તાની એક ખાનગી કૉલેજમાં તે જોડાયા.

અને સાથોસાથ સમાજસુધારામાં પણ એમણે સમગ્રપણે ઝુકાવી દીધું હતું. ઇ. ૧૮૫૫માં 'હિંદુ વિધવાનાં પુનર્લગ્ન' ઉપર ગ્રન્થ બહાર પાડી હિંદુ જનતાને એમણે ચોંકાવી મૂકી હતી. સનાતની પંડિતોના વિરોધની પરવા ન કરતાં કંપની સરકારને વિધવાવિવાહનો કાયદો પસાર કરવા એમણે અનુરોધ કર્યો, અને ૧૮૫૬માં તે પસાર થયો જે માટે સમસ્ત હિંદુ જનતા તેમની ઋણી છે. એ કાયદા પછી થોડા જ વરસે એમણે ખુદ પોતાના પુત્રનાં લગ્ન એક વિધવા સાથે કર્યાં.

જિંદગીના અંત સુધી એ સમાજસુધારા પર લેખો લખતા રહ્યા. જેટલા શિક્ષણપ્રવૃત્તિ અને સુધારા માટે એટલા જ દાનશીલતા ને સમભાવ માટે એ જાણીતા હતા. એમની સેવાઓને ધ્યાનમાં લઈ ૧૮૮૦માં સરકારે એમને સી. આઇ. ઇ. બનાવ્યા.

ઇ. ૧૮૯૧ના જુલાઇની ૨૯મીએ સામાજિક ક્રાન્તિના આ અગ્રદૂતે આંખ મીંચી. મૂક હિંદુ નારીજગતનું આક્રંદ સાંભળી વિધવાવિવાહની છૂટ સાથે બાલવિવાહના નિષેધ પાછળ એ મથેલા. પતન તરફ ધસતી માનવતાને ઉગારવા તે સદા વ્યગ્ર રહેતા. જીવનમાં ત્યાગ, સેવા અને સાદાઇ સ્વીકારીને સમાજ ને શિક્ષણ બંનેનું સંસ્કરણ કરી, બંગાળી ભાષા અને સાહિત્યને પણ સમૃદ્ધ કરી જનાર એ મહાનુભાવીને હિંદ નહિ ભૂલી શકે; કારણ, કોઇનાપણ દુઃખથી દ્રવી જનાર એની માનવતા વેદનાઓના અગ્નિમાં કસાઈકસાઇને હેમશુદ્ધ બનેલી હતી.



માધુકરી

કવિતા અધૂરી

ઉંચી અભ્રમ વળી નમ્ર અહો કરાડો!
ઓ વિસ્તરેલ અ-તરંગ અ-રંગ ઝીલો!
ઓ વાયુ-વારિ થકી શુભ્ર બનેલ ધૂલિ!
ઓ શૈત્ય આતપ ખમેલ તરુ સુભાગી!
ઓ નાદમગ્ન અનિરુદ્ધ અતાગ અબ્ધિ!
સૌએ મળી શ્રમ હરી સઘળી ભુલાવી
ગ્લાનિ અને હૃદયબીન રણઝણાવી:
એ ઝંકૃતિ જ બની આ કવિતા અધૂરી.

—અશોક હર્ષ

મોટરનાં ટાયરનો શોધક ડનલૉપ

ઈ. ૧૮૪૦ના ફેબ્રુઆરીની ૫મીએ આયરશાયર નામના એક ગામડાના ખેડૂતને ત્યાં એક પુત્ર જન્મ્યો. નાનપણથી જ ખેતરથી હેવાયો થતાં ઘોડાબળદોને થતા રોગો અને તેથી નીપજતાં દર્દ તે નજરે જોવા લાગ્યો ને નાનપણથી જ પશુઓના વૈદ્ય બનવાનો એણે નિર્ણય કરી લીધો. એડિનબરોની રૉયલ વેટરીનરી કૉલેજમાં તે દાખલ થયો અને બહુ જ નાની--માત્ર ૧૯ની ઉમરે તેણે એમાં ઉચ્ચ કક્ષા પ્રાપ્ત કરી. ત્રણ વરસ રહી એણે બેલફાસ્ટમાં પોતાનો ધંધો આરંભ્યો અને થોડા વખતમાં જ આખા આયર્લંડમાં શ્રેષ્ઠ પશુવૈદ્ય તરીકે તેની ગણના થવા લાગી.

૪૮ વરસની પ્રૌઢ વયે માણસ સામાન્યતઃ થાકીને નિવૃત્તિનાં સ્વપ્ન સેવતો હોય છે ત્યારે યે આ પશુચિકિત્સક જૉન બૉઇડ ડનલૉપ ઉલ્લાસપૂર્વક પોતાના ધંધામાં પ્રવૃત્ત રહ્યો હતો. પરંતુ આયર્લંડના કાચા રસ્તાઓ પર આમતેમ ગાડાંઓમાં દોડાદોડ કરતાં તેનાં હાડકાં રહી જતાં. એણે એ માટે કંઈક સલામત માર્ગ શોધવા માંડયો. એક દિવસ અચાનક એના દસ વરસના છોકરાની ટ્રાઇસિકલ એની નજરે પડી ને એ તેના પર અખતરે ચડયાં. એણે એનું એક પૈડું કાઢી નાખી, લાકડાની ૧ ફૂટ ૪ ઇંચની એક સગ બનાવી ને તે પર પછી શીટ રબરની ૧-૩૨ ઇંચ જાડી નળી લપેટી, ફૂટબૉલની માફક પંપથી તેમાં પવન ભર્યો. જગતનું એ પહેલું ન્યુમૅટિક ટાયર.



ડનલૉપના આ અખતરા ખૂબ લાંબો વખત ચાલ્યા અને છેવટે ૧૮૮૮ના ફેબ્રુઆરીની ૨૮મીએ ચાંદનીના પ્રકાશમાં તેણે એની પ્રથમ અજમાએશ આદરી. તાંબાના તાર, કૅનવાસની ટયૂબ અને શીટ રબરનાં બે પડ વડે એણે સંપૂર્ણ 'ટાયર' બનાવ્યાં હતાં. અજમાએશમાં પાર ઊતરતાં ત્યાંની એડિન ઍન્ડ કં.માંથી પૈડાં વગરની એક ટ્રાઈસિકલ તે લાવ્યો. એના પર પણ એ અજમાએશ પૂરતી સફળ નીવડતાં ૧૮૮૮ના જુલાઇની ૨૩મીએ એણે નં. ૧૦૬૦૭નું પેટન્ટ મેળવી લીધું. એડિન ઍન્ડ કં.ને પણ ડનલૉપની આ શોધ એટલી કીમતી જણાઇ કે એ વર્ષના ડિસેંબરની ૧૯મીના 'The Irish Cyclist'માં એમણે આ રીતની જાહેર ખબર છપાવી: 'Look out for the new pneumatic safety. Vinration inpossible. Sole makers: W. Edin & Co. Garfield Street, Belfast.'

આ ક્રાન્તિમૂલક 'ન્યૂમૅટિક ટાયર'થી સજ્જ પહેલી સાઈકલે એકે પંક્ચર પાડયા વિના ૩૦૦૦ માઇલની મુસાફરી કરી. આજ પણ એ પહેલી સાઈકલ એડિનબરોના રૉયલ સ્કૉટિશ મ્યૂઝિયમમાં સંઘરાએલી પડી છે. જોકે એ વખતનાં છાપાંઓએ તો ડનલૉપની આ શોધ માટે 'સૉસેજ' 'બૉલ્સ્ટર' વગેરે જેવાં હીણાં પદો વાપરવા માંડેલાં, પરંતુ

બેલફાસ્ટ ક્રુઝર્સ સાઇકલિંગ કલબનો કૅપ્ટન વિલિયમ હ્યુમ તેનું મહત્ત્વ બરાબર સમજ્યો ને એણે એ સાઇકલ પુરસ્કારી.

હવે મિ. હાર્વે દુ ક્રૉસ ઝળકયો. અને એની દરમિયાનગીરીથી આખી 'ન્યૂમૅટિક ટાયર કંપની' ઊભી થઇ. ૧૮૮૯ના નવેંબરમાં તેનું પ્રૉસપેક્ટસ બહાર પાડવામાં આવ્યું ને તેની પ્રમાણિત અસકયામત ૨૫૦૦૦ પૌંડની જાહેર થઇ. કંપની એટલી તો પ્રગતિ કરવા માંડી કે તેને કૉવેન્ટ્રી મુકામે ખસેડવામાં આવી અને ત્યાં પણ સંકડાશ નડતાં ઍસ્ટન ક્રૉસ-બર્મિંગહામ મુકામે, જ્યાં આજે 'ફૉર્ટ ડનલૉપ'થી જગજાહેર થએલું નાનું સરખું એક સ્વયંપર્યાપ્ત શહેર જ વસી ગયું છે.

ડનલૉપ કંપનીનો ત્યાર પછીનો વિકાસ અહીં સંક્ષેપમાં સમાવવો અશક્ય છે. આજે એ એકલાં મોટર–ટાયર્સ જ નહિ, પણ ટાયર ને પૈડાં જોડે સંબંધ ધરાવતી એકે એક વસ્તુ બનાવે છે. કંપનીનાં પોતાનાં રબરનાં વાવેતરો બ્રિટિશ સામ્રાજ્યમાં (મોટા ભાગનાં મલય દ્વીપકલ્પમાં) પથરાએલાં છે, અને રૉકેલ મુકામે ડનલૉપ કૉટન મિલ્સ પણ એ ચલાવે છે. રમતગમતનાં સાધનો પણ તેણે બનાવવા માંડી તેમાં નામના પ્રાપ્ત કરી છે.

હવે તો હિંદમાં પણ કલકત્તા પાસે સાહાગંજ નજીક ડનલૉપનુ કારખાનું ઊભું કરવામાં આવ્યું છે અને બાર હજાર માણસો તેમાં રોકાએલા છે. એમાં મોટરનાં ટાયર ઉપરાંત બીજાં વાહનોનાં પૈડાં, ટ્રૅકટર વગેરે બને છે અને ધીમે ધીમે રબરની તમામ બનાવટો ઉપજાવવાની તે ઉમેદ રાખે છે. બર્મિંગહામના ફૉર્ટ ડનલૉપના મુખ્ય કારખાના ઉપરાંત કૅનેડામાં ટોરોન્ટો મુકામે, દક્ષિણ આફ્રિકામાં ડર્બન મુકામે, ઑસ્ટ્રેલિયામાં મેલબોર્ન મુકામે, યુનાઈટેડ સ્ટેટ્સમાં બફેલો મુકામે, આયર્લૅન્ડમાં કૉર્ક મુકામે તથા ફ્રાન્સ, જાપાન ને જર્મનીમાં પણ તેનાં કારખાનાં છે.

ટિકીટો કીમતી કેમ બને છે?

આ વિષયના અગાઉના એક લેખમાં દર્શાવ્યું હતું કે સાધારણ ટિકીટો પણ કેટલીકવાર તેના બ્લૉક કે છાપકામમાં સહેજ ભૂલ પડી જતાં કીમતી બની જાય છે. તે વિષેનાં ઉદાહરણો અહીં આપ્યાં છે.

યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાં બે સેન્ટની ટિકીટ બહુ જ સાધારણ અને ઢગલાબંધ વપરાશમાં છે. છતાં તે છાપતી વખતે સહેજ ખામી આવી જતાં તેવી ખામીવાળી ટિકીટની કીમત આજે અતિ મોંઘી થઇ પડી છે. તેનો નમૂનો આ સાથે છાપ્યો છે. ખામી માત્ર એટલી આવી કે તે છાપતી વખતે તેની ડાઇ ઉપર સહેજ કોઈ રેસો અગર દોરો આવી જતાં ત્યાં શાહી આવી નહિ અને ટિકીટ પર એવો સફેદ આંકો પડી ગયો કે ડાઈ જાણે ત્યાંથી તૂટી ગઈ હોય. એવી જ બે સેન્ટની એક બીજી ટિકીટમાં નીચેની કીમત ઉપર સહેજ રેસો વધારે છપાઇ જતાં તે પણ તેવી નવીનતાવાળી હોવાને કારણે કીમતી બની ગઇ છે.



આવી જ બીના આપણી હિંદુસ્તાનની ટિકીટોમાં પણ બની છે. ઇ. ૧૯૧૧ થી ૨૨ સુધીમાં છપાએલી ત્રણ પાઈવાળી ટિકીટોમાં બંને બાજુ જે 3 Ps. છપાએલું છે તેમાં જમણી બાજુના Pનું પાંખડું એકાદ dieમાં સહેજ લંબાઇ જતાં Pને બદલે R જેવું થઈ ગએલું; એટલે 3 Ps. ને બદલે 3 Rs. જેવું વંચાતું.

તેવી જ એક નવીનતા તે વખતે પ્રચલિત એક આના વાળી ગુલાબી ટિકીટને ત્રણ પૈસા (નવ પાઇ)માં ફેરવી નાખતાં છાપવામાં થએલી ભૂલને લીધે બની ગઈ. તેવી દરેક ટિકીટ ઉપર nine pies છાપવામાં આવેલું. તેમાં છાપનારની ભૂલથી અમૂક ટિકીટ ઉપર nine nine અને બીજી ટિકીટ ઉપર pies pies છપાઈ ગએલું. ટિકીટો સંગ્રહનારાઓના જાણવામાં એ ભૂલ આવતાં તે પણ નવીનતામાં ગણાઇને ન મળી શકે તેવી મનાઇ અને તેની કીમત વધી ગઇ. આજે એવી ટિકીટોની 'કૅટલૉગ-પ્રાઈસ' બે પાઉન્ડ ગણાય છે અને તે જો ડબલ છપાએલી હોય તો તેના છ છ પાઉન્ડ ગણાય છે. —હરિલાલ બૅંકર

ઝીલાન!

આ નવું લાગતું નામ એક નવા જ શોધાએલા પદાર્થનું છે અને એ પદાર્થ પાણીનો પૂરો પ્રતિકારક હોઈ કાપડને તે વડે કેળવતાં ડ્રાઈ કલીનિંગ પણ એના પર અસર નથી કરી શકતું. વરસાદથી કે પરસેવાથી પલળીને કપડાં ભારેખમ બની જાય છે એવી તકલિફ આ કાપડથી નહિ રહે ને લશ્કરી પોશાકમાં તો તેનો ઉપયોગ ખૂબ આવકારદાયક નીવડશે. આ સાથે એની સરળતા એ છે કે એવાં બીજાં પ્રતિકારક તત્ત્વો પેઠે કાપડનાં છિદ્રો એ પૂરી નાખતું ન હોઈ પરસેવાના બાષ્પીભવન માટે પૂરતો અવકાશ રહે છે. વાવટાઓમાં તથા શઢના કાપડ (sail-cloth) તરીકે તો તેનો ઉપયોગ થવા પણ માંડયો છે.

ઠંડો તડકો

શૂન્યથી પણ ત્રણ સો અંશ ફારનહાઈટના નીચા ઉષ્મામાનથી ઠારેલા જ્વલમાન (luminescent) પાઉડરથી ભરેલા નળીઓમાં તડકાને કેદ કરી તે વડે પ્રકાશ મેળવવાનો અખતરો અમેરિકામાં સફળ નીવડયો છે. નળીની કળ ફેરવતાં એ તડકાની શક્તિ એક ફોટોઇલેકટ્રિક સેલ મારફત વીજળીક પ્રવાહમાં ફેરવાઈ જાય છે.

માંદગીથી આવેલી અશક્તિને કારણે શાંતિનિકેતનમાં એક દિવસ દીનબંધુ ઍન્ડ્રૂઝે ખોરાકમાં તેમના પ્રેમાળ બબરચીએ મમત્વથી રાંધી આપેલાં ગોરડાંનો આહાર ન છૂટકે લીધો તેથી આશ્રમમાં જોશભેર જે ચકચાર ચાલી તે પર જરા યે ખોટું લગાડ્યા વિના બીજે દિવસે તે બાઈબલનું એક વાક્ય ટાંકી બોલેલા: 'જેમની સેવા કરવા જઈએ તેમના જેવા થઈને રહેવું જોઈએ. હવે અત્યારે પણ આવી ભૂલ કદિ થવા નહિ દઉં.' અને આ બોલતાં દીનબંધુની આંખ આંસુથી ભરાઇ ગઈ.

∞

અનેકાર્થી શબ્દ: **જાન**—લગ્નમાં વર સાથે જનારાઓનો સમૂહ; જીવ, પ્રાણ; નુકસાન, હાનિ.

∞

ગણિતગમ્મત:

$१^2+१ = १\times२$

$२^2+२ = २\times३$

$३^2+३ = ३\times४$

$४^2+४ = ४\times५$

$५^2+५ = ५\times६$

$६^2+६ = ६\times७$

$७^2+७ = ७\times८$

$८^2+८ = ८\times९$

$९^2+९ = ९\times१०$

$१०^2+१० = १०\times११$

અને એ પ્રમાણે આગળ (ડા. મ. જો.)

∞

કહેવતોના અર્થ: 'બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા'—સૃષ્ટિની સઘળી જ જીવશ્રેણીઓમાં પૈતૃક ગુણો એની ઓલાદમાં ઊતર્યા વિના નથી રહેતા. એ જ રીતે માણસમાં પણ માવતરના સારાનરસા ગુણો એવે ઊતર્યા વિના નથી રહેતા. એને લગતી બીજી કહેવતો: 'ઢાંગ તેવી ઢીકરી, મા તેવી દીકરી,' 'ખેતર તેવાં વેતર', 'તુખમે તાસીર', 'જૂના પેટમાં લીખ પાકે' વગેરે.

∞

ઠંડા ખોરાક કરતાં ગરમ ખોરાક જલદી પચે છે.



અમેરિકામાં પ્રતિષ્ઠિત અને ચારિત્ર્યશીલ મહાનુભાવ તરીકે થઈ ગએલા હબસી નેતા બુકર ટી. વૉશિંગ્ટનના સ્મરણમાં એ દેશે દસ સેન્ટની આવી ટિકિટ કાઢી છે.

∞

જગતમાં ભૂત પ્રેતને માનનારા જ લગભગ સાડાતેર કરોડ છે. અને કોઇ પણ ધર્મમાં નહિ માનનારા લોકો પાંચ કરોડ છે.

∞

આપણી પૃથ્વી પરથી જે પાણી સતત શોષાતુ રહે છે તે વરસાદ રૂપે પાછું તેના પર ન પડે તો ત્રણ હજાર વરસમાં બધું જ પાણી શોષાઈ જાય !

ઈટાલી અને તુર્કી વચ્ચે ચાલેલી ૧૫૬૩ની સાલની લડાઇ વેળા યુદ્ધના વર્ણનનું એક નાનું પત્ર દર વર્ષે પ્રકટ થતું અને 'ગેઝેટા' નામના અરધા આનાના ત્રાંબાના સિક્કાથી વેચાતું.તે પરથી સમાચારપત્રોનું નામ ગેઝેટ પડયું.

∞

સ્વિટ્ઝર્લૅંડ અને ફ્રાન્સ વચ્ચે વહેતી ર્‌હોન નદી દુનિયામાં સૌથી ઉતાવળી લેખાય છે. કેટલેક ઠેકાણે તો એનો વેગ કલાકના ૪૦ માઈલ જેટલો છે.

∞

ખરાબ હજામતથી ખીજાએલો ઘરાક: 'અરે, તારી પાસે બીજો અસ્ત્રો છે કે?'

'કેમ, શું કામ છે?'

'મારે બદલો વાળવો છે.'

∞

ઊંટની ચામડી ઘવાયા પછી તેને ઝટ રૂઝ નથી આવતી. આથી તેના મોટા ઘા ઉપર તો બીજાં ચામડાંનો ટુકડો સીવી લેવામાં આવે છે. આને લઇને ઘણાં ઘરડાં ઊંટનાં શરીરની ચામડી થીગડાંમય બની ગઇ હોય છે.

∞


આધુનિક જગતની સાત અજાયબીઓમાંની એક તે પીડારહિત શસ્ત્રક્રિયા છે. —કાન્તિલાલ ડા. કેશરૂવાળા



કુમારના ઘોડાની સંજ્ઞા રચતા અક્ષરોના સરનામાવાળું અમને યથાસમય મળેલું આ કવર દર્શાવે છે કે વાચકો અને ટપાલખાતું બંનેને તેની કદર છે.









ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

ડાબી બાજુ: ઉપર, 'શ્રગજીવીની સવાર'—ભાઈ એસ. જે. ગજ્જર (નડિયાદ), ત્રીજું ઈનામ; નીચે, 'વ્યથિત'—ભાઇ ઇન્દુકુમાર બી. વ્યાસ (અમદાવાદ), નોંધપાત્ર; જમણી બાજુ: ઉપર, 'ધરતીને છેડે'—ભાઈ ઠાકોરભાઈ પટેલ (નૈરોબી), બીજું ઈનામ; નીચે, 'નદીકિનારે'—ભાઈ હરીષ ટ્રેઝરર (સુરત), નોંધપાત્ર.



મતભેદ

ચિત્રકાર • સ્વ હરિવદન ભટ્ટ



રમણીય પ્રભાત

ફોટો · શ્રી ભોગીલાલ મિસ્ત્રી



કૈલાસનો માર્ગ

(ચિત્રકાર · મહર્ષિ નિકોલસ રોરીક)

આ ચિત્રનું રંગગર્જન ઓરજ છે. આગળના પહાડ પર સૂર્યનાં કિરણો પડવાથી તે મોટું સુવર્ણકમળ હોય તેવું જ ભાસે છે. એ વીંધીને જનારને પાછળ દેખાતા કૈલાસ શિખરનું સાન્નિધ્ય પ્રાપ્ત થાય છે. એ શિખરને સૌમ્ય સંધ્યાભર્યાં રંગોમાં રાખી કળાકારે વિરોધાભાસ ઊભો કર્યો છે. ચિત્રમાં કૈલાસ એક ખૂણે હોવા છતાં ચિત્રનું પ્રધાન લક્ષ્ય તે બને છે એ ચિત્રવિધાનની લાક્ષણિકતા છે, અને રોરીક જેવા જ એમ કરવામાં સફળતા મેળવી શકે.